પુત્ર અને પુત્રવધૂના ધર્મ.

લખનાર,

બહેચરલાલ નટવરજી ત્રિવેદી,

બી. એ., એલ્એલ્. બી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી–અમદાવાદ.

કીમત ત્રણ આના.

રા. રા. હરિલાલ અનુપરામ દેશાઇનો ઈનામી નિબંધ.

પુત્ર અને પુત્રવધૂના ધર્મ.

લખનાર,

બહેચરલાલ નટવરજી ત્રિવેદી,

બી. એ., એલ્‌એલ્‌. બી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાકયુલર સોસાઇટી–અમદાવાદ.

"**શ્રી સત્યનારાયણ**" પ્રિન્ટિંગ પ્રેસ–અમદાવાદ.

સંવત ૧૯૬૫. — સન ૧૯૦૯.

કીમત ત્રણ આના.

ઉપોદ્ઘાત.

મહુધાના રા. રા. હરિલાલ અનુપરામ દેશાઇએ "પુત્ર અને પુત્ર-વધૂના ધર્મ" વિષે એક ઇનામી નિબંધ લખાવવા સારૂ રૂ. ૫૦ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સોંપ્યા હતા. સોસાઇટીએ એ સંબંધી જાહેર ખબર છપાવી નિબંધો માગ્યા હતા. એ ઉપરથી આઠ નિબંધ લખાઈ આવ્યા હતા. તેમાંનો "सर्वं खल्विदं ब्रह्म" વાળી સંજ્ઞાનો નિબંધ ઇનામને લાયક ઠરતાં રા. રા. હરિલાલભાઈની સંમતિથી એ નિબંધના લેખક રા. રા. બહેચરલાલ નટવરજી ત્રિવેદી બી. એ., એલ્‌એલ્. બી. ને ઠરાવેલું રૂ. ૫૦) નું ઇનામ આપવામાં આવ્યું છે.

આ નિબંધ ગુ. વ. સોસાઇટી તરફથી છપાવવામાં આવ્યો છે. તેમાં દર્શાવેલા વિચાર લેખકના સ્વતંત્ર વિચાર હોવાથી તે સર્વ વિચારો સોસાઇટીને સર્વાંશે સંમત છે એમ સમજવાનું કારણ નથી.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની ઓફિસ.

અમદાવાદ, તા. ૨૪-૮-૦૯.

પ્રસ્તાવના.

ઇંગ્રેજી પ્રજાના સહવાસથી અને ઇંગ્રેજી વિદ્યાના અભ્યાસથી આપણા ઉપર ઘણી અસરો થઇ છે. તેમાં કેટલીક સારી થઇ છે અને કેટલીક માઠી પણ થઇ છે. એકપક્ષે, આપણામાં નવા વિચાર, નવો ઉત્સાહ, નવું ચેતન, કર્ત્તવ્યબુદ્ધિ, સ્વદેશાભિમાન આદિ સદ્ગુણો તેમને લીધે આવ્યા છે, તો અન્યપક્ષે, નૈતિકબળ (morae courage) તથા વિચારસ્વાતંત્ર્યના ખોટા ખ્યાલો, ધર્મ ઉપર અશ્રદ્ધા, શાસ્ત્રપ્રતિ અનાદર અને વડીલોપ્રતિ પૂજ્યબુદ્ધિનો અભાવ–એ પણ અસ્તિત્વમાં આવ્યાં છે. અલબત્ત, જ્યારે જ્યારે તદ્દન નવા વિચારો અસ્તિત્વમાં આવે ત્યારે ત્યારે તેમની અને જૂના વિચારોની વચ્ચે મોટું યુદ્ધ થાય તે સ્વાભાવિક છે; પરંતુ વિચાર-ભેદને લીધે હૃદયભેદ અને ધર્મચ્યુતિ થવા પામે એ તો સર્વદા અનિષ્ટજ છે. ઇંગ્રેજી વિદ્યાની ઘણી સારી અસરો છતાં આ વિચારભેદને લીધે આપણાં કુટુંબોમાં હૃદયભેદ અને ધર્મચ્યુતિ ઘણે સ્થળે થવા પામ્યાં છે. તેમનો પ્રતિકાર કરવાને, અને આધુનિક પુત્રોને તેમના વડીલો પ્રતિના ધર્મનું ભાન કરાવવાને કાંઇક પ્રયત્ન થવાની આવશ્યકતા હતી.

આ બાબતમાં મહુધાના શ્રીયુત હરિલાલ અનુપરામે "પુત્રનાં માતા-પિતા પ્રત્યેનાં કર્ત્તવ્ય અને ગૌણરૂપે પુત્રવધૂનાં સાસુ સસરા પ્રત્યેનાં કર્ત્તવ્ય" એ વિષય ઉપર શાસ્ત્રાધારે એક ઇનામી નિબંધ હરીફાઇથી લખાવવાની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને વિનંતિ કરેલી. તદનુસાર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ આજથી બે વર્ષ ઉપર આ અરસામાં બુદ્ધિપ્રકાશમાં એક નોટીસ પ્રકટ કરી હતી. તેના ઉપર મારા એક મિત્રે મારૂં ધ્યાન ખેંચ્યું કે તરતજ મને આ વિષય ઉપર નિબંધ લખવાની અંતરમાં પ્રેરણા થઈ.

આ વિષય ધર્મનો હોવાથી તે શાસ્ત્રાધારે લખવાની સૂચના કરવામાં આવી હતી તે યોગ્ય હતી. પરંતુ આધુનિક હેતુવાદના (rationalism) સમયમાં આપણા શાસ્ત્રીઓની માફક કેવળ શાસ્ત્રોનાં પ્રમાણો આપી સંતોષ માનવામાં આવે તો તેની ઇષ્ટ અસર થાય નહિ એ પણ સ્પષ્ટ છે. જ્યાં શાસ્ત્ર ઉપર શ્રદ્ધા છે ત્યાં આ રીતિ ચાલે; પરંતુ જ્યાં **મનુષ્યની બુદ્ધિ** એજ શ્રેષ્ઠ પ્રમાણ લેખાય, ત્યાં કેવળ શાસ્ત્રનાં પ્રમાણો આપવાથી ઇષ્ટ અસર ન થાય. આજ કારણને લીધે આપણા શાસ્ત્રીઓ આપણા શિક્ષિત યુવકો ઉપર અસર નથી કરી શક્યા. વળી, જ્યાં બુદ્ધિનો અમુક અંશે વિકાસ થયો હોય, ત્યાં બને તેટલી વસ્તુ બુદ્ધિગમ્ય કરવી એ પણ આવશ્યક છે; કારણ કે તે વિના સત્ય શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. મીસીસ બેસન્ટ આધુનિક યુવાનોની ધર્મ ઉપરની અનાસ્થાના સંબંધમાં બોલતાં કહે છે કે યુવાનો સમક્ષ યુક્તિપૂર્વક પ્રમાણો નહિ મૂકવાની આપણા વૃદ્ધોની પદ્ધતિજ આ બાબતમાં મુખ્યત્વે કરીને દોષપાત્ર છે. આમ હોવાથી, આ વાત પણ નિબંધ લખતાં મેં લક્ષમાં રાખી છે, અને શાસ્ત્રનાં પ્રમાણો આપ્યા ઉપરાંત મારી દલીલો બને તેટલી બુદ્ધિગમ્ય કરવાને યથાશક્તિ પ્રયત્ન કરેલો છે.

બીજું, મારા વિચાર પ્રમાણે કોઇ પણ વિષયની ઉપયોગિતા વધારવી હોય, તો તે [૧]સિદ્ધાન્તદૃષ્ટિથી તેમજ વ્યાવહારિક દૃષ્ટિથી લખાવો જોઇએ. જો કેવળ સિદ્ધાન્તદૃષ્ટિથી તે લખાય તો તે અમુક પ્રકારના બુદ્ધિમાન પુરુષોને સંતોષ આપશે પણ સામાન્ય લોકો ઉપર તેની અસર નહિ થાય. જો કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી તે લખાય તો કેટલીક સમયોચિત જરૂરની સૂચનાઓ તેમાં થઇ શકે એ વાત ખરી, પરંતુ તેથી વિષયનું સમગ્રદર્શન લોકોને ન કરાવાય અને વિષયના અંતર્ભાગમાં રહેલું રહસ્ય વાસ્તવિક રીતે લોકસમક્ષ ન મૂકાય. આ ઉપરથી પ્રતીત થશે કે ઉભય દૃષ્ટિથી નિબંધ લખવો આવશ્યક છે. પ્રથમ ભાગમાં યુક્તિથી અને પ્રમાણોથી સિદ્ધાન્ત સમર્થ કરવો અને દ્વિતીય

૧. From theoratical and practical standpoints.

ભાગમાં એ સિદ્ધાન્ત પરિસ્થિતિને અનુસરી હાલના સમયમાં કેટલો અને કેવી રીતે આચારમાં ઉતારાય એમ છે એ બતાવવું જોઇએ. ઉભય દૃષ્ટિથી આ નિબંધ લખવા મેં પ્રયત્ન કર્યો છે. કેટલે અંશે તે પ્રયત્ન સફળ થયો છે એની તુલના વાચકે કરવાની છે.

ઉપર જણાવેલી બે બાબતો લક્ષમાં રાખી મેં આ નિબંધના પ્રથમ વિભાગમાં દાખલા દલીલો અને પ્રમાણોથી પુત્રધર્મનું અસ્તિત્વ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે; કારણ કે, આરંભમાં પુત્રનાં માતાપિતા પ્રતિ કર્ત્તવ્યો છે એ વાત સિદ્ધ કર્યા વિના જુદા જુદા પુત્રધર્મ વર્ણવવા એ રેતી ઉપર ઇમારત બાંધવા જેવું છે. માટે, પ્રથમ પુત્રધર્મનું અસ્તિત્વ સ્થાપિત કરીને પછીથી મેં ક્રમે ક્રમે નવ પુત્રધર્મ વર્ણવ્યા છે, અને દરેક ઉપર યથાશક્તિ વિવેચન કર્યું છે. તેમાં કેટલાક ધર્મ માતાપિતાની હયાતીમાં પાળવાના છે, કેટલાક તેમની હયાતીમાં તેમજ મરણ પછી પાળવાના છે અને કેટલાક કેવળ તેમના મરણ પછી પાળવાના છે.

આ પ્રમાણે પુત્રધર્મ વર્ણવ્યા પછી આધુનિક પરિસ્થિતિમાં પ્રભુપ્રતિના ધર્મ, પત્નીપ્રતિના ધર્મ, સમાજપ્રતિના ધર્મ વગેરે અન્ય ધર્મોની સાથે પુત્રધર્મનું સંઘટ્ટન થાય, ત્યારે તે કેટલે અંશે અને ક્યાં સુધી પાળવો તે ઉપર વિવેચન કર્યું છે; અને તેમ કરતાં આધુનિક વ્યવહારના વિવિધ સંબંધોમાં પુત્રધર્મની મર્યાદા કાંઇક અંશે નિર્ણીત કરી છે.

અહીં વસ્તુતઃ પુત્રધર્મ સમાપ્ત થાય છે. પણ આ લેખનો ઉદ્દેશ મુખ્યતઃ શિક્ષિત પુત્રોને કર્ત્તવ્યનું ભાન કરાવવાનો હોવાથી આ સ્થળે આધુનિક પરિસ્થિતિને અનુસરી એક બે વિશિષ્ટ વાતો તેમને જણાવવી યોગ્ય ધારી છે.

પુત્રધર્મનું પ્રકરણ સમાપ્ત થયા પછી પુત્રવધૂના ધર્મનું પ્રકરણ શરૂ કર્યું છે. તેમાં પુત્રવધૂના ધર્મ ગૌણરૂપે વર્ણવ્યા છે. ઉપયોગિતા તેમજ વિચારની સ્પષ્ટતાના હેતુથી એ ભાગ જુદો લખવો મને યોગ્ય લાગ્યો

છે. વસ્તુતઃ પુત્રના ધર્મ તેજ પુત્રવધૂના ધર્મ છે. માત્ર સ્થિતિ અનુસાર કાંઇક ભેદ છે. તે બધું યથાશક્તિ જણાવ્યા પછી આધુનિક પુત્રવધૂઓને પણ એ વિશિષ્ટ બોધવચન કહી નિબંધ સમાપ્ત કર્યો છે.

આ પ્રમાણે નિબંધની રૂપરેખા છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ તેને છપાવવા યોગ્ય ધાર્યો છે તેથી તે પ્રકટ થયો છે. જો કોઈ પણ અંશે તેની ઇષ્ટ અસર થશે તો નિબંધ લખાવનાર શ્રીયુત હરિલાલ અનુપરામ, અને નિબંધ છપાવનાર ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, એ ઉભયની ઇચ્છા સાર્થક થશે, અને લખનારને પરમ સંતોષ થશે.

પુસ્તકમાં કોઇ કોઈ સ્થળે મુદ્રણદોષો જોવામાં આવે છે, તે સુધારીને વાંચવાની વાચકવર્ગને વિજ્ઞપ્તિ છે. કેટલાક મોટા દોષોની ટીપ શુદ્ધિપત્રમાં આપી છે.

મુંબઈ,
તા. ૫ મી ઑગસ્ટ સને ૧૯૦૯

બહેચરલાલ નટવરજી ત્રિવેદી.

અનુક્રમણિકા.

પૃષ્ટ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૮	લક્ષ્ય સ્થાનહક	લક્ષ્યસ્થાન હક
૨	૩	भुतयज्ञ	भूतयज्ञ
૪	૧૪	he	be
૪	૧૮	he angat	be aught
૪	૨૦	live	love
૬	૨૨	આવ્યો, ધૃતરાષ્ટ્ર....	આવ્યો, ત્યારે ધૃતરાષ્ટ્ર
૧૧	૨૪	વસ્તુના	વસ્તુતઃ
૧૨	૮	त्ववे	त्वेव
૧૫	૯	सुवरितैः	सुचरितैः
૧૬	૨૧	पुत्रे मित्रयदां चरेत्	पुत्रं मित्रवदाचरेत्
૩૮	૧૭	आदंध	आर्द्धं
૪૩	૧૫	संभूति तस्यांत	संभूतिं तस्य तां
૪૪	૧૫	पारभ्ये	पारभ्यं
૬૯	૨૧	તેમને	તમને
૮૦	૧૫–૧૬	શુદ્ધ અને ધર્મનું પવિત્ર... ...	શુદ્ધ અને પવિત્ર
૮૦	૧૬–૧૭	એ પાલન	એ ધર્મનું પાલન

પુત્ર અને પુત્રવધુના ધર્મ.

સર્વ ધર્મોમાં પુત્રધર્મનું સ્થાન.

આર્ય પ્રજામાં અને યુરોપિઅન પ્રજાઓમાં આચાર વિચાર, રહેણી કહેણી અને શાસ્ત્રસંસ્થાઓની જે ભિન્નતા દ્રષ્ટિએ પડે છે તે સર્વનું મૂળ શાંતિથી વિચારપૂર્વક તપાસીએ તો સ્પષ્ટ રીતે પ્રતીત થશે કે આપણા પૂર્વજોની ભાવના (Ideal) સમષ્ટિભાવના હોઇ તેમની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્યસ્થાન ધર્મ (Duty) હતું, ત્યારે પાશ્ચાત્ય પ્રજાઓની ભાવના વ્યક્તિભાવના હોઈ તેમની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્ય સ્થાનહક (Right) હતું. આ મૂળ અને મહાન્ ભેદને લીધે આપણાં જીવન એક દિશામાં વહ્યાં અને યુરોપિઅન પ્રજાનાં જીવન અન્ય દિશામાં વહ્યાં. વિદુષી બાઈ એની-બીસંટ પોતાના ‘ હિન્દુ ભાવનાઓ ’ (Hindu Ideals) નામના પુસ્તકમાં આ મહાન્ ભેદ ઉભય દેશનાં ઐતિહાસિક પ્રમાણ આપી સિદ્ધ કરે છે. ‘ ધર્મ ’ શબ્દની વ્યુત્પત્તિ–**धार्यते अनेन** એટલે જેથી ધારણ કરાય છે, ટકી શકાય છે એવી હોઇ, તે આ ભેદની સત્યતાની સાક્ષી પુરે છે; કારણ કે, ધર્મને લીધેજ આપણી પ્રજા પોતાના ઉપર હજારો વિઘ્નો અને સંકટો આવ્યા છતાં રોમ, ગ્રીક અને ઇજીપ્તાદિ પ્રજાઓની સમાન નષ્ટ નથી થઇ, પરંતુ હજી હયાત છે. ‘ધર્મ’ શબ્દ આર્યને અતિ પ્રિય છે, તે તેનું જીવન છે, તેનું ધન છે, તેનું સુખ છે, તેનું સર્વસ્વ છે. એ ધર્મના વારસાને માટે આપણે આપણા પૂર્વજોના અત્યંત ઋણી છીએ, અને તેને લીધેજ તેમના ઉપર અલૌકિક પૂજ્યભાવ આપણા હૃદયમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક મનુષ્યને આ જગતમાં દેહ ધારણ કર્યા પછી ભિન્ન ભિન્ન ધર્મો કરવાના છે. તે સર્વ ધર્મોને શાસ્ત્રકારો યજ્ઞદષ્ટિએ નિરીક્ષી પંચમહાયજ્ઞમાં

સમાવેશ કરે છે. ગૃહસ્થધર્મના વિભાગમાં મનુ મહારાજે આ પંચ-મહાયજ્ઞ નીચે પ્રમાણે નિર્દિષ્ટ કરેલા છે:—

१ ब्रह्मयज्ञ. २ देवयज्ञ. ३ पितृयज्ञ. ४ मनुष्ययज्ञ. ५ भुतयज्ञ.

હવે આપણે માતા પિતાનો મનુષ્યમાં સમાવેશ કરીએ તો મનુષ્યધર્મોના ચાર વિભાગ થઈ શકે. ૧ પ્રભુ પ્રતિના ધર્મ, ૨ દેવ પ્રતિના ધર્મ, ૩ મનુષ્ય પ્રતિના ધર્મ અને ૪ અન્ય પ્રાણી પ્રતિના ધર્મ. હવે, મનુષ્ય પ્રતિના ત્રણ વિભાગ છે. ૧ વડીલ વર્ગ (Superiors) પ્રતિના ધર્મ, ૨ સમાન વર્ગ (Equals) પ્રતિના ધર્મ અને ૩ કનિષ્ટ વર્ગ (Inferiors) પ્રતિના ધર્મ. તેજ પ્રમાણે વડીલ વર્ગ પ્રતિના ધર્મોના પણ ત્રણ મુખ્ય વિભાગ છે. માતા પિતા પ્રતિના ધર્મ, ૨ ગુરૂ પ્રતિના ધર્મ, ૩ વૃદ્ધજન પ્રતિના ધર્મ. આ છેવટના ત્રણ ધર્મો ઘણે અંશે સમાન હોવાથી મનુ મહારાજ બહુશઃ તેમને સાથે વર્ણવે છે. આ સર્વ ધર્મના વિભાગો નીચેના કોષ્ટક (Table) ઉપરથી એકદમ લક્ષમાં આવશે.

ધર્મો (Duties)

- પ્રભુ પ્રતિ.
- દેવ પ્રતિ.
- મનુષ્યપ્રતિ.
  - વડીલ વર્ગ પ્રતિ.
    - માતા પિતા પ્રતિ.
    - ગુરૂ પ્રતિ.
    - વૃદ્ધજન પ્રતિ.
  - સમાન વર્ગ પ્રતિ.
  - કનિષ્ટ વર્ગ પ્રતિ.
- અન્ય પ્રાણી પ્રતિ.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે કે **મનુષ્ય પ્રતિના ધર્મોમાં માતા પિતા પ્રતિના ધર્મો અગ્રસ્થાને વિરાજે છે.** શાસ્ત્રમાં માતા પિતાને દેવ સમાન ગણેલાં છે. તૈત્તરીય ઉપનિષદ્‌માં સનાતન ધર્મોનું નિદર્શન કરતી

વખતે માતા પિતા, આચાર્ય અને અતિથિને દેવ સમાન ગણવાનાં કહ્યાં છે; તેમાં પણ માતા પિતાનું સ્થાન પ્રથમ છે. તેમાં કહ્યું છે કે:—

मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव ॥

મનુ મહારાજ પણ માતા પિતા અને ગુરૂનું ગૌરવ કરતાં કહે છે કે:—

त एव हि त्रयो लोकास्तएव त्रय आश्रमाः ।
त एव हि त्रयो वेदा स्तएवोक्ता स्त्रयोग्नयः ॥

અર્થ:—તેજ ત્રણ લોક છે, તેજ ત્રણ આશ્રમ છે, તેજ ત્રણ વેદ છે અને તેજ ત્રણ અગ્નિ કહેવાય છે.

વળી અન્ય સ્થળે કહે છે કે:—

वसून् वदन्ति वै पितृन् रुद्रांश्चैव पितामहान्
प्रपितामहांश्चा दित्यान् श्रुतिरेषा सनातनी॥

અર્થ:—પિતાને વસુ કહ્યા છે, પિતામહને રૂદ્ર કહ્યા છે, પ્રપિતામહને આદિત્ય કહ્યા છે. આ પ્રમાણે સનાતન શ્રુતિ છે.

આ પ્રમાણોથી સિદ્ધ થશે કે શાસ્ત્રમાં માતા પિતાની ગણના દેવ સમાન કરેલી છે અને તેથી મનુષ્યપ્રતિના ધર્મોમાં આપણે પુત્રધર્મને પ્રથમ સ્થાન આપ્યું છે તે યથાર્થ છે.

पुत्रधर्मना आधार.

આ પ્રમાણે પ્રત્યેક ધર્મ (Religion) અને પ્રત્યેક શાસ્ત્ર માત પિતાનું ગૌરવ કરે છે, અને તેમના પ્રતિના ધર્મ વર્ણવે છે. જે મનુષ્યોને શાસ્ત્ર ઉપર આસ્થા છે તેઓને અન્ય પ્રમાણની આવશ્યકતા નથી. પરંતુ હેતુવાદ-(Rationalism) ના આધુનિક સમયમાં, કેવળ અંધશ્રદ્ધા ચાલી શકે એમ નથી. શાસ્ત્રમાં પણ સર્વને માટે અંધશ્રદ્ધા રાખવાનું કહ્યું નથી,

પણ જ્ઞાન સહિત શ્રદ્ધા સેવવાનું પ્રબોધેલું છે. માટે આપણી બુદ્ધિની પરિમિતતા લક્ષમાં રાખી શાસ્ત્રના સિદ્ધાંતોને કેવળ અંધશ્રદ્ધાથી ન માનતાં, તેમને યુક્તિપૂર્વક અને વિચારપૂર્વક સમજવા અને બુદ્ધિના ચોકઠામાં ઉતારવા પ્રયત્ન કરવો એ શિક્ષિત પુરુષનું કર્તવ્ય છે. આમ હોવાથી પ્રશ્ન એ ઉદ્ભવશે કે માત પિતાનું ગૌરવ પ્રત્યેક ધર્મશાસ્ત્ર કરે છે, અને તેમના પ્રતિનાં કર્તવ્યો વર્ણવે છે, એ વાત તો ખરી; પણ તેનું કારણ શું ? કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, તો શા કારણથી માતા પિતા પ્રતિના ધર્મો અસ્તિત્વમાં આવે છે ? પ્રત્યેક વસ્તુને આધાર હોય છે તો શા આધાર (basis) ઉપર પુત્રના ધર્મો રચાયા છે ? આ પ્રશ્ન ઉપર વિચાર કરતાં સહજ પ્રતીત થાય એમ છે કે મનુષ્યની ઉત્તમ, મધ્ય અને કનિષ્ઠ સ્થિતિ અનુસાર પુત્રધર્મના ત્રણ આધાર છે.

૧. માતા પિતાનો અલૌકિક પ્રેમ.

" A Mother's love !
" If there he anything pure
" Where all beside is sullied ;
" That can endure
" When all else pass away
" If there he angat
" Surpassing human deed or word or thought
" It is a Mother's live. "

અર્થ—" માનો પ્રેમ !

(આ પૃથ્વી ઉપર કે) જ્યાં સર્વ વસ્તુઓ મલિન છે, ત્યાં એક પણ નિર્મળ વસ્તુ હોય; કે જેનામાં જ્યારે બધી વસ્તુઓ નાશવંત છે ત્યારે (સ્વતઃ) ટકી રહેવાની શક્તિ છે–જો એવી કોઇ પણ ચીજ હોય કે જે મનુષ્યના વિચાર, વાણી અને કર્મથી ઉત્કૃષ્ટ છે–તો તે માતાનો પ્રેમ છે. "

માતા પિતાના પ્રેમની ઉપમા આપવાને આ જગતમાં અન્ય કોઈ પણ વસ્તુ શોધી જડતી નથી. એ પ્રેમ કેવળ મનુષ્યમાં જ છે એમ કાંઇ નથી, પરંતુ પ્રાણીમાત્રમાં છે, આ વિષય ઉપર તો બે મત થઇ શકે જ નહિ. જેઓને માતા પિતાના પ્રેમની શંકા હોય તેઓ મનુષ્યકોટિમાં ગણાવાને પાત્ર નથી; કારણ, માતા પિતાનો પ્રેમ સ્વતઃ સિદ્ધ છે. મારું નમ્ર મત એવું છે કે **તે પ્રેમ કુદરતી છે એટલુંજ નહિ પરંતુ ઈશ્વરી છે.** આળસના ઢગલા–એવી માતાઓ પોતાનાં બાળકને ઉછેરવામાં કેવી ઉદ્યોગી બને છે? નઠારી વસ્તુની જેને સુગ આવે, શ્યામ વર્ણનાં મનુષ્યપ્રતિ અભાવ હોય એવી માતાઓ, પોતાનાં કોયલા જેવાં કાળાં અને રોગથી પીડાતાં, કોઇ હાથમાં લે નહિ એવાં છોકરાંને કેમ રમાડી શકે છે? અને તેમને જોઈ કેમ હર્ષિત થાય છે? એક હબસી ચાકરને તેના રાજાએ હુકમ કર્યો કે જા, ગામમાં જઇને એક અતિ સુંદર છોકરો લઇ આવ. તે હબસી આખું ગામ ફર્યો, બહુએ શોધ કરી પરંતુ તેને એવો છોકરો જડયો નહિ. પછી ઘેર આવીને તેણે પોતાની સ્ત્રીને તે સંબંધી વાત કહી, ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે તમે અમથા મુંઝાઓ છો. આપણો છોકરો છે જ તો, તેને તમે કેમ વિસરી ગયા? હબસીના ધ્યાનમાં ચટ વાત ઉતરી અને રાજા પાસે પોતાના જ પુત્રને લઈ ગયો; કારણ એના જેવો બીજો રૂપાળો છોકરો તેને શોધ્યો જડયો નહિ. એટલું જ નહિ પરંતુ સ્વાર્થી માતા પિતાઓનો સ્વાર્થ પોતાનાં છોકરાંના સંબંધમાં જતો રહે છે. સારૂં સારૂં ખાવાની ટેવ હોય, નઠારૂં ભાવે નહિ, પણ છોકરાંને માટે માતાઓ ખુશીથી કરી પાળશે. એકલાં ખાવાનો સ્વભાવ હોય પરંતુ છોકરાંને મુકીને ખાશે નહિ. ભીખારીઓ ભીખ માગવા આવે છે; ત્રણ ત્રણ દિવસના અપવાસી જીવ હોય પણ કડકો રોટલો કોઇએ આપ્યો હોય તો તરતજ પોતાનાં છોકરાંને વહેંચી આપતાં તો ઘણાઓએ જોયાં હશે. કૃપણ આબાપો પણ પોતાનાં છોકરાં પ્રતિ અતિ ઉદાર થાય છે. બીજી બાબતમાં તેમના હાથથી દમડી છૂટે નહિ, ધર્માદામાં પાઇ તો શેની ખરચે?–પણ

પોતાનાં છોકરાંને સારાં વસ્ત્ર પહેરાવશે, તેમને સારૂં સારૂં ખાવાનું આણી આપશે, એટલું જ નહિ પરંતુ પોતાનું સંચિત કરેલું દ્રવ્ય પણ તેમનેજ મળે એવી વ્યવસ્થા કરશે. અંદરથી બળેલી માતાઓ હશે, આનંદને અને તેમને જન્મથી વૈરભાવ હશે તેઓની આંખોમાં પણ પુત્રમુખના દર્શનથી અલૌકિક આનંદ છવાઈ રહે છે. પુત્રને જોઇને માતા પિતાના હૃદયમાં જે આનંદ થાય છે તે પુત્ર વગરના મનુષ્યોથી સમજી શકાય તેમ નથી. આશા વિનાનાં માબાપોનાં જીવન પણ પુત્રથી આશાવાળાં થાય છે. નિર્દય માતા પિતાનાં અંતઃકરણ પણ પુત્રના સંબંધમાં દયાવાળાં થાય છે. એક ક્રૂરમાં ક્રૂર કસાઇ હશે પરંતુ તેના પુત્રને વ્યાધિથી પીડિત દેખીને તેનું પાષાણ હૃદય દ્રવશે અને કદાચિત પુત્ર મરણ પામ્યો તો તેજ હૃદય ભેદાશે. પુત્ર કુપુત્ર હશે તોપણ માતા પિતા તેના ઉપરની પ્રીતિ કહાડીને અન્યના સુપુત્ર ઉપર નહિ કરે. પ્રથમ તો પુત્ર કુપુત્ર છે તે તેમના મનમાં વસશે જ નહિ, અને વસ્યું તો તરત જ ક્ષમા કરશે; પણ તે ઉપરથી પ્રીતિ તો દૂર નહિ જ કરે. દુર્યોધનનો જન્મ અતિ અનિષ્ટ પ્રસંગોમાં થયો હતો. કુદરત તે સમયે વિલાપ કરતી હતી. શિયાળ, ગીધ અને અન્ય ક્ષુદ્ર પશુઓ વિકાળ ચીસો પાડતાં હતાં. ડાહ્યા વિદુરે ધૃતરાષ્ટ્રને કહ્યું કે આ પુત્ર કુળનું નિકંદન કરનારો નિવડશે, માટે તું એને આજથી તજી દે. પરંતુ જ્ઞાની છતાં ધૃતરાષ્ટ્રના હૃદયમાં આ વિચાર પ્રવેશી ન શક્યો. એટલુ જ નહિ પણ કુરૂક્ષેત્રમાં યુદ્ધ સમાપ્ત થયા પછી જ્યારે શ્રી કૃષ્ણની સાથે પાંડવો ધૃતરાષ્ટ્રને અભિવંદન કરવા ગયા, તે સમયે યુધિષ્ટિર અને અર્જુનને આલિંગન દીધા પછી જ્યારે ભીમનો વારો આવ્યો, ધૃતરાષ્ટ્ર જો કે જાણતા હતા કે મારા પુત્રે પાંડવોને પાર વિનાનાં દુઃખો દીધાં છે અને અંતે તે પોતાના જ પાપકર્મથી હણાયો છે, તો પણ દુર્યોધનને મારનાર ભીમને બાથમાં કચડી નાંખવાનો તેમનો ઈરાદો થયો, પરંતુ શ્રી કૃષ્ણ પરમાત્માએ તેમની અને ભીમની વચ્ચે લોખંડની ભીમની પ્રતિમા મુકી દીધાથી તેમને પોતાને જ વાગ્યું. માબાપનો કુપુત્ર પ્રતિનો

પ્રેમ પણ એવો છે, તો પુત્ર સુજ્ઞ, વિવેકી, સદ્‌ગુણી અને વિદ્વાન્ નિવડે તો માબાપના હર્ષનો અને અભિમાનનો પાર જ રહે નહિ, એમાં શું આશ્ચર્ય? માતા પિતાના પ્રેમના આદર્શરૂપ બે દૃષ્ટાંતો ન્યુરોયલ રીડર નંબર ત્રણમાં આપેલાં છે, તે સામાન્ય માબાપોના હોઈ ઉત્કૃષ્ટ છે, અને તેજ કારણથી તેમને અત્ર દર્શાવવા યોગ્ય ધાર્યું છે. એક ગાડી હાંકનાર મનુષ્ય એક સમયે રસ્તામાંથી ગાડી હાંકતો હતો. તે વખતે શું થયું તે કોણ જાણે, પણ એકાએક તેનો ઘોડો ચમક્યો અને અનિયમિતપણે દોડવા લાગ્યો, અને ગાડી કોણ જાણે ક્યાં ઘસડીને નાંખશે તેનો સુમાર રહ્યો નહિ. હાંકનારે ઘણીએ જોરથી લગામ ખેંચી પણ ઘોડો કેમે કર્યો રહ્યો નહિ. પછી તે લગામ પોતાના કાંડાની આસપાસ વીંટાળીને તેણે ખૂબ જોરથી ખેંચ્યાં કરી પણ ઘોડો કાબુમાં આવ્યો નહિ. રસ્તામાંના લોકો બૂમ માર્યા કરતા હતા કે લગામ છોડી દે પણ પેલો માને નહિ. છેવટે તેણે તે લગામ કમરે વીંટાળી અને સર્વ રીતે ખૂબ જોર અજમાવ્યું—તે એટલે સુધી કે તેના નાક અને મુખમાંથી લોહી નીકળવા લાગ્યું, અને અંતે મહા પરિશ્રમે ઘોડો કાબુમાં આવ્યો. લોકોએ તેને ઠપકો આપ્યો અને કહ્યું અલ્યા મૂર્ખ, તારા પ્રાણ કરતાં આ ઘોડાગાડીની કીમત તું વિશેષ ગણે છે? તે હાંકનારે કહ્યું ના, એમ નહિ. આ ગાડીમાં જુઓ, મારો એકનો એક છોકરો બેઠેલો છે. એને કાંઇ વિપરીત થાય તો એની માને હું શું મ્હોં બતાવું? આ વાત ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે પુત્રના રક્ષણાર્થે, માતા પિતા પોતાના પ્રાણની પણ દરકાર કરતાં નથી. બાબર અને હુમાયુનું દૃષ્ટાંત ઇતિહાસના સર્વ વાચકોને વિદિત હશે જ. તેના જેવી જ કરુણરસમય એક માતાની વાર્તા છે. તે એ કે, એક સમયે મધ્ય રાત્રીએ એક ભીખારણ ઘોર અંધકારમાં પોતાના બાળકને હાથમાં લઇને પર્વતના એક વિકટ માર્ગ ઉપરથી જતી હતી. એકાએક ઉગ્ર મહાવાત છૂટયો અને તેના બળે હિમના ઢગલા પર્વતની ટોચ ઉપરથી ધસી આવવા લાગ્યા. થંડી તો અસહ્ય હતી અને

વિશેષમાં પવનનું જોર અત્યંત વધ્યું. તે માતા મનમાં ઘણી મુંઝાઈ. તેને પોતાના બાળકને માટે અતિ ચિન્તા થઈ. તે રડતી રડતી પ્રભુની પ્રાર્થના કરતી હતી કે હે પ્રભો! જો મારૂં મૃત્યુ તેં નિર્મિત કર્યું હોય તો ભલે, પણ આ મારા બાળકને તો બચાવજે. એમ બોલતાં બોલતાં તેણે પોતાની છાતી ઉપરનું વસ્ત્ર એકદમ કાઢયું અને તેમાં કાળજી પૂર્વક બાળકને લપેટી એક સ્થળે મુકયું, અને પોતે હિમ અને મહાવાતની તીવ્ર વેદના સહેતી સહેતી–પોતાના બાળકને માટે પ્રભુની પ્રાર્થના કરતી કરતી ઠરી ગઈ–મૃત્યુને આધિન થઈ. સવારમાં એ રસ્તેથી એક પ્રવાસી જતો હતો તેણે એક કપડામાં વીંટાળેલી વસ્તુ દૂરથી જોઈ તેથી સમીપ ગયો તો તે બાળકને દીઠું, તેથી તેને ઉપાડીને તે ચાલતો થયો. આ દૃષ્ટાંતો ઉપરથી પ્રતિત થશે કે માતા પિતા જે પોતાનાં છોકરાંને માટે અસહ્ય દુઃખો સહે છે, અને તેમના ઉપર અનંત ઉપકારો કરે છે, તે કાંઈ બદલાના હેતુથી કરતાં નથી; પરંતુ, તેમનામાં રહેલા, ઇશ્વરે મુકેલા પ્રેમને લીધે કરે છે.

ઉપર જે દૃષ્ટાંતો આપ્યાં છે તેથી વિરૂદ્ધ દૃષ્ટાંતો આ જગતમાં નથી બનતાં એમ સૂચવવાનો અત્રે જરાયે હેતુ નથી; પરંતુ કહેવાનું એ છે કે એ વિરૂદ્ધ દૃષ્ટાંતો અપવાદ રૂપે છે અને સામાન્ય સ્થિતિ ઉપર વર્ણવ્યા પ્રમાણે છે. સંક્ષેપમાં ત્યારે, જે પ્રેમને લીધે સ્વાર્થી માબાપો સ્વાર્થહીન થાય; આળસુ માબાપો આળસહીન થાય; કૃપણ માબાપો ઉદાર થાય; નિર્દય માબાપો દયાવાન થાય; આશા રહિત માબાપો આશાવાળાં થાય; શોકાતુર માબાપો આનંદિત થાય: સંક્ષેપમાં જે પ્રેમને લીધે અશિક્ષિત માબાપોના જીવનમાં પણ એકાએક આવો ચમત્કારિક ફેરફાર થઈ જાય, તે પ્રેમ શું પાર્થિવ હોઇ શકે? ના, ના. માટે માતપિતાનો પ્રેમ ઈશ્વરી છે; તે પાર્થિવ પદાર્થોની સમાન નશ્વર નથી. તેજ પ્રેમ ઘાસના એક કંગાલ ઝુંપડાને અને ઈંટો માટીના એક સામાન્ય ઘરને સ્વર્ગભવન બનાવે છે; તે પ્રેમ પ્રભુના આપણી ઉપરના પ્રેમની કાંઈક ઝાંખી કરાવે છે, અને તેજ અલૌકિક પ્રેમમાં

પુત્ર ધર્મની પ્રભુની આજ્ઞાઓ ગર્ભિત રહેલી છે—અર્થાત્ તે પ્રેમને લીધેજ પુત્રધર્મ અસ્તિત્વમાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો માતપિતાનો પ્રેમ તે પુત્રધર્મનો આધાર (Basis) છે.

૨. માતા પિતાના ઉપકાર.

પુત્રધર્મનો બીજો આધાર માતપિતાના ઉપકારો છે. આપણા હૃદયમાં એક એવી લાગણી છે, કે કોઈ પણ માણસે આપણને જરા જેટલો ગુણ કર્યો હોય, તોપણ તેનો ઉપકાર માનવો અને સમય આવ્યે તેનો બદલો વાળવા ચૂકવું નહિ. આ કુદરતી લાગણી અન્ય ગુણોની સમાન કેળવાયાથી વૃદ્ધિંગત થાય છે, અને તેના પ્રતિ અનાદર કરવાથી નષ્ટ થાય છે. આપણા શાસ્ત્રોમાં શંખનાદ કરી વારંવાર કહેલું છે કે આપણને અન્ય તરફથી કોઈ પણ પ્રકારનું સુખ અથવા લાભ પ્રાપ્ત થાય તો,–તે મનુષ્ય હો કે પ્રાણી હો પણ–તેના આપણે ઋણી થઇએ છીએ. અન્યના ઉપકાર સ્વીકારવા અને તેમને ઋણ સમાન લેખી જેમ બને તેમ સત્વર વાળવા–એ ભાવના આર્યધર્મનાં અને આર્યપ્રજાનાં ઉત્તમ લક્ષણો પૈકી એક છે. આપણાં શાસ્ત્રો કહે છે કે ઋણી અવસ્થામાં મનુષ્ય મરણ પામે તો તે નરકમાં પડે છે. આર્ય પ્રજાની આ ઉત્કૃષ્ટ ભાવના આંગ્લ પ્રજાની સમાન,'Thank you very much' 'આપનો અત્યંત આભાર માનું છું' એ શબ્દોમાંજ પર્યવસિત થતી નથી; પરંતુ તે કૃતિમાં મુકાયલીનાં ઘણાં ઉદાહરણો ઇતિહાસ પુરાણોમાંથી મળે છે. જે મનુષ્યમાં આ આભારવૃત્તિ નથી તે મનુષ્યરૂપમાં અધમાધમ પશુ છે; કારણ કે શ્વાન અશ્વાદિ પશુઓ પણ ઉપકારને સમજે છે અને પોતાની કૃતજ્ઞતા સહસ્ત્ર રીતે દર્શાવે છે.

હવે, જ્યારે કોઇએ આપણા ઉપર અલ્પ ઉપકાર કર્યો હોય ત્યારે તેના પ્રતિ આપણી વૃત્તિ અને વર્તન ઉપર જણાવ્યા પ્રમાણે હોવાં જોઇએ, તો આપણાં માતા પિતા કે જેમણે આપણા ઉપર કાંઈ પણ બદલાની આશા રાખ્યા સિવાય કેવળ નિઃસ્વાર્થ બુદ્ધિથી અસંખ્ય ઉપકારો કર્યા છે,

તેમનાં તરફ આપણી કેવી વૃત્તિ હોવી જોઇએ? બાળક જ્યારથી જન્મે છે ત્યારથી તેના ઉપર થતા માબાપના ઉપકારો એટલા અસંખ્ય છે કે, કેવળ ધનાદિ પાર્થિવ પદાર્થથી તેની કીમત થઈ શકે તેમ નથી. સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં સુધારક ઉદ્ધતલાલ ભલે તે ઉપકારોની કીમત સાત હજાર રૂપિયામાં આંકે, પરંતુ વાસ્તવિક રીતે જે ઇશ્વિરી પ્રેમથી પ્રેર્યા તેઓ આપણા ઉપર અનંત ઉપકારો કરે છે, તેવાજ પ્રેમથી પ્રેરાઈ તેમના પ્રતિના આપણા ધર્મો આપણા જીવન પર્યંત બજાવીએ તોપણ તેમના ઉપકારનો બદલો યત્કિંચિત્ પણ વળાતો નથી. મનુ મહારાજ કહે છે કેઃ-

यं माता पितरौ क्लेशं सहेते संभवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि ॥

અર્થઃ-બાળકોને જન્મ આપીને ઉછેરવામાં જે દુઃખ માતા પિતા સહન કરે છે, તે દુઃખનો બદલો સેંકડો વર્ષે (તેમની સેવા કર્યાથી) પણ વળી શકે તેમ નથી.

માતા પિતાના ઉપકારનું વર્ણન સાહિત્યવાળી કોઈ પણ ભાષામાં ન હોય એવું ક્વચિત જ હશે. ગુજરાતીમાં, 'મહા હેતવાળી દયાળી જ મા તું, સુકામાં સુવાડે ભીને પોઢી પોતે' ઇત્યાદિ માતા વિષયે, અને 'ભલા કેમ આભાર ભુલુ હું પિતાજી' ઇત્યાદિ પિતા વિષયે કવિ શ્રી દલપતરામની કવિતાઓ સુપ્રસિદ્ધ છે. મરાઠીમાં પણ માતાના ઉપકાર દર્શાવનારી '**थोर तुझें उपकार, आइ थोर तुझें उपकार**' (બહુ તારા ઉપકાર, માતા બહુ તારા ઉપકાર) વાળી એક સુંદર કવિતા છે. તે ઉપરાંત આજ વિષય ઉપર અન્ય ભાષાઓમાં ગદ્ય અને પદ્યમાં લખાયલું ઘણું સાહિત્ય છે; તે સઘળું અત્રે દર્શાવવાનું પ્રયોજન નથી. કહેવાનું માત્ર એટલું જ છે કે અજ્ઞાન માતાઓના તેમના બાળક પ્રતિ આટલા બધા ઉપકારો છે તો જેમને સદ્‌ભાગ્યથી જ્ઞાની માતા મળી હોય તેમની માતાઓના ઉપકારની તો પરિસીમા જ નથી એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

મૂળમાં માતાનો પ્રેમ ઉત્કૃષ્ટ છે અને તેમાં જો જ્ઞાન મળ્યું તો પછી કોઈ વાતની ન્યૂનતા રહે નહિ. પૃથ્વી પલકમાં સ્વર્ગ સમાન થઇ જાય, અને કલિયુગ જતો રહી સત્યયુગ પ્રવર્તે. જ્ઞાની માતાઓના ઉપકાર સંબંધી તેમના જ્ઞાની અને નામાંકિત પુત્રોએ વિવિધ રીતિએ ઉદ્ગાર કહાડેલા છે. અમેરિકાનો એક મુત્સદ્દી જૉન રેન્ડોલ્ફ કહે છે કે, "મારી સ્વર્ગસ્થ માતા (મારી બાલ્યાવસ્થામાં) મારા નાનકડા હાથ પોતાના હાથમાં લઇને મને ઘુંટણુ ઉપર બેસાડી મ્હારી પાસે વારંવાર કહેવરાવતી કે 'હે, મારા સ્વર્ગમાં વસનારા (મહાન્) પિતા !'— તે સમયના સ્મરણથીજ માત્ર હું નાસ્તિક થતો અટકયો છું." સેમ્યુઅલ જૉનસન પોતાની માતાના સંબંધમાં કહે છે કે, "તેણે મારામાં ધર્મના પ્રાથમિક સંસ્કારો સ્પષ્ટ રીતે મુદ્રિત કર્યા હતા." પિતાના ઉપકારને માટે માર્કસ ઓરેલિઅસ, રોમનો તત્વજ્ઞ રાજા, પોતાના પુસ્તકમાં એટલા વિસ્તારથી લખે છે કે તે વાંચતાં પ્રત્યેક જણને, હું પિતા હોઉં તો મારે પુત્રના પ્રતિ આમ કરવું જોઇએ એમ થયા વિના રહેતું નથી. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે કે માતા-પિતા શિક્ષિત હો કે અશિક્ષિત હો, પરંતુ તેમના બાળક પ્રતિ નિઃસ્વાર્થ-બુદ્ધિથી કરાયલા ઉપકારો અસંખ્ય છે અને તે ઉપકારોનું ઋણ યથાશક્તિ વાળવું એ પુત્રનું મહાન્ કર્તવ્ય છે.

૩. માતાપિતા પ્રતિના ધર્મ પાળવાથી થતા લાભ.

પુત્રધર્મનું ત્રીજું કારણ પુત્રધર્મ બજાવ્યાથી થતા લાભ એ છે. ફળને હેતુ બનાવી ધર્મ કરવો એ આપણા શાસ્ત્રોમાં સર્વ સ્થળે કનિષ્ટ ગણાયલું છે. ફળના અનાસંગથી કર્તવ્યકર્મ કરવું તે ઉત્કૃષ્ટ છે. પરંતુ જ્યાં સમૂળગું એ ધર્માચરણ ન થતું હોય, તો તેના કરતાં પરિણામ લક્ષમાં રાખીને એટલે સ્વાર્થબુદ્ધિથી પણ ધર્મકૃત્ય થાય તે વિશેષ સારૂં છે. વસ્તુતઃ ધર્મકાર્યમાં આવી વૈશ્યવૃત્તિ ન હોવી જોઈએ, પરંતુ 'ન મામા કરતાં કહેણા મામા સારા.' જે પુત્રો ઉત્તમ પ્રકારની સેવા કરીને માતા

પિતાની આંતરડી ઠારે છે, તેઓ સર્વ પ્રકારે સુખી થાય છે અને તેમને ત્યાં સુખ સંપત્તિ ચિરકાળ રહે છે, એ નિર્વિવાદ છે. માતા પિતાના હૃદયના ઊંડા ભાગમાંથી નીકળતા આશીર્વાદનું એ સર્વ ફળ છે. જુઓ, શ્રવણને માતા પિતાની સેવા કર્યાને લીધે સત્તાવીસ નક્ષત્રમાં સ્થાન મળ્યું; અને ભીષ્મપિતાને એમના પિતા તરફથી એવું વરદાન મળ્યું કે તુ અજીત થશે અને મૃત્યુ તને સ્વાધિન થશે. મનુ મહારાજ કહે છે કેઃ—

इमं लोकं मातृभक्त्या पितृभक्त्या तु मध्यमम् ।
गुरुशु श्रूषया त्वेवं ब्रह्मलोकं समश्नुते ॥

અર્થ—માતૃભક્તિથી આ લોક પ્રાપ્ત થાય છે, પિતૃભક્તિથી મધ્યમ લોક પ્રાપ્ત થાય છે (અને) ગુરૂસેવાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે. વળી કહે છે,

अभिवादनशीलस्य नित्यं वृध्धोपसेविनः
चत्वारि तस्य वर्धन्ते आयु र्विद्या यशो बलम् ॥

અર્થ—જે પુરૂષ નિત્ય વૃદ્ધને પ્રણામ કરે છે, અને તેમની સેવા કરે છે, તે પુરૂષનાં આયુષ્ય, વિદ્યા, યશ અને બળ એ ચાર વાનાં વૃદ્ધિને પામે છે.

આ પ્રમાણે શાસ્ત્રનાં પ્રમાણો અને ઐતિહાસિક દ્રષ્ટાંતો, માતાપિતા પ્રતિના ધર્મ બજાવ્યાથી થતા અમૂલ્ય લાભ સિદ્ધ કરે છે. હવે આપણે આજ વિષયને અન્ય દ્રષ્ટિબિંદુથી નિરીક્ષિયે. માતાપિતા પ્રતિનાં કર્તવ્યો બજાવ્યાનો બીજો મહાન્ લાભ એ છે કે તેથી જે સમાજના આપણે અંગ છીએ તેના પ્રતિના ધર્મ બજાવવાને આપણે અધિક યોગ્ય થઇએ છીએ. સર્વને આ તો સંમત હોવું જોઇએ કે ગૃહ એ પ્રાથમિક શાળા છે. જેમ દાન(Charity)નો પ્રારંભ ગૃહમાંજ થાય છે, તેમ અન્ય સદ્ગુણોનાં બીજ પણ ગૃહમાંજ વવાય છે, અને પ્રથમાવસ્થામાં તેમને યોગ્ય પોષણ મળવાને ગૃહ જેવું અન્ય ઉત્તમ સ્થાન નથી. 'Plain Living and High thinking' (ઢૂળ જીવન અને ઉચ્ચ વિચાર) નામના પુસ્તકમાં એક સ્થળે લખ્યું છે કેસ

"જે મનુષ્યને આત્મશિક્ષણ લેવું હોય, તેણે ગૃહથીજ પ્રારંભ કરવો. તેણે પુત્ર અને ભ્રાતા તરીકે શરૂઆત કરવી જોઇએ. તે સ્થિતિમાં તેણે આત્મનિગ્રહ, નમ્રતા, સત્યતા અને નિર્મળ પ્રમાણિકતાનું સેવન કરવું જોઇએ. તેમ કર્યાથી તે (સદ્‌ગુણો) તેને જીવનના યુદ્ધમાં ઉત્તમ આયુધ અને કવચ રૂપે થઇ પડશે." વળી તેજ લેખક અન્ય સ્થળે કહે છે કે, "જગતના ખરબચડા અરણ્યમાં નિરાશ્રિત અવસ્થામાં પ્રવાસ કરતા મનુષ્યને ગૃહના મધુર સંસ્કારો અદ્રશ્ય દેવદૂતો સમાન સાથીની ગરજ સારે છે; (તેજ મધુર સંસ્કારો) ઠોકર ન ખાય એવી રીતે તેમના પગ સુદ્રઢ કરે છે, આશામય ગીત તેમના કર્ણમાં રેડે છે, અને ઉપરના આકાશને આનંદમય પ્રકાશથી પ્રદીપ્ત કરે છે." સ્માઇલ્સ કહે છે કે, 'કુદરતનો ક્રમ એવો છે કે ગૃહજીવન સામાજીક જીવનની યોગ્યતા આણનારૂં હોવું જોઇએ, બર્ક પણ કહે છે કે, 'સમાજમાં જે નાની સેના (કુટુંબ) પૈકી આપણે એક છીએ, તેમના ઉપર પ્રેમ રાખવો એ સર્વ પ્રકારના સામાજીક પ્રેમનું બીજક છે. આ ઉપરથી સિદ્ધ થશે કે મોટપણમાં આપણે દેશપ્રતિનાં કર્તવ્યો કરીને જે માતૃભૂમિનું ઋણ વાળવાનું છે, અને તેમ કરવામાં જે નિઃસ્વાર્થતા, ઉદારતા, ઐકતા, પ્રેમ, સમાધાનશીલ પ્રકૃતિ, આદિ મહાન્ ગુણોની આવશ્યકતા છે, તે સર્વ ગુણો ગૃહમાં માતા પિતા પ્રતિ, તથા ભાઈ બહેન પ્રતિ આપણી નાની નાની ફરજો બજાવવાથી સંપાદન કરાય છે.

આ પ્રમાણે આપણે ત્રણ વિવિધ દૃષ્ટિએ પુત્રધર્મ સિદ્ધ કર્યો. હવે લક્ષમાં રાખવાની વાત એ છે કે જે દૃષ્ટિથી આપણે આપણા માતાપિતા પ્રતિનાં કર્તવ્યો બજાવીશું, તે દૃષ્ટિ આપણા આત્માની પ્રગતિનું સ્થાન નિર્ણીત કરશે. ઉપર નિર્દિષ્ટ કરેલું તો છે જ કે તે કર્તવ્યો બજાવવાથી આપણને લાભ થાય છે. પણ તે લાભને માટે આપણે કર્તવ્યો બજાવીએ તો તે પ્રગતિની સરણીમાં આપણું અધઃસ્થાન છે એમ સૂચવશે. વળી આમ કરવામાં અન્ય દૂષણ એ આવે છે કે, અમુક વિષયમાં માતાપિતાનું કહ્યું કરવાથી આપણને જરાયે લાભ નથી થવાનો એમ સ્પષ્ટ ભાસે તો

કર્તવ્યપરાઙ્મુખ થવાનો ઘણો સંભવ રહે છે. હવે, માતાપિતાના ઉપકાર સ્મરણમાં લાવીને આપણે તેમના પ્રતિ આપણાં કર્તવ્યો કરીએ, તો કર્તવ્યપરાઙ્મુખ થવાનો એટલો સંભવ રહેતો નથી, છતાંયે થોડો: ઘણો રહે છે ખરો. કારણ કે કોઇને એમ ભાસે કે માતાપિતાનો મારા ઉપર સમૂળગાએ ઉપકાર નથી, પરંતુ તેમને ત્યાં જન્મ લીધાથી હું દુઃખસાગરમાં પડયો છું, તો તેને કર્તવ્યપરાઙ્મુખ થવાનું સબળ કારણ પ્રાપ્ત થશે. આમ હોવાથી આ દૃષ્ટિથી કર્તવ્ય કરનારની સ્થિતિ આપણે મધ્યમ લેખીશું. પરંતુ એ એથીયે ઉલટું, માતાપિતાના આપણા પ્રતિના કુદરતી અને ઈશ્વરી પ્રેમની દૃષ્ટિથી આપણે કર્તવ્યકર્મ કરીશું, તો આ દોષ નષ્ટ થઈ જશે. કારણ કે માતા પિતાનો પ્રેમ સ્વતઃસિદ્ધ છે. માટે માતાપિતા પ્રતિ કર્તવ્યો બજાવ્યાથી થતા લાભ લક્ષમાં લીધા સિવાય, તેમના આપણા પ્રતિ ઉપકારો થયા હોય કે ન હોય, તોપણ તેમના આપણા પ્રતિના કુદરતી અને ઈશ્વરી પ્રેમને લીધે આપણે તેમના પ્રતિ કર્તવ્યો કરવાનાં છે એવી ઉદાત્ત બુદ્ધિથી આપણે તે પ્રમાણે કરીશું, તો ઉપરના સર્વ લાભો આપણને પ્રાપ્ત થશે જ, એટલું જ નહિ પરંતુ પ્રગતિની સરણીમાં આપણું ઉચ્ચ સ્થાન સ્થાપિત થશે અને તે ઉપરાંત <u>સાત્વિક</u> આનંદ જે પરબ્રહ્મનું સ્વરૂપ છે તેના આપણે ભોક્તા થઈશું.

આ પ્રમાણે પ્રસ્તાવના રૂપે આપણે ધર્મના પ્રદેશમાં પુત્રધર્મનુંવિશિષ્ટ સ્થાન જોયું, અને ત્યાર પછી પુત્રધર્મના આધાર જોયા. હવે આપણે પુત્રધર્મની પુણ્યવતી અને પવિત્ર ભૂમિકામાં પ્રવેશવા અધિકારી થયા છીએ.

पुत्रधर्मनो उद्देश.

ઉપર જે મહાયજ્ઞ વર્ણવેલા છે તેના સંબંધમાં મનુ મહારાજ કહે છે કે **पितृयज्ञस्तु तर्पणम्**-પિતા પ્રતિ યજ્ઞ કરવાનો તે તર્પણ છે. તર્પણ શબ્દ **तृप्** ધાતુ ઉપરથી બનેલો હોઈ, તેનો અર્થ પ્રસન્ન કરવું

એવો થાય છે. બ્રાહ્મણને કરવાનાં **षट्कर्ममां पितृतर्पण** આવે છે, ત્યાં તર્પણનો અર્થ મૃત પિતાને અંજલી આપી પરોક્ષ રીતે પ્રસન્ન કરવા એવો થાય છે. આ સંકુચિત અર્થમાં તર્પણ શબ્દનો પ્રયોગ વિશેષ થાય છે. પરંતુ આપણે તેના મૂળ અને વિસ્તૃત અર્થમાં સમજીએ તો તે શબ્દ પુત્રધર્મનો ઉદ્દેશસૂચક છે; કારણ કે, માતા પિતા જીવતાં હોય છે ત્યારે અને મરણ પામ્યા પછી પ્રત્યક્ષ કિંવા પરોક્ષ રીતિએ તેમને પ્રસન્ન રાખવાં એ પુત્રધર્મનો ઉદ્દેશ છે. ભર્તૃહરિ મહારાજ પુત્ર શબ્દની વ્યાખ્યા આપતાં આ ઉદ્દેશને વિશેષ સ્પષ્ટ કરી સમજાવે છે. તેઓ કહે છે કે,

प्रीणाति यः सुचरितैः पितरं स पुत्रः ।

અર્થ—પુત્ર કોને કહેવો ? જે સારાં આચરણથી માતા પિતાને પ્રસન્ન કરે તેને. આ ઉપરથી જણાશે કે માતા પિતાને પ્રસન્ન કરવાનું શ્રી ભર્તૃહરિએ પણ પ્રબોધેલું છે, પરંતુ તેઓ તેટલું કહી અટક્યા નથી, કેવે પ્રકારે પ્રસન્ન કરવાં તે પણ કહેલું છે. સારાં આચરણથી પ્રસન્ન કરવાં, નઠારાં આચરણથી નહિ. અર્થાત્ તેઓએ પુત્રધર્મના ઉદ્દેશની સાથે તેની મર્યાદાનું પણ કાંઇક સૂચન કર્યું છે. હવે, આ ‘ તર્પણ’ના મહાન્ ઉદ્દેશને અનુસરી આપણે પુત્રના ધર્મો ક્રમે ક્રમે વર્ણવીશું.

१. आज्ञापालन.

પ્રથમ પુત્રધર્મ માતા પિતાની આજ્ઞાઓનું પાલન કરવું એ છે. આ ધર્મ બાલ્યાવસ્થામાંથી જ શરૂ થાય છે. બાળક જન્મે છે ત્યારે તેની સ્થિતિ ઘોર અરણ્યમાં પ્રયાણ કરનારા અંધ પુરૂષના જેવી છે. તે અંધ પુરૂષ સ્વયંપ્રયાણ કરી શકતો નથી, પરંતુ તે માટે તેને બીજા ઉપર અવલંબવું પડે છે; તેમજ બાળક પુત્રને છે. પરંતુ ઉભયની સ્થિતિમાં ભેદ એ છે કે, તે અંધ પુરૂષને દોરનાર કોઇ સુપાત્ર હોય તો તો તેના કાર્યનો સરળ રીતે ઉકેલ આવે, પરંતુ કોઈ કુપાત્ર હોય તો ખાડામાંએ પડવા વારો આવે;

પરંતુ બાળક પુત્રની બાબતમાં તેમ નથી. માતા પિતાનો તેના ઉપર અતુલ પ્રેમ હોવાથી, અને સર્વથા તે તેનાં હિતચિન્તક હોવાથી, તત્કાર્યને અર્થે તેમનાં જેવાં પાત્ર મનુષ્ય આ જગતમાં અન્ય કોઇ નથી. જે પુત્રનાં માતાપિતા તેની બાલ્યાવસ્થામાં મરણ પામેલાં હોય છે, તેમની દયાજનક સ્થિતિ ઉપર દ્રષ્ટિપાત કર્યાથી આ વાતની સત્યતા સહજ પ્રતીત થશે. માટે, જેમ શાસ્ત્રમાં વિદ્યાર્થીને **'आज्ञा गुरूणां अविचारणीया'** એ સૂત્રાનુસાર વર્તવાનું પ્રબોધેલું છે, તે પ્રમાણે બાળકપુત્રને પણ માતા પિતાની આજ્ઞાઓ અવિચારણીય છે. ભલે તે તેને રૂચતી ન હોય, ભલે તેના બાળક મનને તે અયોગ્ય લાગતી હોય, તો પણ તે માનવાની છે. કારણ કે તેમાં જ તેનું સુખ છે. અત્રે કહેવું જોઇએ કે માતા પિતા આજ્ઞા કરવામાં ભૂલ ન કરે એમ કાંઈ નથી. મનુષ્ય માત્ર અપૂર્ણ છે, પૂર્ણ તો શ્રી પરબ્રહ્મ છે. તોપણ સામાન્ય રીતે પુત્ર સોળ વર્ષનો થાય ત્યાં સુધી માતા પિતાની આજ્ઞાઓની યોગ્યાયોગ્યતાનો યત્કિંચિત પણ વિચાર કર્યા સિવાય, તેમના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તે આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવું એજ પરમ પુત્રધર્મ છે. કારણ કે સોળ વર્ષ થતા સુધી શાસ્ત્રકારોએ તેને અજ્ઞ ગણેલો હોવાથી, તેની સ્થિતિ ભવાટવીમાં પ્રયાણ કરનાર અંધ સમાન છે. સોળમે વર્ષે તેને સમજણ આવે છે અને તેનું અજ્ઞત્વ નષ્ટ થાય છે. લોકોક્તિ પણછે કે 'સોળે સાન ને વીસે વાન.' આ સમય પર્યંત માતાપિતા બાળકનાં 'નેતા' (દોરનાર) હતાં, હવે તે મટીને તેઓ 'માર્ગ સૂચક' થાય છે, અને પુત્રને કાંઇક સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે **'प्राप्ते तु षोडशे वर्षे पुत्रे मित्रवदाचरेत्'।** એટલે કે સોળ વર્ષનો થાય એટલે પુત્રને મિત્ર સમાન ગણવો. પરંતુ આ ઉપરથી એમ જરાયે સમજવાનું નથી કે સોળ વર્ષ થયા પછી પુત્ર આજ્ઞાપાલનના ધર્મમાંથી મુક્ત થાય છે. વસ્તુતઃ તે કર્તવ્ય શતપટ વધે છે. ભેદ માત્ર પાલનની દ્રષ્ટિમાં જ છે. આજ સુધી પુત્રના હિતને માટે આ ધર્મ હતો; હવે પુત્રનું અંધત્વ

દૂર થઈ તેને કાંઈક જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો, એટલે માતાપિતાનો પ્રેમ અને તેમના અનંત ઉપકારનું ભાન થયાથી, તેમને પ્રસન્ન કરવાના હેતુથી યજ્ઞરૂપે આ ધર્મ ઉદિત થાય છે. આ સમયથી આપણી ઇચ્છાઓનું, આપણા મતનું અને આપણા સ્વાર્થનું, અન્ય ધર્મના પાલનમાં હાનિ ન પહોંચે તેની સંભાળ રાખી, માતાપિતાના આરાધનાર્થે પિતૃયજ્ઞમાં બલિદાન આપવાનું છે. માતાપિતાની આજ્ઞાઓ મૂર્ખતા તથા અન્યાયથી પ્રપૂર્ણ હોય, કેવળ તેમના મનના તરંગથી જ ઉદ્દભવેલી હોય, કિંવા પુત્રને વિના કારણ અતિ દુઃખ ઉપજાવનારી હોય—આ સર્વ કાંઈ તે ન પાળવાને માટે યોગ્ય કારણો નથી; પરંતુ આ સર્વ પુત્રધર્મની ખરી કસોટી છે.

પ્રત્યેક ધર્મ અને નીતિના પુસ્તકમાં આ આજ્ઞાપાલનના ધર્મ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલો છે. મહમદને એક જણે પૂછ્યું કે કયું કૃત્ય પ્રભુને અતિ પ્રિય છે? ત્યારે મહમદે કહ્યું: "પ્રથમ તો નિર્ણીત સમયે તેની પ્રાર્થના કરવી તે, અને બીજું, માતાપિતાને સન્માન આપવું, તેમની આજ્ઞાઓનું પાલન કરવું અને તેમને દુઃખ ન આપવું તે."

આ વિષયમાં રામચંદ્રજીનું દ્રષ્ટાંત અપ્રતિમ છે. તેમનો રાજ્યાભિષેક જે દિવસે કરવાનો નિર્ણીત થયો હતો તેજ દિવસે પ્રાતઃકાળમાં કૈકેયીએ તેમને બોલાવ્યા અને જે હકીકત બની તેપ્રસંગમાં શ્રી રામચંદ્રજીએ કહ્યું કે, "પિતાની આજ્ઞા કરતાં મ્હારે કાંઈ અધિક નથી. તેમની આજ્ઞા હોય તો અગ્નિમાં પ્રવેશવા, વિષપાન કરવા અથવા જળમાં નિમગ્ન થવા હું તત્પર છું. મારા પિતાની શી આજ્ઞા છે તે મને સત્વર કહો." બીજું, મહાભારતમાં જ્યારે મત્સ્ય વીંધીને અર્જુને દ્રૌપદી પ્રાપ્ત કરી, અને દ્રૌપદી સહવર્તમાન સર્વ ઘેર આવ્યા, ત્યારે ભીમે કહ્યું, "માતાજી, દ્વાર ઉઘાડો, આજે અમે એક અમૂલ્ય વસ્તુ લાવ્યા છીએ." કુંતિજીના મનમાં આવ્યું કે કાંઇ પાર્થિવ પદાર્થ હશે એટલે તરત જ કહ્યું કે "પાંચે જણા વહેંચી લ્યો." આ વચન નીતિ વિરૂદ્ધ નથી એમ પ્રતીત થતાં તેને માતાની આજ્ઞા સમાન લેખી, તે નિષ્ફળ ન જાય માટે, પાંચ પતિને એક પત્નીની

કઢંગી સ્થિતિ પાંડવોએ સ્વીકારી. ત્રીજું દ્રષ્ટાંત આપણે કેસીબાયંકાનું લઇશું. એક સમયે એક નૌકા સમુદ્ર માર્ગે પ્રયાણ કરતી હતી તેવામાં તેમાં આગ લાગી. કેસીબાયંકાનો પિતા નૌકાપતિ હતો તેણે આ બારીક પ્રસંગમાં સૌ સૌને કરવાનાં કામ વહેંચી આપ્યાં, અને પ્રત્યેકનાં કામ કરવાનાં સ્થાન પણ નિર્ણીત કર્યાં, અને પછી આજ્ઞા કરી કે પોત પોતાને સ્થાનેથી ખસશો નહિ. તેનો પુત્ર સોંપેલું કામ બહાદુરીથી કર્યાં જતો હતો. પરંતુ આગ ન હોલવાતાં ધીમે ધીમે વધતી ગઇ. કેટલાક પોતાનો જીવ બચાવવા સમીપના મછવામાં કુદી પડ્યા, પરંતુ આ વીર પુત્ર પોતાના સ્થાનથી ખસ્યો નહિ. છેવટે આગ તદ્દન પાસે આવી, ત્યારે તેણે પોતાના પિતાને બૂમ પાડીને પૂછ્યું, “પિતાજી, આગ અતિ નિકટ આવી છે આજ્ઞા હોય તો સ્થાન છોડું.” તેનો પિતા તો આગમાં બળીને ભસ્મ થઈ ગયો હતો એટલે ઉત્તર ક્યાંથી આપે? થોડી વાર પછી પુનઃ પૂછ્યું પણ ઉત્તર મળ્યો નહિ. વળી ફરીથી પૂછ્યું પણ ઉત્તર ન મળે. છેવટે આગ તેની આસપાસ વીંટાઈ વળી, તેને છૂટવાનો એક પણ માર્ગ રહ્યો નહિ અને આ વીર પુત્ર પોતાના પિતાની આજ્ઞા પાળતાં મૃત્યુને શરણ થયો. આ ઉત્તમ દ્રષ્ટાંતની કીંમત જરા પણ કમી ન કરતાં અત્ર એટલું તો કહેવું ઉચિત જણાય છે કે પોતાના પિતાને એક બે વાર પૂછવા છતાં ઉત્તર ન મળ્યા તે સમયે તે છોકરાએ પોતાનું સ્થાન છોડ્યું હોત તો પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો દોષ તેને શિરે આવત નહિ. માતાપિતાની આજ્ઞાઓ અક્ષરશઃ પાળવી એ તો સત્ય છે, પરંતુ તે આજ્ઞાઓના બાહ્ય સ્વરૂપ કરતાં અંદરના ભાવ ઉપર વિશેષ લક્ષ આપવું આવશ્યક છે. કેસીબાયંકાના પિતાએ આજ્ઞા કરી તે વખતે તેણે એમ કાંઈ નહિ ઇચ્છ્યું હોય કે મારો પુત્ર મૃત્યુને શરણ થાય. કેટલીક વખતે એવું બને છે કે બોલાયલા શબ્દોના વાસ્તવિક અર્થ કરતાં કહેવા ધારેલું કાંઇક ભિન્ન હોય છે. આવા પ્રસંગોમાં પુત્ર આજ્ઞા વસ્તુતઃ સમજે પણ અક્ષરશઃ વર્તવું સ્વરૂચિ અનુસાર હોવાથી તે પ્રમાણે વર્તે તો તેણે આજ્ઞા પાળી કહેવાય નહિ. તેવી-

જ રીતે, વાસ્તવિક એ અર્થ થતા હોય પણ વસ્તુતઃ શી આજ્ઞા છે એ પુત્ર સમજે પરંતુ અન્ય અર્થમાં પાલન કરે તોપણ તે આજ્ઞાપાલન કહેવાય નહિ. વ્યવહારમાં આવું નભ્યું જાય, કાયદાની કોર્ટમાં ચાલે, પણ નીતિના પ્રદેશમાં અને ધર્મના રાજ્યમાં આવી યુક્તિઓ કંઈ ચાલી શકે નહિ. માટે માતાપિતાની આજ્ઞાઓનું તત્ત્વતઃ પાલન કરવું જોઇએ.

૨. પૂજ્યબુદ્ધિ.

આ ધર્મનો પ્રારંભ પણ આજ્ઞાપાલનની પેઠે બાલ્યાવસ્થામાં જ થાય છે. પણ તેનું ખરૂં રહસ્ય વયમાં આવ્યા પછી પ્રતીત થાય છે. આ ધર્મનાં બાહ્ય લક્ષણ, માતાપિતાને સન્માન આપવું, તેમની સાથે નમ્રતા પૂર્વક અને અદબથી વર્તવું, ગમે તે થાય પણ તેમના સામું બોલવું નહિ, તેમની પાછળ હસવું નહિ તથા તેમની નિંદા ન કરવી એ છે. માતાપિતા ક્રોધ કરીને કાંઇ પૂછે તો તેનો જરાયે ઉંચે સ્વરે ઉત્તર આપવો નહિ. આપણે પિતાને તો ‘ તમે ’ કહીએ છીએ પરંતુ માતાને પણ ‘ તમે ’ કહેવાનો ચાલ વિશેષ સારો છે. કેટલાક કહે છે કે ‘ તું ’ શબ્દમાં ઘણું વહાલ સમાયલું છે, પરંતુ તે વહાલ કંઇ ‘ તું ’ શબ્દનો પ્રયોગ કરી દર્શાવવાનું નથી એ તો કૃતિમાં દર્શાવવું જોઇએ. વાસ્તવિક રીતે ‘ તું ’ શબ્દ તોછડો છે અને ‘ તમે ’ શબ્દ સન્માનસૂચક છે અને તે ઉપરાંત “ તમે ” શબ્દની મીઠાશ “ તું ” શબ્દમાં નથી. માતાપિતાની સમક્ષ અદબથી સંભાષણ કરવું, તેઓ નીચા આસનપર બેઠાં હોય તો ઉચ્ચાસન પર ન બેસવું, વાતચિતના પ્રસંગમાં શુદ્ધ અંતઃકરણથી પણ આવેશયુક્ત શબ્દ તેમના પ્રતિ ન ઉચ્ચારવો, અને તેમનું કહેવું અસત્ય હોય તોપણ તેનો તિરસ્કાર ન કરવો, એ પણ પૂજ્યબુદ્ધિનાં બાહ્ય રૂપ છે. કેટલાક પુત્રો માતાપિતાની સાથે બોલતાં બોલતાં ચડી જાય છે, કેટલાક હૃદયબળ (moral courage) નો ફાંકો રાખનાર, પ્રસંગે અપ્રસંગે ‘ મોટા ભાઇ; તમે આ મોટી ભૂલ કરો છો, આ તમારૂં કહેવું વ્યાજબી નથી, તમારે આમ કરવું જોઇએ

નહિ,' ઇત્યાદિ વચનોનો પ્રયોગ બહુ છૂટથી કરે છે; પણ મારે નમ્રપણે સૂચવવું જોઇએ કે આ તો કેવળ ઉદ્ધતાઇ કરતાં બીજું કાંઈ ન કહેવાય. હૃદયબળને પૂજ્યબુદ્ધિની સાથે હાડવૈર છે એમ દર્શાવવાનો અત્ર જરાયે હેતુ નથી. હૃદયબળની સાથે પૂજ્યબુદ્ધિ રહી શકે અને તે બંનેનો સંયોગ અતિ સુખકર અને ઇષ્ટ છે. માટે હૃદયબળના ખરા કે ખોટા અભ્યાસીઓને પોતાનાં માતાપિતા પ્રતિ પૂજ્યબુદ્ધિ ન વિસરવા અત્ર સવિનય વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. કારણ કે તેમ કરવું એ આધુનિક પુત્રોનું ખાસ કર્તવ્ય છે. કેટલાક પુત્રો તેમનાં માતાપિતા તેમનાથી ભિન્ન મત અને વિચારનાં હોવાથી તેમને મૂર્ખ સમાન ગણી કાઢે છે; કેટલાક એથી કાંઈ વિશેષ શાણા હોય, તે એ ભાવ શબ્દોમાં દર્શાવે નહિ, પણ મનમાં સમજે કે માતાપિતા મૂર્ખ છે; અને કેટલાક તો માબાપની પાછળ તેમને કેવળ હસી જ કાઢે છે. શિક્ષિત પુત્રો તરફથી આવું વર્તન થાય, તે અક્ષમ્ય અને શરમ ભરેલું કહેવાય. આ આરોપ કાંઇ બધા શિક્ષિત પુત્રો ઉપર કરવામાં આવતો નથી, પણ આવાં નીચ અને શરમ ભરેલાં દ્રષ્ટાંત શિક્ષિત પુત્રના સંબંધમાં ઘણે સ્થળે દ્રશ્યમાન થાય છે એ અતિ ખેદ ઉપજાવનારી વાત છે. તેમાં પિતા પ્રતિ તો ભાવ નહિ તો ભાવનો છાંટોયે દર્શાવવામાં આવે છે, પરંતુ માતા તો જાણે કાંઈ જ ન હોય તેમ લેખવામાં આવતી જ નથી. અત્રે એમ કહેવાનો જરાયે આશય નથી કે પુત્રોને માતાપિતા પ્રતિ લાગણી નથી. લાગણી તો છે; પરંતુ પૂજ્યભાવની જે બુદ્ધિ (sense) તે બરોબર કેળવાયલી નહિ હોવાને લીધે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રસંગો બને છે. માટે, માતાપિતા પ્રતિ પૂજ્યબુદ્ધિ કેળવવાની આધુનિક પુત્રોને અત્યંત આવશ્યકતા છે. અત્ર એટલું તો કબૂલ કરવું પડશે કે આપણા કરતાં બહુશઃ બુદ્ધિ જ્ઞાન વગેરે વિષયોમાં ચડીયાતા પુરૂષો પ્રતિ આપણા હૃદયમાં પૂજ્યભાવ સહજ ઉત્પન્ન થાય છે, અને જે મનુષ્યો તે વિષયોમાં આપણાથી ઉતરતા હોય છે તેમના પ્રતિ પૂજ્યભાવ સહજ ઉત્પન્ન થતો નથી, એ એક કુદરતી નિયમ છે; પરંતુ પુત્ર અતિ વિદ્વાન હોય અને માતા

પિતા અતિ અભણ હોય, છતાંયે તેમના પ્રતિ પૂજ્યબુદ્ધિ રાખવી એ પુત્રનું કર્તવ્ય છે. જો તે સહજ ન હોય તો પ્રયત્ન સેવી સહજ કરવી એમાં શી મોટી વાત છે? મનુષ્યની ઇચ્છા (will) માં કાંઇક એવી અદ્ભુત શક્તિ છે કે તેને કોઇ પણ વસ્તુ અસાધ્ય નથી. માટે માતાપિતા તરફથી દુઃખ મળે, અન્યાયપરંપરા થાય, કદાચિત્ લોક સમક્ષ અપમાન થાય, એટલું જ નહિ પરંતુ તેઓ અધમાધમ હોય છતાંયે પુત્રે તેમનું અપમાન ન કરવું અને માન અને પ્રીતિ પુરઃસર તેમની સાથે વર્તવું.

મનુ મહારાજ કહે છે કેઃ—

आचार्यश्च पिता चैव माता भ्राता च पूर्वजः ।
नार्तेनाप्यवमन्तव्या ब्राह्मणेन विशेषतः ॥

અર્થ:—આચાર્ય, પિતા, માતા અને મોટાભાઇ એમના તરફથી આપણે દુઃખી થયા હોઇએ છતાંએ તેમનું અપમાન કરવું નહિ. તેમાં ખાસ કરીને બ્રાહ્મણે તો ન જ કરવું.

વળી કહે છે કે,—

सर्वे तस्यादृता धर्मा यस्यैते त्रय आदृताः ।
अनादृतास्तु यस्यैते सर्वास्तस्याफलाः क्रियाः ॥

અર્થ:—જે પુરુષ એ ત્રણનો (આચાર્ય, માતા અને પિતાનો) આદર સત્કાર કરે છે, તેણે સર્વ ધર્મોનો આદરસત્કાર કર્યો (એમ સમજવું); અને જે મનુષ્ય એ ત્રણનો અનાદર કરે છે તેની સર્વ ધર્મક્રિયાઓ નિષ્ફળ જાય છે.

બાઇબલમાં પણ કહ્યું છે કેઃ—

"Honour thy father and mother; that thy days may be long upon the land which the Lord thy God giveth thee." અર્થાત્ 'તારાં માતાપિતાને સન્માન આપ કે

જેથી જે જમીન પ્રભુએ —તારા ઈશ્વરે તને આપી છે તે ઉપર તું ચિરકાલ પર્યંત જીવે.'

આ પ્રમાણે શાસ્ત્રમાં પણ માતાપિતા પ્રતિ આદરભાવ રાખવાને પ્રબોધેલું છે. આપણાં ઇતિહાસ પુરાણોમાં આ ધર્મના પાલનનાં ઘણાં ઉદાહરણો દૃષ્ટિએ પડે છે; માત્ર માતાપિતાનો અનાદર કરનારા પુત્રોનાં ઉદાહરણજ થોડાં જોવામાં આવે છે. રામ, ભીષ્માદિની તેમના પિતા પ્રતિની પૂજ્યબુદ્ધિ સુપ્રસિદ્ધ છે. તેમનાં દૃષ્ટાંતોનો આપણે અન્ય સ્થળે ઉપયોગ કરીશું. દુર્યોધન કોઈનું કહ્યું માનતો નહોતો અને પોતાના વડીલ વર્ગ પ્રતિ અનાદર બતાવતો હતો. કોઈ કોઇ વખત ધૃતરાષ્ટ્ર તેને સારી સલાહ આપે, વિદુર તેને હિતકર બોધવચન કહે, પરંતુ ઉલટો તે ચીડાઇ જઈ રીસાઇને નાસી જતો. પોતાની માતા ગાંધારીનું પણ તેણે એક સમયે સભામાં અપમાન કર્યું હતું. પુત્રવાત્સલ્યને લીધે તેનાં માતાપિતા મનમાં લાવતાં નહિ, પરંતુ દુર્યોધનની કૃતિનું પારિપત્ય જે તેને મળ્યું તે તો સર્વને સુવિદિત છેજ.

અન્ય પ્રજાઓમાં પણ માતાપિતા પ્રત્યેની પૂજ્યબુદ્ધિનાં ઉત્તમ ઉદાહરણો મળી આવે છે. પિતા પ્રતિ પૂજ્યબુદ્ધિને માટે રોમના ઇતિહાસમાં માર્કસ ઑરેલીઅસનું દૃષ્ટાંત અનુપમ છે. ડી મીસ્ત્રે (De Maistre) કરીને જે મહાન્ પુરૂષ થઈ ગયો, તે પોતાના પત્રોમાં અને અન્ય લેખોમાં પોતાની માતા વિષે અતિ પૂજ્યભાવથી લખે છે. પોતાની માતાના ઉદાત્ત વર્તનથી તેને "સ્ત્રી જાતિ" ઉપર પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. પોતાની માતાના સંબંધમાં તે 'મારી મહાન્ માતા, એક દેવી કે જેને ઈશ્વરે અલ્પ સમયને સારૂ દેહ આપ્યો હતો'–ઇત્યાદિ વચનો લખે છે. ગ્રીસના ઇતિહાસમાં એલેક્ઝાંડર ધી ગ્રેટનું ઉદાહરણ અતિ સુંદર છે. તેની માતા ઘણા ચીડીયા અને હઠીલા સ્વભાવની હતી છતાંયે, એલેક્ઝાંડર ધી ગ્રેટ તેના પ્રતિ પૂજ્યભાવ અને સન્માનથી વર્તતો. પૂર્વ તરફના દેશ જીતવા માટે જ્યારે તે

નિકળ્યો ત્યારે પોતાના એક વિશ્વાસુ અધિકારીને રાજ્ય સોંપી પોતાની માતાને પ્રણામ કરી તેણે કહ્યું કે આ અતિ દક્ષ કાર્યભારી છે, કૃપા કરી તેના રાજ્યકાર્યભારમાં હરકત ન કરશો. આ ઉત્કટ ધીટતાને માટે એલેક્ઝાંડરની માતાએ તેની જબરી ઝાટકણી કાઢી; પરંતુ એલેક્ઝાંડરે તે સઘળું પ્રસન્ન ચિત્તે સહ્યું. પછી જ્યારે તે પૂર્વ તરફ ગયો ત્યારે તેની માતા તેના અધિકારીને અતિ ત્રાસ આપવા લાગી. છેવટે જ્યારે અધિકારી બહુ કંટાળ્યો ત્યારે તેણે એલેક્ઝાંડર ધી ગ્રેટને પત્ર લખ્યો: પણ તેના ઉત્તરમાં એલેક્ઝાંડરે લખ્યું કે, "મારી માનો એક અશ્રુપાત તમારા આવા છસો કાગળોને ભુસી નાંખવા સમર્થ છે."

જુઓ, પોતે સમર્થ રાજા થઈ પોતાની ચીડીયણ અને ત્રાસ આપનારી માતા પ્રતિ આટલો પૂજ્યભાવ દર્શાવે છે તો આપણને ઈશ્વરકૃપાથી કાંઈક વિદ્યા મળી તેથી તે પૂજ્યભાવ તજી દેવાનો આપણને બિલકુલ અધિકાર પ્રાપ્ત થતો નથી, પરંતુ તે સવિશેષ પાળવાનું કર્તવ્ય પ્રાપ્ત થાય છે—એ ઉપરનાં વિવેચન, પ્રમાણ અને દૃષ્ટાંતોથી પ્રતીત થયું હશેજ.

३. इच्छानुवर्तन.

ત્રીજો ધર્મ તે માતા પિતાની અનુક્ત ઇચ્છાઓને કળી જઈ તરતજ તદનુસાર વર્તવું એ છે. આ ધર્મ 'આજ્ઞાપાલન' ધર્મની પરાકાષ્ઠા છે. માતાપિતાની આજ્ઞાઓ પાળવી તે કાંઈ બસ નથી, પરંતુ કર્તવ્યશીલ પુત્ર તો તે ઉપરાંત માતાપિતાના હૃદયમાં શી શી ઇચ્છાઓ વસે છે તે શોધી કાઢવાને માટે પ્રયત્ન કરશે અને ત્યારપછી માતાપિતાના કહ્યા સિવાય તરતજ તે પ્રમાણે કરશે. વાત્સલ્યપૂર્ણ માતાપિતાઓને પોતાના હૃદયની અભિલાષાઓ પાર પાડવામાં પુત્રને દુઃખ થશે એમ લાગે, તો તેઓ તે પુત્રને જણાવે નહિ એ સ્વાભાવિક છે; પરંતુ કર્તવ્યનિષ્ઠ પુત્રે તો ગમે તે પ્રયત્ન કરી તે અભિલાષાઓ શોધી કાઢી પાર પાડવી જોઇએ. આ વિષયમાં ઉત્તમ ઉદાહરણ ભીષ્મપિતામહનું છે. એક સમયે યમુનાના તટ

ઉપર ફરતાં શાન્તનુ રાજાનું ચિત્ત એક ધીવરની સુંદર કન્યા ઉપર ચોંટયું. ઘેર આવ્યા પછી તેમણે તે ધીવરને તે સંબંધમાં કહેવરાવ્યું, પરંતુ એવો ઉત્તર મળ્યો કે મારી પુત્રીને જે પુત્ર થાય તેને તમારા પછી રાજ્ય મળે એવી વ્યવસ્થા કરો તો હું મારી સત્યવતી નામની કન્યા તમને પરણાવું. શાન્તનુ આ માગણી સ્વીકારી શકે તેમ નહોતું; કારણ કે તેમને દેવવ્રત નામનો ગંગાથી ઉત્પન્ન થયેલો પુત્ર હતો; અને ગાદીનો વારસ તે હોવાથી પોતાના કામવિકારને સંતોષવાને અર્થે તેને કેમ અન્યાય થાય? શાન્તનુ રાજાએ આથી ના પાડી પણ તેમના મ્હોં ઉપર ઉદાસીનતાની છાયા છવાઈ રહી. દેવવ્રતે આ ઉદાસીનતાનું કારણ પૂછ્યું પણ વત્સલ પિતાએ તે કહ્યું નહિ. ઘણી શોધને અંતે દેવવ્રતને પોતાના પિતાના અમાત્ય પાસેથી આ વાતની ખબર મળી. તરત જ તે એક સુંદર રસાલો લઈને પોતાના પિતાને જણાવ્યા સિવાય—કારણ તે જાણતો હતો કે મારા પિતા જો મારો હેતુ જાણશે તો મને કદી તે પ્રમાણે નહિ કરવા દે તેથી છાનોમાનો—ધીવરને ત્યાં ગયો, અને પોતાના પિતાને માટે સત્યવતીનું માગું કર્યું. ધીવરે કહ્યું, "તે કન્યા હું તમને પરણાવવાને ઘણો ખુશી છું; કારણકે તમારા પછી ગાદી તેના પુત્રને મળશે." દેવવ્રતે કહ્યું, "મેં તો તેમને માતા સમાન ગણેલાં છે તેથી પત્ની તરીકે મારાથી સ્વીકારાશે નહિ. પણ હું આ પ્રતિજ્ઞા લઉં છું કે મારા પિતા પછી રાજ્યનો મારો હક હું છોડી દઉં છું અને તેથી સત્યવતીના પુત્રને ગાદી મળશે અને તમારી ધારણા પાર પડશે." ધીવરે કહ્યું "તે બધું ખરૂં, મને તમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે; પણ કેમ જાણ્યું કે તમારા પુત્રો એ ગાદીને માટે વાંધો નહિ ઉઠાવે?" તરતજ કાંઈ પણ વિચાર કર્યા સિવાય, દેવવ્રતે કહ્યું કે, "હું આ બીજી પણ પ્રતિજ્ઞા લઉં છું કે આજથી મરણ પર્યંત હું બ્રહ્મચારીનું વ્રત પાળીશ, એટલે પછી આ વાંધાનો પ્રશ્નજ રહ્યો નહિ." તરતજ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, દુંદુભીના નાદ થયા અને એવો દૈવી અવાજ સંભળાયો કે ખરેખર આ તો "ભીષ્મ" કહેવાય. ત્યાર પછીથી દેવ-

વ્રત ભીષ્મપિતામહને નામે ઓળખાય છે. જુઓ, પોતાના પિતાની એક અનુક્ત ઇચ્છાને લીધે કર્તવ્યનિષ્ઠ પુત્રે કેટલું સ્વાર્પણ કર્યું? ધીવરે પછી માગું સ્વીકાર્યું, અને ભીષ્મપિતામહે સત્યવતીને કહ્યું, "માતાજી, આ રથમાં પધારો." પછી જ્યારે ઘેર આવ્યા એટલે શાન્તનુ રાજા ચમક્યા. પ્રતિજ્ઞા એક વાર લેવાઈ તે નિષ્ફળ જાય નહિ એટલે ના પાડી શકાય એમ પણ રહ્યું નહિ. શાન્તનુને તે સમયે શી લાગણી થઈ હશે, તેનો ખ્યાલ કરો. તેણે પુત્રને વરદાન આપ્યું કે, "જ્યાં સુધી તારી જીવવાની ઇચ્છા હશે ત્યાં સુધી મૃત્યુ તારી સમીપ આવી શકશે નહિ."

ઉપરનું ભીષ્મપિતામહનું દ્રષ્ટાંત ભલભલાનાં માન ઉતારી નાંખે અને રૂવાંટી ઉભી કરે એવું વીરતા ભરેલું છે. તેના પ્રમાણમાં આપણાં માતાપિતાની ઇચ્છાનુસાર વર્તવામાં આપણને તે શો એવો મોટો સ્વાર્થત્યાગ કરવો પડે એમ છે? આપણાં માતપિતાની નાની નાની ઇચ્છાઓ આપણે ન પુરીએ તો પછી આપણે કેવા કૃતઘ્ની કહેવાઇએ? સામાન્ય રીતે, હાલના સમયમાં આપણી માતાઓની ઇચ્છા આપણી બહેનોને કંઈ પેસા કે દાગીના આપવાની, બ્રહ્મભોજન કરાવવાની, એમની જુની રીત પ્રમાણે ધર્માદા કરવાની, અને એમના વિચાર પ્રમાણે આપણે ફાટી ન જઇએ અને પરપરાથી ચાલતા આવેલા આચારવિચાર અનુસાર ચાલીએ એવું જોવાની હોય. હાલના સંક્રાન્ત સમયમાં માતાપિતાની ઇચ્છાઓ અને વિચારો સર્વ આપણને સંમત ન હોય એ સ્વાભાવિક છે, પરંતુ જ્યાં નૈતિક કે શારીરિક હાનિ ન થતી હોય ત્યાં તેમના મગજના ફાંટાને પણ સન્માન આપવું એ આપણું કર્તવ્ય છે. આ વિષયમાં વિશેષ વિવેચન આગળ ઉપર પુત્રધર્મની મર્યાદા આપણે સ્થાપિત કરીશું તે સમયે કરીશું. અત્ર તો આ વિષયના સ્પષ્ટીકરણાર્થે બે ત્રણ ઉદાહરણ આપીશું. તમારી માતાની એવી ઇચ્છા હોય કે તમારા પ્રત્યેક પુત્રને અંબાજીએ વાળ ઉતરાવવા. તમને આસ્થા હોય કે ન હોય તોપણ તમારે તેમ કરવું જોઇએ. તમારાં માતાપિતાનો વિચાર હોય કે અમુક રૂપિયાનું બ્રહ્મભોજન કરાવવું. બ્રાહ્મણો શૂદ્ર જેવા

હોવાથી જમાડવાને પાત્ર નથી એમ તમારો મત હોય અથવા તો એ પૈસા અનાથાલયમાં કિંવા અન્ય કોઈ દેશહિતને અર્થે સ્થપાયલી સંસ્થાઓમાં ભરવા તમને વિશેષ યોગ્ય લાગે, છતાં બ્રહ્મભોજન કરાવવું એ તમારો ધર્મ છે. તમારાં માતાપિતાની એવી ઇચ્છા હોય કે તમારે નિત્ય રણછોડજીનાં અથવા હાટકેશ્વર મહાદેવનાં દર્શન કરવાં. તમે વેદાન્તી હો, સર્વ સ્થળે બ્રહ્મ છે, ઘરમાં પણ તે બ્રહ્મની આરાધના થઈ શકે છે એવી તમારી માન્યતા હોય અને મૂર્તિમાં ઝાઝી આસ્થા નહોય, તોપણ નિત્ય દર્શનાર્થે જવું એ તમારો ધર્મ છે. મારો એક મિત્ર એવાજ ઉદાત્ત હેતુથી શ્રાવણ મહિનામાં નિત્ય વૈજનાથ મહાદેવની પૂજા કરવા જતો હતો તે જોઈ મને અતિ આનંદ ઉપજ્યો હતો. તમારાં માતાપિતા ઇચ્છે કે તમારી સ્ત્રીજોડે ચોપાટી ઉપર ફરવા ન જવું, તો ન જવું. અલબત ઉપર કહેલું જ છે કે આ ધર્મને મર્યાદા છે; પરંતુ તે આપણે તેના યોગ્ય સ્થળમાં જોઈશું. અત્ર તો કહેવાનું માત્ર એટલું જ છે કે તમારા વિચારો તમારાં માતાપિતાના વિચારોથી ભિન્ન છે, અને શાન્તચિત્તે સૂક્ષ્મબુદ્ધિથી અવલોકન કરતાં પણ તમારા વિચાર તમને સત્ય લાગે છે એ તમારાં માતાપિતાની આજ્ઞાઓ તો શું, પરંતુ તેમની ઇચ્છા અનુસાર નહિ વર્તવાને પણ સબળ કારણ નથી.

४. सेवा.

ચોથો ધર્મ માતાપિતાની સેવા કરવી એ છે. આ ધર્મને ચોથો મુકયો છે માટે તેની ગણના પ્રથમ ત્રણ કરતાં જરાયે ન્યૂન છે એમ કાંઈ નથી. સેવા શબ્દનો અર્થ અતિ વ્યાપક છે. કેવળ માતાપિતા માંદાં હોય ત્યારે તેમની ચાકરી કરવી એટલો જ અર્થ તેમાં નથી પરંતુ તેમની પ્રત્યેક પ્રકારે બરદાશ રાખવી, તેમને જોઈતી વસ્તુઓ પુરી પાડવી, તેમનું મન પ્રસન્ન રાખવાને આપણાથી બનતું કરવું, ઇત્યાદિ ઘણી વસ્તુઓનો તેમાં સમાવેશ થાય છે. ભતૃહરી મહારાજે પણ કહ્યું છે કે **“सेवा धर्मः परमगहनो योगिनामप्यगम्यः”**—સેવાધર્મ અતિ ગહન છે; યોગીઓથી પણ તે

ફળી શકાતો નથી. ગુરૂની સેવા કરવાથી શિષ્યની વિદ્યા ફળીભૂત થાય છે; માતા પિતાની સેવા કરવાથી તેમની આંતરડી ઠરે છે અને તે અંતઃકરણ પૂર્વક શુભ આશીર્વાદ દે છે. બનતા સુધી તે સેવા આપણે પોતે કરવી જોઇએ. કારણ, જે લાગણીથી અને જે ભાવથી આપણે તે કરીએ તે લાગણી અને તે ભાવ અન્યમાં—દાખલા તરીકે આપણી સ્ત્રીમાં—ન હોય. હોવાં જોઇએ તે વાત ખરી છે, પણ તેટલા માટે હોય છે એમ ધારી વર્તવું એ મોટી ભૂલ છે. આપણે મોટા શ્રીમંત હોઇએ, કિંવા અધિકારી હોઇએ, ગૃહનું કાંઈ પણ કામ સ્વતઃ ન કરતા હોઈએ, છતાંયે માતાપિતાની સેવા કરવામાં આપણું મન જરાયે કચવાવું ન જોઇએ. તેમની સેવા કરવાનો ખરો પ્રસંગ તેમની વૃદ્ધાવસ્થામાં આપણને પ્રાપ્ત થાય છે, તે પ્રસંગમાં આપણા અવકાશનો બધો સમય તેમની સેવા કરવામાં વ્યતીત કરવો. માતાપિતાની પ્રેમપૂર્વક સેવા કરનાર કર્તવ્યનિષ્ઠ પુત્રોના હૃદયમાં જે આનંદ ઉત્પન્ન થાય છે તેની કલ્પના અન્યને થાય એમ નથી. જેટલી તેમની સેવા કરાય તેટલી થોડી એવી આપણી વૃત્તિ હોવી જોઇએ. તેમની વૃદ્ધાવસ્થામાં બને તો તેમને પોતાની સમીપ રાખવાં પરંતુ તેમની ઇચ્છા ગામમાં રહેવાની હોય, અને પુત્રને ઉદર નિમિત્તે બહારગામ રહેવાનું હોય, તો તેમને કોઈ પણ પ્રકારની ન્યૂનતા ન રહે તેની તેણે ખાસ સંભાળ રાખવી, અને પ્રસંગોપાત્ત તેમની પાસે જવું. તેમના અંત સમયે તો ગમે તેમ કરી તેમની પાસે રહેવું. મનુ મહારાજ આ ધર્મ ઉપર ખાસ ભાર મુકે છે. તેઓ કહે છે કેઃ—

तेषां त्रयाणां शुश्रूषा परमं तप उच्यते ॥

અર્થઃ—તે ત્રણની (માતા પિતા અને આચાર્યની) સેવા કરવી એ પરમ તપ કહેવાય છે. વળી કહે છે કેઃ—

यावत्त्रयस्ते जीवेयुस्तावन्नान्यं समाचरेत् ।
तेष्वेव नित्यं शुश्रूषां कुर्यात्प्रियहितेरतः ॥

અર્થઃ—તે ત્રણ જીવતાં હોય ત્યાં સુધી બીજું કાંઈ કરવું નહિ. માત્ર

તેમનું પ્રિય અને હિત કરવામાં તત્પર રહી નિત્ય તેમની સેવા કરવી.

આ શ્લોકનો ભાવ એમ ન સમજવો કે આપણે તેમની સેવા વિના બીજું કાંઇ કરવુંજ નહિ. જો નિર્વાહને માટે પ્રયત્ન ન સેવીએ તો તેમાં માતાપિતાનું પણ હિત રહ્યું નથી. તેમજ અન્ય નિત્ય નૈમિત્તિક કર્મો ન કરવાં એવું કહેવાનો પણ કાંઈ મનુ મહારાજનો આશય હોય નહિ. માત્ર સેવાધર્મ ઉપર ખાસ ભાર મુકવાને માટે તેમણે આવી ભાષાનો પ્રયોગ કર્યો હોય એમ જણાય છે.

આ વિષયમાં પણ ઉત્તમ ઉદાહરણો આપણા પ્રાચીન ઇતિહાસમાંથી મળે છે. મહાભારતમાં એક એવી વાર્તા છે કે એક બ્રહ્મને જાણનાર ઋષિ વ્યાધના ખોળીઆમાં વસી પોતાનાં વૃદ્ધ માતાપિતાની નિરંતર સેવા કરતા હતા. તેમને ત્યાં એક કનિષ્ક નામનો બ્રહ્મજીજ્ઞાસુ બ્રાહ્મણ આવ્યો. તેને સત્કાર પૂર્વક પોતાનાં માતાપિતા પાસે લઈ જઇ, તેમને પ્રણામ કરી તે વ્યાધે કનિષ્કને ઉદ્દેશીને કહ્યું, “ આ મારાં માતાપિતા છે. તેમની હું નિત્ય સેવા કરૂં છું. તેઓ મારે મન સર્વ દેવ, પવિત્ર અગ્નિ અને ચાર વેદ છે, અને તેમની સેવા કરવાથીજ આ સમૃદ્ધિ મને પ્રાપ્ત થઈ છે. માટે વેદ ભણવાની ખાતર પણ તારાં માતા પિતાને તજીને આવવામાં તેં ભૂલ કરી છે. માટે પાછો જા અને તેમની સેવા કર. કારણ કે તેના કરતાં ઉચ્ચતર ધર્મ અન્ય કાંઇ નથી.” બીજું દ્રષ્ટાંત શ્રવણ મહાત્માનું છે. શ્રવણનું આખું જીવન તેનાં અંધ માતા પિતાની સેવા કરવામાં વ્યતીત થયું હતું. પોતાના માતાપિતાને કાવડમાં બેસાડી, પોતે પોતાના ખભા ઉપર તે કાવડ ઉચકી તેણે તેમને તીર્થયાત્રા કરાવી. તે સમયમાં આગગાડીઓ નહોતી એ કહેવાની અત્ર આવશ્યકતા નથીજ. એ સેવા કરવામાં શ્રવણને કેટલો આનંદ મળ્યો હશે અને તેનાં માતાપિતા તેના ઉપર કેટલાં પ્રસન્ન થયાં હશે ? એ મહા ધર્મ બજાવ્યાને વાસ્તે શ્રવણને નક્ષત્રનું ઉચ્ચ સ્થાન મળ્યું છે. એ શ્રવણનું દશરથ રાજાને હાથે મૃત્યુ થયું તે વખતે તેને પોતાના માતાપિતાને માટે કેટલી વ્યથા થઈ હતી ? તેનાં અંધ માતાપિતાને દશરથ રાજાએ

પાલણ પોષણ કરવાનું ઘણું એ કહ્યું, પરંતુ તેઓએ માન્યું નહિ, અને ચિતા ખડકાવી પુત્ર પાછળ બળી મુઆં.

શ્રવણના દ્રષ્ટાંતને કંઈક મળતું એનોપીઅસ અને એમ્ફીનોમસનું દ્રષ્ટાંત છે. એક સમયે ઈટાલીમાં આવેલો વીસુવીયસ નામનો જ્વાળામુખી પર્વત ફાટયો અને તેમાંથી ધગધગતા "લ્હાવા" ચોમેર ઝપાટાબંધ પ્રસર્યા ત્યારે સમીપના ગામડાના લોકો પોતાની અમૂલ્ય વસ્તુઓને લેવાય તેટલી સાથે લઇને નાઠા. તેમની પાછળ તે જ્વાળામુખી પર્વતમાંથી નીકળતો ધગધગતો પદાર્થ એટલો સત્વર પ્રયાણ કરતો હતો કે ઘણાં મનુષ્યો તેના સપાટામાં આવી મૃત્યુવશ થયાં. આ પ્રમાણે દોડનારા પૈકી એનોપિઅસ અને એમ્ફીનોમસ નામના બે યુવાન હતા. પરંતુ તેમની પીઠ ઉપર કાંઈ જુદાજ પ્રકારની કીંમતી ચીજો હતી—તે તેમનાં વૃદ્ધ માબાપ હતાં. ધન્ય છે આ બે પુત્રોને. ઈશ્વિરના પ્રસાદથી જે જે રસ્તે તેઓ ગયા તે તે રસ્તે અગ્નિદેવતાએ સ્પર્શ કર્યો નહિ અને હજુ તે ક્ષેત્ર સદાનું લીલું હોઈ પુણ્યક્ષેત્રને નામે ઓળખાય છે.

પ્રાણીઓમાં પણ માતાપિતા પ્રતિ પુત્રનો પ્રેમ દૃષ્ટિયે પડે છે. આ બાબતમાં ઉંદરનું એક દૃષ્ટાંત છે. એક સમયે એક નૌકામાં ઉંદરનો અતિ ઉપદ્રવ થવાથી નૌકાપતિએ સર્વ ઉંદરને મારી નાંખવાની આજ્ઞા કરી. તે આજ્ઞાનુસાર ઘણા ઉંદરોને મારી નાંખવામાં આવ્યા. છેવટે ખલાશીઓએ એક ઉંદરને પોતાની પીઠ ઉપર નિર્બલ અને વૃદ્ધ જેવા જણાતા બીજા ઉંદરને લઇ જતાં જોયો. તે વૃદ્ધ ઉંદર તેનો બાપ હશે એમ ધારી ખલાશીઓને દયા આવી અને તેમને જવા દીધા. ઉંદર જેવા પ્રાણી વર્ગમાં માતાપિતા પ્રતિ આવો ભાવ દર્શાવાય તો આપણે મનુષ્ય છીએ એ વાત ભૂલવી જોઇતી નથી.

૫ પોષણ.

આ ધર્મ પુત્ર કમાવા લાયક સ્થિતિમાં આવે ત્યારે પ્રાપ્ત થાય છે.

પ્રથમ તો પુત્રે વયમાં આવ્યા પછી ભણ્યાગણ્યા પછી કમાઇને કુટુંબના પોષણમાં પિતાને સહાયક થઈ તે સંબંધનો બોજો પિતાને શિરેથી બને તેટલો ઓછો કરવો, અને પિતાની અવસ્થા થાય એટલે તેમને ધંધા રોજગારમાંથી મુક્ત કરવા. કુટુંબની સ્થિતિ સારી ન હોય અને પુત્રની કમાઈ ઘર ખરચને માટે પુરતી ન હોય તો પિતાને લાંબો વખત પ્રવૃત્તિમાં રહેવું પડે એ સ્પષ્ટ છે; પરંતુ કર્તવ્યનિષ્ઠ પુત્રની એ જ મહાન્ ઇચ્છા હોવી જોઇએ કે જેમ બને તેમ સત્વર પિતાને પ્રવૃત્તિમાંથી મુક્ત કરું; અને તે ઇચ્છાને ફલીભૂત કરવા દ્રવ્યોપાર્જનના ન્યાયી રસ્તા શોધવા એ તેનું કર્તવ્ય છે. પિતાને નિવૃત્ત કર્યા પછી અન્નાદિકથી તેમનું સારી રીતે પોષણ કરવું એ પુત્રધર્મ એટલો સામાન્ય છે કે તે સંબંધમાં વિશેષ લખવા જેવું નથી. વૃદ્ધાવસ્થામાં અન્નવસ્ત્રાદિકને માટે પિતાને ઉદ્યોગ કરવો પડે એ પુત્રને ઘણીજ શરમાવા જેવી વાત છે. સદ્‌ભાગ્યે આપણા ધર્મશાસ્ત્રકારોએ આપણા કુટુંબની એવી સરસ રચના કરી છે કે આ પ્રકારના દુઃખમાંથી આપણાં માતાપિતા સામાન્યતઃ મુક્ત છે. પાશ્ચાત્ય દેશોમાં પરણે એટલે છોકરો નવું ઘર માંડે અને માબાપથી છૂટો થાય એવો રિવાજ હોવાથી વૃદ્ધાવસ્થામાં માબાપને દુઃખી હાલતમાં રઝળવાના પ્રસંગો બનવાનો સંભવ ઘણો રહે છે. અને આપણને જોકે વસ્તુસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ નથી પરંતુ એવા દાખલાઓ વારંવાર કર્ણગોચર થાય છે ખરા. આપણામાં નઠારો છોકરો હશે છતાંયે શરમને માર્યે પોતાનાં સ્ત્રીપુત્રાદિકની પેઠેજ માતાપિતાનું પોષણ કર્યા વિના તેને ચાલશે નહિ. આ વિષય ઉપર શાસ્ત્રમાં કાંઇ ખાસ જણાવેલું નથી તેનું કારણ એટલુંજ કે તે એટલો તો સ્પષ્ટ અને સામાન્ય છે અને આપણી કુટુંબસંસ્થાને લીધે તે આચરાય છે તેથી ખાસ જણાવવાની અપેક્ષા રહેતી નથી. આ વિષય ઉપર ઉદાહરણ આપવાની પણ આવશ્યકતા નથી. પરંતુ પ્રશીઆમાં બનેલું એક સુંદર દૃષ્ટાંત અત્ર નોંધવા યોગ્ય લાગે છે. પ્રશીઆના રાજા ફ્રેડરીકે એક દિવસ ઘંટ વગાડયો અને કોઇ ચાકર હાજર ન થયો તેથી

તપાસ કરતાં, તેણે એક ઓરડીમાં ખવાસ તરીકે રાખેલા એક છોકરાને ઉંઘતો જોયો. તે તેને ઉઠાડવા જતો હતો પણ તેના ખિસામાં કાંઈ ચીઠી જેવું જણાયાથી તે વાંચવાની તેને જીજ્ઞાસા થઇ. ધીમે રહીને તે ચીઠી તેણે કાઢી તો તે છેકરાની માનો પત્ર નીકળ્યો. તેણે પોતાના પગારમાંથી પૈસા મોકલ્યા હતા તે બદલ છોકરાનો ઉપકાર માન્યો હતો અને પ્રાર્થના કરી હતી કે પોતાની માતાની દુઃખી અવસ્થામાં સંભાળ રાખવાને માટે પ્રભુ તારૂં કલ્યાણ કરો. રાજાએ પાછી ધીમે રહીને તે ચીઠી તેના ખીસામાં મુકી દીધી અને પૈસાની એક કોથળી લઇ આવીને તે પણ ધીમે રહીને તેમાં મુકી દીધી અને પછી બીજી ઓરડીમાં જઇને ઘંટ ખૂબ જોરથી વગાડયો એટલે પેલો છોકરો જાગ્યો અને રાજા સમીપ ગયો. રાજાએ પુછયું તું ખૂબ ઉંઘ્યો ખરૂં ને ? છોકરો ગભરાયો અને પોતાના ખીસામાં હાથ મુકે છે તેવોજ ફીકો પડી ગયો. રાજાએ પૂછયું, "કેમ શું છે!" તે છોકરો પગે પડીને બોલ્યો, "મહારાજ કોઇ મારૂં ખરાબ કરવા ઇચ્છે છે. આ પૈસા સંબંધી હું કાંઈ જાણતો નથી." રાજાએ કહ્યું, "પ્રભુ એમ કેટલીક વખત ઉંઘમાં સહાય કરે છે. એ પૈસા તું તારી માને મોકલજે અને તેને મારા નામથી લખજે કે હું તેની અને તારી સંભાળ લઈશ."

૬ ધર્મસૂચન.

'ધર્મસૂચન' નો ધર્મ પણ 'પોષણ' ની પેઠે મોટી વયે પ્રાપ્ત થાય છે. અન્ય ધર્મો સર્વ પુત્રોને માટે છે ત્યારે આ ધર્મ માત્ર શિક્ષિત પુત્રને માટે છે. પ્રથમના પાંચ ધર્મો માતાપિતાને સુખી અને પ્રસન્ન કરવાને અર્થે છે ત્યારે આ ધર્મ તેમના ઐહિક અને પારમાર્થિક હિતને માટે છે. સદ્‌ભાગ્યે પુત્ર શિક્ષિત હોય તો વ્યવહારાદિ અનેક પ્રસંગમાં જ્યાં માતાપિતા ધર્મથી સ્ખલિત થતાં હોય ત્યાં તેમના હિતાર્થ, ગુરૂની ઉપદેશની રીતિથી નહિ પરંતુ પુત્રની પ્રેમ અને વિનયની રીતિથી, ધર્મનું સૂચન કરવું એ પણ એક તેનું કર્તવ્ય છે. તેમના ધર્મ સંબંધી વિચાર અમુક પ્રકારના હોય

અને તે પુત્રને ખોટા લાગે, પરંતુ જો તે સામાન્ય નીતિની વિરૂદ્ધ ન જતા હોય તો પુત્રને વચ્ચે પડવાની જરાયે અપેક્ષા નથી. પુત્રને કેવળ વહેમ જણાય, પરંતુ તેમને મને ધર્મ હોય એવાં કૃત્યો પણ તેમને કરવા દેવાં અને તેમાં પુત્રે બને તેટલું સાહાય્ય આપવું. નીતિની વિરૂદ્ધ જો તેમનું ધર્મ માનેલું આચરણ થતું હોય તોજ પુત્રે વચ્ચે પડવાની જરૂર છે. પરંતુ ત્યારે પણ 'તમારે આમ કરવું જોઇએ અને આમ ન કરવું જોઇએ' ઇત્યાદિ રીતિએ આજ્ઞા કરવાનો પુત્રને અધિકાર નથી; પરંતુ નમ્ર અને માયાળુપણે તેમનો ધર્મ સૂચવવાનું કર્તવ્ય છે. કોન્ફ્યુશીયસે (Confucius) માતાપિતા પ્રતિના ધર્મોનું સંક્ષેપમાં બહુ સારૂં દિગ્દર્શન કર્યું છે. તે કહે છે કેઃ—

"In serving your father and mother, advise them with respectful gentleness, observing their desire do not disregard it; venerate and by no means contradict them. Used harshly you should not murmur."

અર્થ:—"માતાપિતાની સેવા કરવામાં તેમને માનપૂર્વક નમ્રતાથી સલાહ આપવી; તેમની ઇચ્છાનું પાલન કરવું (પણ) અનાદર ન કરવો; તેમના તરફ પૂજ્યબુદ્ધિ રાખવી અને કોઈ પણ રીતે તેમનો પ્રતિકાર કરવો નહિ. તમને અન્યાય થયો હોય છતાંએ તમારે બડબડવું નહિ."

સંક્ષેપમાં, તેમની યોગ્યતા અને અધિકાર લક્ષમાં રાખી, તેમને અનુકૂળ પડે એવી રીતે પ્રાપ્ત પ્રસંગોમાં તેમનું જીવન બને તેટલું ઉન્નત કરવા પ્રયત્ન સેવવો એ શિક્ષિત પુત્રનું કર્તવ્ય છે. ઉદાહરણાર્થ આપણાં માતાપિતાને ધર્મ ઉપર પ્રીતિ છે એમ સામાન્યતઃ કહી શકાય. તો ભગવદ્‌ગીતા, રામાયણ, શ્રીમદ્‌ભાગવત આદિ ધર્મપુસ્તકોમાંથી થોડું થોડું નિત્ય તેમની પાસે બેસીને વાંચવું એ તેમના આત્માને પ્રસન્ન અને ઉન્નત

કરવાનું સફલ નીવડે એવું કૃત્ય છે. માટે, બની શકે તો તે ખાસ કરવું. આપણાં પ્રિય મનુષ્યો હોય તેમને સ્થિતિ અનુસાર બોધ આપીને શ્રી• પરમાત્મા—કે જેમાંથી આ સર્વ ઉત્પન્ન થયું છે અને જેમા સર્વ લય પામે છે, જે **सत्, चित्** અને **आनंद** સ્વરૂપ છે તે પરમાત્માની અધિકારાનુસાર કાંઇક ઝાંખી કરાવવી, અને તેના ચિન્તનથી થતા અખંડાનન્દનો કાંઇક અનુભવ કરાવવો એ શું આપણું કર્તવ્ય નથી ? આપણા પ્રાચીન ઇતિહાસમાં કપિલમુનિએ પોતાની માતા દેહુતીને જ્ઞાન આપ્યાનું દ્રષ્ટાંત સુપ્રસિદ્ધ છે. યાજ્ઞવલ્કયે પોતાની સ્ત્રી મૈત્રેયીને જે મહાન્ બોધ કરેલો છે તે પણ સુવિખ્યાત છે. આપણાં માતાપિતાની ધર્મભાવના કેવા પ્રકારની છે તેનું નમુનારૂપ એક આધુનિક દ્રષ્ટાંત અત્ર આપવા યોગ્ય ધાર્યું છે. નાનપણમાં એક પુત્ર ચોમાસામાં નિશાળેથી બારોબાર, પોતાની માતા જે કથા શ્રવણ કરવા જતી હતી તે વરસાદમાં ભીંજાય નહિ એવા હેતુથી, છત્રી લઇને કથામાં જતો હતો. કથામાં રસ પડવાથી તે પણ ત્યાં રોજ જવા લાગ્યો. એક દહાડો કથામાંથી ઘેર આવતાં તેની માતાએ તેને પૂછ્યું કે, "ભાઈ, કપિલમુનિએ વૃદ્ધાવસ્થામાં પોતાની માતા દેહુતીને જ્ઞાન આપ્યું તેવું જ્ઞાન તું મને આપીશ ?" પુત્રે જવાબ આપ્યો, 'હા'. હવે તે પુત્ર મોટો થયો છે અને પ્રવૃત્તિના પંકમાં પડ્યો છે અને પોતાનું વચન કેવું પાળે છે તે જોવાનું છે.

૭ ऋणमोचन.

આ ધર્મ પણ 'પોષણ' અ 'ધર્મસૂચન'ની પેઠે સામાન્ય રીતે મોટી વયમાં પ્રાપ્ત થાય છે. આપણાં શાસ્ત્રોમાં પ્રત્યેક મનુષ્યને ઋણમાંથી મુક્ત થવા સવિશેષ પ્રબોધેલું છે. ઋણ ન વળાય તો નીતિનો ભંગ થાય છે, એટલુંજ નહિ પરંતુ ધર્મની ક્ષતિ થવાથી તે મહા પાપ ગણાય છે. એવા પાપી મનુષ્યને દેહ છોડ્યા પછી નર્કયાતના ભોગવવી પડે છે. ઋણ ત્રણ પ્રકારનાં છે. (૧) દેવઋણ, (૨) પિતૃઋણ ને (૩) મનુષ્યઋણ. તે સર્વ ઋણ મનુષ્યે વાળવાં જોઇએ. ઋણ શબ્દનો અર્થ સામાન્ય રીતે આપણે

જેને 'દેવું' કહીએ છીએ તેટલો સંકુચિત નથી, પરંતુ જે જે મનુષ્ય અથવા પ્રાણી તરફથી આપણને ઉપકારો થયા હોય તેના પણ આપણે ઋણી છીએ એમ આપણાં શાસ્ત્રોનું કહેવું છે.

હવે, પ્રત્યેક પ્રકારનું પિતાનું ઋણ આપી તેમને ઋણમુક્ત કરવા એ પુત્રનું કર્તવ્ય છે. પિતાની હયાતીમાં પુત્ર તેમનું ઋણ આપે તો તેમને પરમ સંતોષ થાય. પણ દૈવેચ્છાથી તેમ કરવું ન બને તો પુત્રનું વર્તન એવી રીતનું હોવું જોઇએ કે મરતી વખતે તેના પિતાને સંપૂર્ણ વિશ્વાસ રહે કે મારો પુત્ર મને ઋણમાંથી મુક્ત કરશે. પિતાના મરણ પછી પોતાના સુખ વૈભવનો વિચાર કરતા પહેલાં તેમનું ઋણ વાળવાનો વિચાર પ્રથમ કરવો અને તે સત્વર વાળી દેવું એ પુત્રનો પ્રથમ ધર્મ છે. ઋણના વિષય ઉપર બૃહસ્પતિ લખે છે કે 'જે મનુષ્ય પોતાનું દેવું વાળતો નથી તેનો જન્મ તેના લેણદારને ત્યાં એક ગુલામ, ચાકર, સ્ત્રી અથવા પશુ રૂપે થશે.' નારદ કહે છે કે 'કોઇ ભક્ત કે અગ્નિહોત્રી પોતાનું દેવું વાળે નહિ તો તેના સતકાર્યનું સર્વ પુણ્ય તેના લેણદારોને પ્રાપ્ત થાય છે. આ અનિષ્ટ ફલમાંથી મનુષ્યને મુક્ત કરવાનો ધર્મ શાસ્ત્રકારોએ તેની પુત્રસંતતિ ઉપર નાંખ્યો છે અને તેજ આધારે ઈ. સ. ૧૮૬૬ સુધી મુંબાઈ ઇલાકામાં, પિતાની કાંઇ પણ પુંજી મળી હોય કે ન મળી હોય છતાંયે પોતાની સ્વ-ઉપાર્જીત મિલકતમાંથી પણ પિતાનું દેવું આપવાને પુત્રને બંધાયલો ગણવામાં આવતો હતો; પરતુ તે સાલમાં સરકારે કાયદો પસાર કરીને પિતાની પુંજી જેટલોજ પિતાના ઋણને માટે પુત્રને જવાબદાર ગણ્યો છે.

ઉપર જણાવેલું છે કે 'ઋણ' શબ્દનો અર્થ સામાન્ય ભાષામાં આપણે જેને 'દેવું' કહીએ છીએ તેથી ઘણો બહોળો છે. તેનો અર્થ ઇંગ્રેજી શબ્દ 'Obligation' ની સમાન છે. દશરથ રાજાએ એક પ્રસંગે પોતાની સ્ત્રી કૈકેયીને બે વરદાન માગવા કહ્યું હતું તેના ઉત્તરમાં કૈકેયીએ કહેલું કે યોગ્ય સમયે તે માગીશ. દશરથ રાજાનો પોતાના પુત્ર રામચંદ્રજી ઉપર અતુલ

પ્રેમ હતો. તેમણે પોતાના પુત્રને વિદ્યાકળામાં કુશળ અને રાજ્ય ચલાવવામાં યોગ્ય થયો છે એમ જાણ્યું કે પોતાના મંત્રીઓની સલાહ લઈ તેમનો રાજ્યાભિષેક કરવાનું ઠરાવ્યું. રાજ્યાભિષેકને માટે સર્વ પ્રકારની તૈયારીઓ અને વ્યવસ્થાઓ થઈ હતી, પ્રજાજનમાં આનંદ વ્યાપી રહ્યો હતો, ગીતવાદિત્ર વાગતાં હતાં, તેવે સમયે—રાજ્યાભિષેકની પૂર્વ રાત્રિયે, દશરથ રાજા પોતે પોતાની પ્રિય પત્ની કૈકેયીને આ શુભ સમાચાર જણાવવા ગયા. કૈકેયીએ આ સમયનો અતિ દુષ્ટ રીતે લાભ લીધો. તેણે કહ્યું "તમે મને બે વરદાન આપવાનું કબૂલ કર્યું છે તે હવણાં હું માગું છું. તે એ કે રામને ચૌદ વરસ વનવાસ મોકલો અને ભરતને ગાદી આપો." દશરથ રાજા આ સાંભળી ચમકીને મૂર્છાવશ થયા. પછી ભાન આવ્યું ત્યારે તેમણે આખી રાત્રિ કૈકેયીને પગે પડીને અશ્રુ સહિત પ્રાર્થના કરી કે 'તું બીજું કાંઈ માગ.' પણ દુષ્ટ કૈકેયી એકની બે ન થઈ. પરોઢીએ કૈકેયીએ રામચંદ્રજીને તેડવા સુમંત્રને મોકલ્યા. રામચંદ્રજીએ આવી પ્રણામ કરી સવિનય પૂછ્યું કે, " મારા પિતાજી કેમ શોકાર્ત દીસે છે ? મારો કાંઈ અપરાધ થયો હોય તો કૃપા કરીને કહો." કૈકેયીએ કહ્યું, " તમારો કાંઈ અપરાધ નથી પણ એ વચનથી બંધાએલા છે. તેમનું વચન પાળીને તેમને મુક્ત કરવા તમારા હાથમાં છે." રામચંદ્રજીએ પૂછ્યું કે "તે શું છે તે કૃપા કરીને કહો." કૈકેયીએ કહ્યું, "તમે પાળો તો હું કહું." મારા પિતાનું વચન હું નહિ પાળું એવો પોતાના ઉપર કૈકેયીનો અવિશ્વાસ જોઈ રામચંદ્રને ખેદ થયો. તેમણે કહ્યું કે, " માતાજી, એમ શું બોલો છો ? એવું કોઈ પણ કાર્ય નથી કે જે મારા પિતાની આજ્ઞા પાળવાને હું નહિ કરૂં. એમની આજ્ઞા હોય તો હું વિષપાન કરવાને, અગ્નિમાં પડવાને અગ્ર જળમાં ડુબી મરવાને તૈયાર છું. માટે શું છે તે કૃપા કરી કહો." કૈકેયીએ કહ્યું, " એમણે મને હું માગું ત્યારે બે વરદાન આપવાનું વચન આપેલું છે. તે આજે મેં માગ્યાં કે રામચંદ્ર ચૌદ વર્ષ વનવાસ જાય અને ભરતને ગાદી મળે. પણ તે પ્રમાણે વર્તવું તેમને પરવડતું નથી. તેમને વચનના ઋણમાંથી મુક્ત કરવા તમારા હાથમાં છે." આ

સાંભળી રામચંદ્રજીના મુખારવિંદ ઉપર જરાયે અપ્રસન્નતાનું ચિહ્ન જણાયું નહિ. શાન્ત અને ગંભીર મુદ્રાથી તેમણે કહ્યું, "બસ એજ ને? મારા પિતાની આજ્ઞા મને શિરસાવંદ્ય છે, અને તેમની ઇચ્છા એ મારે મન આજ્ઞાજ છે. હું તેમ કરીશ અને તેમને વચનના ઋણમાંથી મુક્ત કરીશ." પછી તેવીજ મુખમુદ્રા સહિત તે ઘેર આવ્યા અને માતા કૌશલ્યાને આ વાત કહી. કૌશલ્યાએ ઘણુંએ સમજાવ્યું પણ ન રહ્યા અને ઉલટું કૌશલ્યાને દશરથ રાજા પ્રતિના ધર્મનું ભાન કરાવ્યું. કૌશલ્યાએ કહ્યું, "ભલે ભરત રાજ્ય કરે, પણ તું વનમાં ન જઈશ. હું તને ચૌદ વર્ષ સુધી છુપો રાખીશ." પરંતુ રામચંદ્રજીએ કહ્યું, "પિતાની આજ્ઞાનું કોઈ પણ પ્રકારે ઉલ્લંઘન કરવાની મારામાં શક્તિ નથી, અને કેવળ બાહ્યતઃ પાલન કરવા કરતાં તેમની આજ્ઞાઓનું તત્વતઃ પાલન થવું જોઈએ, માટે મને રજા આપો." પછી રામચંદ્રજી, સીતાજી અને લક્ષ્મણ વનકુળ પહેરીને વનવાસ જતી વખતે કૈકેયી માતાને નમન કરવા જાય છે એ ચિત્ર ખરેખરૂં મર્મભેદક છે. હાલના સમયમાં બોલેલા વચનની કાંઈ ગણનાજ થતી નથી ત્યારે પિતાના વચનને માટે રામચંદ્રજીએ ચૌદ વર્ષ વનવાસ સેવ્યો એ ઉદાહરણ લક્ષમાં રાખવા જેવું છે.

૮ तर्पण.

પ્રથમ છ ધર્મ—આજ્ઞાપાલન, પૂજ્યબુદ્ધિ, ઇચ્છાઅનુવર્તન, સેવા, પોષણ અને ધર્મસૂચન માતાપિતાની હયાતીમાં શરૂ થઈ મુખ્યતઃ તેમની હયાતીમાં પાળવાના છે. સાતમો ઋણમોચન ધર્મ તેમની હયાતીમાં અને તેમના મરણ પછી પાળવાનો છે. પણ હવેના એ ધર્મ તર્પણ અને શ્રાદ્ધ માતાપિતાના મરણ પછી કર્તવ્યનિષ્ઠ પુત્રે બજાવવાના છે. આ ઉપરથી સમજાશે કે હિન્દુ શાસ્ત્રકારો માતાપિતાના મરણની સાથે પુત્રધર્મનું પ્રકરણ સમાપ્ત નથી કરતા, પરંતુ તેમના મરણ પછી પણ તેમના આત્માની સદ્દગતિને અર્થે પુત્રને કરવાનાં કર્મો વિહિત કરે છે.

કર્મકાંડમાં બ્રાહ્મણોને કરવાનાં ષટ્કર્મ કહ્યાં છે તેમાં જે પુત્રનાં માતા-પિતા મરણ પામેલાં હોય તેને માટે પિતૃતર્પણ નિર્દિષ્ટ કરેલું છે. અત્ર જણાવવું જોઇએ કે આ સ્થળે તર્પણ શબ્દનો પ્રયોગ તેના રૂઢ અર્થમાં કરેલો છે. એટલે કે માતાપિતાના મરણ પછી તેમની તૃપ્તિને અર્થે મંત્રોચ્ચાર સહિત અંજલિ આપવી તે. આ પિતૃતર્પણ કરવાનો અધિકાર શાસ્ત્રકારોએ દ્વિજ વર્ગને આપ્યો છે અને તેને સંધ્યાદિકની સમાન નિત્યકર્મ ગણેલું છે. માતાપિતાના આત્માની સદ્દગતિને અર્થે પ્રાસંગિક ધર્મકૃત્ય કરવાનો અધિકાર સર્વ મનુષ્યને છે. આપણા લોકો યથાશક્તિ આવાં ધર્મકાર્યો કરે છે એ આનંદની વાત છે.

મનુ મહારાજ કહે છે કે:—

अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् ।
होमो देवो बलीर्भौतो नृयज्ञोतिथिपूजनम् ॥

અર્થ:—અધ્યયન કરવું એ બ્રહ્મયજ્ઞ છે. તર્પણ કરવું એ પિતૃયજ્ઞ છે, હોમ કરવો એ દેવયજ્ઞ છે, બલિ આપવાં એ ભૂતયજ્ઞ છે, અને અતિથિનું પૂજન કરવું એ મનુષ્યયજ્ઞ છે.

૯ શ્રાદ્ધ.

તર્પણની સમાન આ ધર્મ પણ માતાપિતાના મરણ પછી પ્રાપ્ત થાય છે. મરેલા મનુષ્યને શાસ્ત્રમાં પ્રેત કહે છે. અને મનુષ્ય મરણ પામે ત્યારે દહનાદિ ક્રિયા કરવામાં આવે છે તેને શાસ્ત્રમાં પ્રેતક્રિયા કહે છે. એ ક્રિયા કરવાનો ધર્મ પુત્રનો છે: પુત્રને અભાવે અન્ય કોઈ કરે. મનુષ્યનો પ્રાણમય–કોષ, અન્નમય–કોષ જ્યાંસુધી રહે છે, ત્યાંસુધી તેમાંથી નીકળ્યા પછી તેની આસપાસ ભમે છે. માટે તેને તેમ કરતો અટકાવવાને અને પિતૃલોકમાં તેને જવાનો માર્ગ સરળ કરી આપવાને અર્થે પ્રેતક્રિયા કરવામાં આવે છે. પિતૃલોકમાં જતાં જે સમય લાગે તે સમયમાં તે જીવના પોષણને અર્થે, અને પિતૃલોકમાં

ગયા પછી પિતૃઓની તૃપ્તિને અર્થે શ્રાદ્ધ યોજેલાં છે. મનુ મહારાજ કહે છે કેઃ—

ऋषयः पितरो देवा भूतान्यतिथयस्तथा ।
आशासते कुटुम्बिभ्यस्तेभ्यः कार्यं विजानता ॥
स्वाध्यायेनार्चयेदृषीन् होमैर्देवान्यथाविधि ।
पितृ न्छ्राद्धेन नृनन्नैर्भूतानि बलिकर्मणा ॥

અર્થઃ—ઋષિઓ, પિતૃઓ, દેવો, પ્રાણીઓ અને અતિથિઓ ગૃહસ્થ પાસેથી આશા રાખે છે, માટે તે જાણનારાએ (ગૃહસ્થે) તેમને ઉદ્દેશીને (તદર્થ) કાર્ય કરવાં. તેણે વેદાધ્યયનથી ઋષિઓનું, હોમથી દેવોનું, શ્રાદ્ધથી પિતૃઓનું, અન્નથી મનુષ્યોનું અને બલિથી (અન્ય) પ્રાણીઓનું પૂજન કરવું.

આ સ્થળ કાંઈ શ્રાદ્ધના વિષય ઉપર વિવેચન કરવાને માટે નથી; તેથી અત્ર વિસ્તારથી લખવું અનાવશ્યક છે. શ્રાદ્ધનું કર્તવ્ય શામાટે પ્રાપ્ત થાય છે એ પ્રશ્ન અત્ર સ્વાભાવિક રીતે ઉદ્‌ભવે માટે તેના ઉત્તરમાં શાસ્ત્રમાં આપેલો હેતુ સંક્ષિપ્ત રીતે દર્શાવ્યો છે. કયાં કયાં શ્રાદ્ધ કયે કયે પ્રસંગે કરવાનાં છે. તે આપણે અત્ર વર્ણવીશું નહિ; પણ માત્ર એટલું જ જણાવીશું કે શાસ્ત્રમાં શ્રાદ્ધ નહિ કરનારને મોટો અપરાધી ગણ્યો છે.

મનુ મહારાજ કહે છે કેઃ—

न निर्वपति यः श्रादघं प्रमीतपितृ कोद्विजः
इन्दु क्षये मासि मासि प्रायश्चित्तिभवेत्तुसः ॥

અર્થઃ—જેનો પિતા મરણ પામેલો છે એવો દ્વિજ પ્રત્યેક અમાવાસ્યાને દિવસે શ્રાદ્ધ ન કરે તો પ્રાયશ્ચિતને પ્રાપ્ત થાય છે. હાલના સમયમાં અમાવાસ્યાનું શ્રાદ્ધ થતું કાંઈ જણાતું નથી. પરંતુ વાર્ષિક શ્રાદ્ધનો પ્રચાર હજુ પણ ચાલુ છે. જે લોકોને શ્રાદ્ધમાં શ્રદ્ધા ન હોય તે લોકોને પણ એટલું તો કબૂલ કરવું પડશે કે તે પ્રસંગે આપણાં માતાપિતાનું સ્મરણ થાય છે અને તે નિમિત્તે કેટલાક આત્મા સંતોષવાનું સત્કૃત્ય થાય છે.

આ પ્રમાણે માતાપિતાના મરણુ પછી પણુ તેમની તૃપ્તિ અને સદ્‌ગતિને અર્થે આપણે કર્તવ્યો કરવાનાં છે. આ વિષયમાં ભગીરથ રાજાનું દ્રષ્ટાંત અનુપમ છે. પૂર્વે સગર રાજાએ અશ્વમેધયજ્ઞ આરંભ્યો હતો અને તે પ્રસંગે તેમના સાઠ હજાર પુત્રો અશ્વને કોઈ બાંધે તો તેને મુક્ત કરવાના કાર્યમાં પ્રવૃત્ત થયા હતા. અશ્વમેધયજ્ઞમાં વિઘ્ન આણવાના હેતુથી ઇન્દ્રે એ ઘોડો કપિલમુનિના આશ્રમમાં બાંધ્યો. અશ્વને માટે તે સાઠ હજાર પુત્રોએ બહુએ શોધ કરી પણ તે મળ્યો નહિ. છેવટે મહાશ્રમને અંતે કપિલમુનિના આશ્રમમાં દીઠો તેથી ક્રોધાવિષ્ટ થઈ મુનિના પ્રતિ અયોગ્ય વચનો ઉચ્ચારવા લાગ્યા. મુનિ સમાધિનિષ્ઠ હતા. તેમની સમાધિમાં ભંગ પડવાથી તેમણે પોતાની આંખો ઉઘાડી તેની સાથેજ જે અગ્નિ નીકળ્યો તેથી સગર રાજાના સાઠ હજાર પુત્ર બળીને ભસ્મ થઈ ગયા, અને તેમની અવગતિ થઇ. પછી પુત્રો પાછા ન આવવાથી સગર રાજાએ પોતાના પૌત્રને તેમની શોધ કરવા મોકલ્યો. તે પોતાના કાકાઓની આ સ્થિતિ જોઇ અત્યંત શોકાર્ત થયો. કપિલમુનિની પ્રાર્થના કરી ત્યારે તેમણે કહ્યું કે “ જો આ સ્થળે ગંગાજી પધારે તો તેમનો ઉદ્ધાર થાય; માટે ગંગાજીની તપશ્ચર્યા કરો.” અશ્વમેધ અશ્વમેધને ઠેકાણે રહ્યો અને મનઃપૂર્વક ગંગાજીની તપશ્ચર્યા કરવાનું કામ આરંભાયું. સગર રાજાના વંશની બે પેઢીઓ આ પ્રમાણે ગંગાજીની તપશ્ચર્યા કરવામાંજ ગઇ તોપણ ગંગાજી પ્રસન્ન થયાં નહિ. ત્રીજી પેઢીએ ભગીરથ રાજા થયા અને તેમણે એવી ઉગ્ર તપશ્ચર્યા આરંભી કે છેવટે ગંગાજી પ્રસન્ન થયાં, અને કહ્યું વરદાન માગ. ભગીરથે કહ્યું, “ માતાજી, મારા પૂર્વજોના ઉદ્ધારાર્થ આપ પૃથ્વી ઉપર પધારો.” ગંગાજી કહે, “ હા, મારી ના નથી પણ મારો પ્રવાહ એટલો શીઘ્ર અને તીવ્ર છે કે તેને ઝીલનાર કોઈ સમર્થ વ્યક્તિ હોવી જોઇએ; નહિ તો હું એકદમ પાતાળમાં ચાલી જઈશ.” તેટલા માટે શંકરની ઉપાસના કરવાનું કામ આરંભાયું. મહા મહેનતે તે સાધ્ય થયું અને આકાશમાંથી પડતા ગંગાજીના પ્રવાહને મહાદેવે પોતાની જટામાં ધારણ કરવાનું કહ્યું. પછી

ગંગાજીના મનમાં, મહાદેવને મારૂં સામર્થ્ય બતાવું એવું સહેજ અભિમાન થવાથી અતિ વેગમાં નીચે પડયાં. મહાદેવજીએ પોતાની જટામાં લઇને વાળના એક, બે અને ત્રણ આંટા વાળ્યા તેથી ગંગાજી અંદરજ ભરાઈ રહ્યાં અને ઘણાં મુંઝાયાં. ભગીરથ રાજાના કાર્યમાં વળી આ વિઘ્ન આવ્યું. શંકરની પુનઃ ઉપાસના કરી ત્યારે મહાદેવે એક લટ છોડી અને તેમાંથી ગંગાનો પ્રવાહ અસ્ખલિત ચાલવા માંડયો. હજુએ ભગીરથના કાર્યની સમાપ્તિ થઈ નહિ. જે રસ્તેથી ગંગાજી આવતાં હતાં તે રસ્તામાં જન્હુ મુનિનો આશ્રમ હતો. ભગીરથ રાજાએ પ્રાર્થના કરી કે મહારાજ ગંગાજીને માર્ગ આપો. પણ તે ઋષિ તપશ્ચર્યામાં નિમગ્ન થયેલા તે થોડીજ કોઈની પરવા કરે છે? છેવટે ગંગાનાં નીર પાસે આવ્યાં એટલે આચમન કરીને પી ગયા. મહા મહેનતે કિનારે આવેલું વહાણ ડૂબવા જેવી ભગીરથ રાજાની સ્થિતિ થઇ. ઋષિની બહુ બહુ પ્રાર્થના કરી, ઘણી ઘણી સ્તુતિ કરી ત્યારે પોતાની જંઘામાંથી તેમણે ગંગાજીને બહાર કાઢયાં અને પછી જે પ્રદેશમાં ભગીરથ રાજાના પૂર્વજો કપિલમુનિના નેત્રના અગ્નિથી બળીને ભસ્મ થઈ ગયા હતા તે પ્રદેશમાં ગંગાજીનાં પવિત્ર નીર આવવાથી તેમનો ઉદ્ધાર થયો. ભગીરથ રાજા મહા મહેનતે ગગાજીને પૃથ્વી ઉપર લાવ્યા માટે ગંગાજી ભાગીરથી કહેવાય છે. જુઓ, પોતાના પિતૃઓના ઉદ્ધારને અર્થે ભગીરથ રાજાએ કેટલો શ્રમ લીધો? એ શ્રમ એટલો બધો હતો કે હાલ અમુક કાર્યને માટે આપણને અત્યંત શ્રમ કરવો પડે તો શ્રમની પરાકાષ્ઠા દર્શાવવાને માટે આપણે એમ કહીએ છીએ કે આ કાર્યને માટે તો "ભગીરથ" પ્રયત્ન સેવવો પડયો છે.

પુત્રધર્મની વિરુદ્ધ વારંવાર મુકવામાં આવતી એક દલીલ અને તેનું નિરાકરણ.

આ સ્થળે આપણે એક ક્ષણવાર અટકીશું અને આપણે શું શું કર્યું તેનું સંક્ષેપમાં સ્મરણ કરીશું. પ્રથમ તો મનુષ્યત્વને અંગે જે ધર્મો પ્રાપ્ત થાય છે તેમાં માતાપિતા પ્રતિના ધર્મોનું સ્થાન ક્યાં છે તે આપણે જોયું. બીજું, પુત્રધર્મના ત્રણ આધાર જોયા, અને ત્રીજું પુત્રના માતાપિતા પ્રત્યેના તેમની હયાતીમાં અને તેમના મરણ પછી પાળવાના ધર્મો વર્ણવ્યા. હવે એ ધર્મો સુસ્થાપિત કરવાને માટે આધુનિક સમયમાં કેટલાક તરફથી પુત્રધર્મની સામે એક મોટી દલીલ વારંવાર આણવામાં આવે છે તેનું નિરાકરણ કરીને આપણે ઉપર વર્ણવેલા વિવિધ ધર્મોની મર્યાદાના વિષય તરફ વળીશું.

હાલના સમયમાં ઇંગ્રેજી કેળવણીના વિસ્તૃત પ્રચારથી જો કે અતિ સંગીન લાભો આપણને પ્રાપ્ત થયા છે છતાંયે આપણા સનાતન હિન્દુ ધર્મની ફરજીયાત કેળવણીના અભાવે, અને મીલ, હર્બર્ટ સ્પેન્સર આદિ કૃત પુસ્તકોના અભ્યાસને લીધે ઇંગ્રેજી કેળવણી લીધેલાઓમાંના ઘણાકમાં જડવાદનાં બીજ બહુજ ઘુસી ગયાં છે. કેટલાક યુવકો એવું વિધાન કરે છે કે માબાપે કામવાસનાથી પ્રેરિત થઈ પુત્રને ઉત્પન્ન કર્યો. જે કૃત્ય કર્યું તે પોતાના સુખને અર્થે, પોતાના ભોગને અર્થે કર્યું અને તેને પરિણામે પુત્રની ઉત્પત્તિ થઈ. તે પુત્ર કંઇ તેમને કહેવા નહોતો ગયો કે મને ઉત્પન્ન કરો. તો પછી તે પુત્રની સંભાળ રાખવી, તેને ઉછેરવો, મોટો કરવો, તેનું લાલનપાલન કરવું અને તે સર્વ પ્રકારે સુખી થાય એવાં સાધનો યોજવાં એ જવાબદારી નીતિશાસ્ત્રની દૃષ્ટિથી માતાપિતા ઉપર આવે છે. માટે તેમ કરવામાં કાંઈ તેઓ પુત્ર ઉપર ઉપકાર કરતાં નથી પણ પોતે જે ભોગ ભોગવેલા તેનું ન્યાય્યફલ ભોગવે છે. આમ હોવાથી, જે પુત્રધર્મ સંબંધી પોકાર કરીને વારંવાર કહેવામાં આવે છે તે બધું ખોટું છે. એટલેથીજ કાંઈ પતતું

નથી. પણ દરિદ્ર માતાપિતાને પેટે અવતાર લઇને અસંખ્ય પુત્રો દરિદ્રાવસ્થા ભોગવે છે, કેટલાકને તો પૂરૂં ખાવાપીવા પણ મળતું નથી અને ભૂખ, તરસ, ટાઢ અને તડકાનાં અનેક દુઃખો સહન કરવાં પડે છે. દુષ્ટ માબાપને ત્યાં જન્મ લઈ પુત્રો દુષ્ટ થઈ નઠારાં કર્મો કરતાં શીખે છે અને અંતે તે કૃત્યનાં પારિપત્ય ભોગવે છે. કયાં છોકરાઓ માબાપને કહેવા ગયા હતા કે અમને જન્મ આપીને દુઃખના દરિયામાં ઝોકાવો? અને જ્યારે તેમને આટલી આટલી વેદનાઓ માતાપિતાને પેટે જન્મ લીધાથી સહેવી પડે છે, ત્યારે તમે બધા! શંખધ્વનિથી પોકારો છો કે માબાપના અસંખ્ય ઉપકારો છે એ શું સત્ય કહો છો? ઉલટું, આવાં માતાપિતાએ તો પુત્રના પ્રતિ શત્રુનીજ ગરજ સારી એમ કહેશો તો સત્યને વિશેષ માન આપ્યું કહેવાશે.

અંગ્રેજી વિદ્યાના અભ્યાસી પરંતુ આપણા ધર્મશાસ્ત્રનાં મૂળતત્વોથી અજ્ઞાત એવા આપણા કેટલાક યુવકોને આ પ્રમાણે લાગે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આનું કારણ ધર્મની ફરજીઆત કેળવણીનો અભાવ એજ છે. મારો એક મિત્ર કે જેની સહૃદયતા માટે, જેના પ્રમાણિકપણા માટે, જેની દેશદાઝને માટે મને એકલાને નહિ, પણ જેના સહવાસમાં તે આવ્યો હતો તે સર્વનો ઉંચો અભિપ્રાય હતો, તે એક દિવસે મારી આગળ ઉપર પ્રમાણે વિધાન કરતો હતો. વાંક એનો નહોતો. ઇંગ્રેજી કેળવણી લીધેલી, જડવાદનાં શાસ્ત્રો વાંચેલાં, અને પ્રાચીન આર્યધર્મના સંસ્કારો જરાયે પડેલા નહિ; સ્વતંત્ર વિચાર કરવાની ટેવ પડેલી અને જે સત્ય લાગે તે બોલવાનો અભ્યાસ પડેલો. હવે, ઉપલા વિધાનમાં જે સ્થિતિ વર્ણવેલી છે તે બરોબર છે એમ કહ્યા વિના આપણને ચાલે એમ નથી. સાથે એમ પણ કહેવું પડશે કે ઉપર ઉપરથી જોનારને ઉપલા વિધાનની સત્યતા ભાસે એમ પણ છે. પરંતુ સૂક્ષ્મ રીતે અવલોકન કરતાં તે વિધાનમાં દોષ કાર્ય કારણના સંબંધમાં આવે છે. કહે છે કે માબાપે અમને શા માટે ઉત્પન્ન કર્યા? વસ્તુતઃ માબાપ કામવાસનાથી પ્રેરાઈ જે કાર્ય કરે છે તેથી કાંઈ તમે—એટલે તમારો આત્મા, જે સુખ દુઃખનો ભોક્તા છે તે—ઉત્પન્ન થતો નથી. કારણ તમારો

આત્મા અજર, અમર અને અનાદિ છે. માતાપિતાના કૃત્ય પહેલાં પણ તે હતો, તે કાંઈ નવો ઉત્પન્ન થયો નથી. વસ્તુસ્થિતિ એવી છે કે તમારાં સંચિત કર્મનું ફળ જે સ્થળે યથાસ્થિત ભોગવાય તે સ્થળે તમારા આત્માનું સ્વકર્મના બળે આકર્ષણ થયું; અને માતાપિતા તો માત્ર નૈમિત્તિક કારણ બન્યાં. ઉપાદાન કારણ તો તમે પોતેજ છો. માટે જે સુખ દુઃખ આ જન્મમાં આવ્યાને લીધે મનુષ્ય ભોગવે છે તેને માટે તેનાં માતાપિતાને જવાબદાર ગણવાં એ અન્યાય છે. કેટલાંક છોકરાં સારાં માબાપને ઘેર જન્મી સુખી થાય છે; કેટલાંક નઠારાંને ત્યાં જન્મી દુઃખી થાય છે એ બધું ન્યાયી પ્રભુના રાજ્યમાં યોગ્ય કારણ સિવાય હોઈ ન જ શકે. વસ્તુતઃ જેણે સત્કર્મો કર્યાં હશે તેનો સારાં માબાપને ત્યાં જન્મ થાય છે અને જેણે દુષ્કર્મો કર્યાં હશે તેનો નઠારાં માબાપને ત્યાં જન્મ થાય છે. તેટલા માટે પોતાના અપરાધ સારૂ માતાપિતાને દોષિત ઠરાવવાં એ યોગ્ય ન કહેવાય.-

મનુ મહારાજ કહે છે કેઃ —

कामान्मातापिता चैनं यदुत्पादयतो मिथः ।
संभूति तस्यांत विद्याद्ययोनावभिजायते ॥

અર્થ:—માતા પિતા પરસ્પર કામવાસનાથી જેને જન્મ આપે છે તેનું —જે યોનિમાં ઉત્પન્ન થાય છે તે તો—પાર્થિવ શરીર છે, એમ જાણવું.

આપણામાં એ લોકોક્તિ છે કે ' માબાપ આપે જનમ અને ભોગવે પોતાનું કરમ. ' આ ઉપરથી ' મને ઉત્પન્ન શા માટે કર્યો ' એ દલીલ તો ઉડી ગઈ. હવે જન્મ થયા પછી પ્રત્યેક માતાપિતા પોતાનાં છોકરાંને ઉછેરવામાં અને મોટાં કરવામાં અતુલ શ્રમ લે છે અને તેમના પ્રતિ પ્રેમથી વર્તે છે એ તો કોઈનાથીએ ના પડાય તેમ નથી. માટે, પુત્રનાં તેમના પ્રતિ ઉપર જણાવેલાં કર્તવ્યો છે.

पुत्रधर्मनी मर्यादा.

હવે ઉપર વર્ણવેલા પુત્રધર્મની મર્યાદાનું પ્રકરણ આરંભીશું. મનુસ્મૃતિના દ્વિતીય અધ્યાયમાં વર્ણવેલા માતાપિતા પ્રતિના ધર્મના શ્લોકો જો શબ્દશઃ જોઇએ, તો માતાપિતા પ્રતિના ધર્મોની કાંઈ મર્યાદા નથી એમ પ્રતીત થાય એવું છે. મનુ મહારાજ લખે છે કેઃ—

तेष्वेव त्रीषु तुष्टेषु तपःसर्वं समाप्यते ।

અર્થઃ—તે ત્રણ (માતા, પિતા અને આચાર્ય) સંતુષ્ટ થયાથી સર્વ તપ સંપૂર્ણ થાય છે.

न तैरभ्यननुज्ञातो धर्ममन्यं समाचरेत् ।

અર્થઃ—તેમની અનુજ્ઞા વિના અન્ય ધર્મ કરવો નહિ.

यावत्त्रयस्ते जीवेयुस्तावन्नान्यं समाचरेत् ।
तेष्वेव नित्यं शुश्रूषां कुर्यात्प्रियहितेरतः ॥

અર્થઃ—જ્યાં સુધી તે ત્રણ જીવે ત્યાં સુધી બીજું કાંઈ કરવું નહિ. તેમનું હિત અને પ્રિય કરવામાં તત્પર રહી નિત્ય તેમની જ સેવા કરવી.

तेषामनुपरोधेन पारभ्ये यद्यदाचरेत् ।
तत्तन्निवेदयेत्तेभ्यो मनोवचनकर्मभिः ॥

અર્થઃ—મન, વચન અને કર્મથી જે પરલોક સંબંધી આચરણ કરવું તે તેમના મનને દુભાવ્યા વિના કરવું અને તેમને નિવેદન કરવું.

त्रिष्वेतेष्विति कृत्यं हि पुरुषस्य समाप्यते ।
एष धर्मः परः साक्षादुपधर्मोऽन्य उच्यते ॥

અર્થઃ—એ ત્રણેમાં (એટલે એ ત્રણેની સેવા કરવામાં) પુરુષનું સર્વ કર્તવ્ય સંપૂર્ણ થાય છે. એ સાક્ષાત્ પરમ ધર્મ છે, બીજો ઉપધર્મ કહેવાય છે.

આ બધા શ્લોકોનું તારતમ્ય એ છે કે મનુષ્યને માતાપિતા પ્રતિના: ધર્મો પ્રધાન છે, અન્ય ધર્મો ગૌણ છે. અન્ય ધર્મો પાળવા હોય તો માતા પિતાની અનુજ્ઞા લઇને, તેમનું દિલ દુભાવ્યા વગર અને તેમની સેવામાં તે વિઘ્ન રૂપ ન થઈ પડે તેની સંભાળ રાખીને પાળવા. હવે, આ શ્લોકોને આ પ્રમાણે અક્ષરશઃ લઇએ તો પુત્રધર્મ પરમ ધર્મ હોવાથી જ્યારે જ્યારે તે ધર્મનું અન્ય ધર્મોની સાથે સંઘટ્ટન થાય, ત્યારે તેને પ્રથમ સ્થાન આપવું; અર્થાત્ પુત્રધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ હોઈ અમર્યાદિત છે એમ અર્થ થાય. મનુ મહારાજનો આમ કહેવાનો આશય હોય એમ જણાતું નથી. કારણ કે, મનુ મહારાજ પોતે જ ચોથા અધ્યાયમાં ધર્મ સંબંધી લખતાં કહે છે કે:—

नामुत्रहि सहायार्थं पितामाता च तिष्ठतः ।
न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः ॥

અર્થ:—પરલોકમાં સહાયને અર્થે પિતા, માતા, સ્ત્રી, પુત્ર અને જ્ઞાતિ જન (કોઈ) ઉભાં રહેતાં નથી, કેવળ ધર્મ ઉભો રહે છે. આ શ્લોકમાં ધર્મ શબ્દનો પ્રયોગ પુત્રધર્મના અર્થમાં કરવામાં આવ્યો નથી પરંતુ સામાન્ય ધર્મના અર્થમાં કરેલો છે એમ પૂર્વાપર સંબંધથી સ્પષ્ટ જણાય છે. સર્વ ધર્મનો તમે સંચય કરો, કારણ તે જ તમને પરલોકમાં સહાય કરશે; માતાપિતાદિ નહિ કરે એ આ અને આની સાથે આવેલા બીજા શ્લોકોનો ભાવાર્થ છે. આ શ્લોકસમૂહમાં મનુ મહારાજ 'ધર્મ' ના કરતાં માતાપિતાની ગણના કમી કરે છે અને સર્વથી શ્રેષ્ઠ 'ધર્મ' એ 'ધર્મ' નું પાલન કરવું અને તેનો ક્રમે ક્રમે સંચય કરવો એમ પ્રબોધે છે.

આ ઉપરથી પ્રતીત થશે કે પુત્રધર્મને મર્યાદા નથી એમ કહેવાનો મનુ મહારાજનો હેતુ નથી. સર્વ ઉચ્ચ ધર્મો પૈકી પુત્રધર્મ એક હોવાથી તે ધર્મની ઉચ્ચતા દર્શાવવા સારૂ **"वरघोटक"** ન્યાય પ્રયાણે મનુ મહારાજના શ્લોકો પ્રશંસાત્મક છે.

પુત્રધર્મની મર્યાદા અન્ય શાસ્ત્રગ્રંથોના આધારથી પણ સિદ્ધ થાય છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા લ્યો. તેમાં “મને” મળવાને સર્વ પ્રાણી પ્રયત્ન કરો, પ્રત્યેક કર્મ “મને” અર્પણ કરો એ પ્રમાણે શ્રી કૃષ્ણનો ઉપદેશ છે.

વળી, આપણા શાસ્ત્રનું મહાન્ તત્વ ‘ नहिसत्यात्परोधर्मः ’ (સત્ય કરતાં અન્ય શ્રેષ્ઠ ધર્મ નથી) એ છે. એટલે પુત્રધર્મ કરતાં પણ સત્યનો ધર્મ શ્રેષ્ઠ છે.

આ ઉપરથી પ્રતીત થશે કે શાસ્ત્રની દૃષ્ટિએ પુત્રધર્મ અતિ ઉચ્ચ છે એ વાત ખરી; પરંતુ તે અમર્યાદિત નથી. હવે, એ મર્યાદા કયા પ્રકારની, કેટલી અને કયાં કયાં છે તે પ્રશ્ન ચર્ચીશું.

૧ પ્રભુ પ્રતિના ધર્મની સાથે પુત્રધર્મનું સંઘટ્ટન.

પ્રથમ તો પ્રભુ પ્રતિ આપણા ધર્મ હોવાથી પુત્રધર્મની એક દ્રષ્ટિથી મર્યાદા બંધાય છે. એક દેવ જે સર્વભૂતનો અંતરાત્મા છે, અને સર્વનો સાક્ષી છે, જે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છે તે પરમાત્માને પ્રાપ્ત કરવાને, તેનું સ્વરૂપ પામવાને અધિકારી થવા સારૂ જગત્ એ એક મહાન્ શાળા છે. આ જગત્માં જે સ્થિતિમાં આપણાં કર્મના બળે આપણે મુકાઇએ તે સ્થિતિના પ્રાપ્તધર્મો બજાવવા અને તે સર્વ ભગવદર્પણ કરવા એ પ્રભુની એક મોટી સેવા છે. આ રીતે પુત્રધર્મ, પિતૃધર્મ, પતિધર્મ, ભ્રાતૃધર્મ વગેરે મનુષ્યત્વને અંગે રહેલા સર્વ ધર્મ યથાસ્થિત પાળવા એ પ્રભુસેવા હોવાથી, પુત્રધર્મ પાળવો એ પણ એક પ્રકારની પ્રભુસેવા છે. પરંતુ પ્રભુપ્રતિના ધર્મનું તે એક અંગ છે; પ્રભુપ્રતિનો ધર્મ તે મહાન્ ધર્મ છે એ વાત લક્ષમાં રાખવાની છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે કે:—

पिताहमस्य जगतो भ्राता माता पितामहः ।
भर्ता निवासः शरणं सुहृत् ॥

અર્થ:—આ જગતનો હું પિતા છું, ભ્રાતા છું, માતા છું, પિતામહ (એટલે પિતાનો પિતા) છું, ભર્તા છું, સખા છું અને (સર્વ પ્રાણીનું) આશ્રયસ્થાન છું.

આમ હોવાથી, પુત્રધર્મ પ્રભુપ્રતિના ધર્મને અનુકૂળ હોય ત્યાં સુધી પાળવો; જ્યાં પ્રતિકૂળ જતો હોય ત્યાં ન પાળવો. ઉદાહરણાર્થે, માતાપિતાની આજ્ઞાઓ પ્રભુની આજ્ઞાઓ વિરૂદ્ધ જતી હોય તો ન માનવી. કારણ કે માતાપિતા પોતેજ પ્રભુની આજ્ઞાઓ પાળવાને બંધાયલાં છે; તેથી પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ તેમની આજ્ઞાઓ ધર્મ્ય નથી. આ વાત એક સરસ દ્રષ્ટાંતથી સહેલાઇથી સમજાશે. લશ્કરના માણસોએ સેનાપતિનો હુકમ તો માનવો જોઇએ; પરંતુ એ સેનાપતિ રાજાની વિરૂદ્ધ લશ્કરને બંડ કરવાની આજ્ઞા કરે તો લશ્કરે તે માનવાની નથી. તેવીજ રીતે પુત્રની બાબતમાં છે. પરંતુ આવે સમયે જ્યાં માતાપિતાની આજ્ઞાઓનું સ્ખલન કરવું પડે ત્યાં તેમના પ્રતિની પૂજ્યબુદ્ધિ તજવાની નથી, તેમજ તેમના પ્રતિના અન્ય ધર્મોમાંથી મુક્ત થવાનું નથી એ વાત સ્મરણમાં રાખવાની છે.

આ સંબંધમાં ગુજરાતીમાં નરસિંહ મહેતો નીચે પ્રમાણે ગાય છે;

પદ–(ઠુમરીનો રાગ)

" નારાયણનું નામજ લેતાં વારે તેને તજીએ રે—ટેક.
" ઘર તજીએ ઘરધંધો તજીએ તજીએ મા ને બાપ રે,
" ભગિની સૂત ભ્રાતાને તજીએ તજીએ સૌ સંસાર રે—નારા૦
" પ્રથમ પ્રલ્હાદે પિતા તજીઆ ન તજ્યું એનું નામ રે,
" ભરત શત્રુઘ્ને જનેતા તજીઆં ન તજીઆ શ્રીરામ રે—નારા૦
" વૃજ વનિતા વિઠ્ઠલને સારૂ તજીઓ સૌ સંસાર રે,
" ૠષિપત્નીએ પતિને તજીઆ પામી પદારથ ચાર રે—નારા૦
" ભણે નરસૈયો વંદ્રાવનમાં રાસ રમે તે રતિએ રે,
" હરિનું સમરણ કરતાં કરતાં તજીએ સૌ સંસાર રે—નારા૦

પ્રસ્તુત વિષયમાં ઉપરના પદમાં આપેલું પ્રલ્હાદનું દ્રષ્ટાંત ઉત્તમ છે. પ્રલ્હાદનો પિતા હિરણ્ય-કશિપુ રાક્ષસ હતો. તેને અને શ્રી હરિને હાડવૈર. તેથી પોતાના પુત્રને મ્હોએ પોતાના શત્રુનું નામસ્મરણ થતું કેમ સાંખી શકે ? પુત્રના ઉપર તેનો પ્રેમ તો ઘણોયે હતો, પરંતુ પુત્રની આવી વર્તણુકને લીધે પિતાને અતિ ખેદ ઉપજતો હતો. પુત્રને બહુએ વિનવ્યું, આજ્ઞા કરી, તાડન કર્યું, મરણભય દર્શાવ્યો; પરંતુ પ્રલ્હાદ પરમ ભક્ત—અને પરમ ભક્તનું હૃદય તો શું પણ સર્વાંગ રોમેરોમ પ્રભુમય—ત્યાં ભયને ક્યાંથી સ્થાન મળે ? હિરણ્યકશિપુના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. છેવટે પ્રલ્હાદને મારી નાંખવાનો હિરણ્યકશિપુએ નિશ્ચય કર્યો. તેને હાથીના પગતળે વટાવી નાંખવાના હેતુથી હાથીના પગની સાંકળે બાંધ્યો, પર્વતની ટોંચ ઉપરથી ફેંકી દીધો, વિષપાન કરાવ્યું ઇત્યાદિ અનેક પ્રયત્નો કર્યા; પરંતુ પ્રભુના ભક્તને જરાયે ઉની આંચ ન આવી. એક દિવસે અતિ ક્રોધના આવેશમાં હિરણ્યકશિપુએ પૂછ્યું કે "તારા પ્રભુ ક્યાં છે ?" પ્રલ્હાદે કહ્યું, "સર્વ જગ્યાયે છે." "ત્યારે આ સ્તંભમાં છે ?" "હા. તેમાંયે મારા પ્રભુ છે." પછી થાંભલો ધગધગાવ્યો અને કહ્યું, "તારા પ્રભુ તેમાં હોય તો તેને ભેટ." પ્રલ્હાદ જરાયે કચવાયા સિવાય થાંભલાને ભેટ્યો કે થાંભલો ફાટ્યો અને નૃસિંહરૂપ ધારણ કરી પરમાત્માએ હિરણ્યકશિપુનો વધ કર્યો એ વાત સુવિદિત છે.

પ્રભુના નામસ્મરણ વિરૂદ્ધ માતાપિતાની આજ્ઞાઓ જતી હોય તો માનનીય નથી એ સંબંધમાં પ્રલ્હાદનું દ્રષ્ટાંત કહ્યું. હવે, પ્રભુની આજ્ઞાઓ વિરૂદ્ધ પુત્રધર્મ જતો હોય તે સંબંધી કાંઇક કહીએ. ઉપર જણાવેલુંજ છે કે આવા પ્રસંગમાં માતાપિતાની આજ્ઞાઓ માન્ય નથી. પરંતુ પ્રભુની આજ્ઞાઓ તે શું એ સંબંધી વિવેચન કરવાનું હજુ રહ્યું છે. સામાન્ય રીતે ધર્મનું પાલન અને નીતિમય જીવન એ પ્રભુની આજ્ઞાઓ છે. આપણાં શાસ્ત્રોમાં તેને સત્ય ધર્મ કહે છે. એ સત્ય ધર્મ વિરૂદ્ધ કોઇએ આચરણ કરવું નહિ એવો સર્વ શાસ્ત્રોનો આદેશ છે. કહ્યું છે કેઃ—

"नहि सत्यात्परो धर्मः।"

અર્થઃ—સત્ય કરતાં અન્ય શ્રેષ્ઠ ધર્મ નથી. વળી કહ્યું છે કે,

संत्यज्य सर्वं शास्त्राणि संत्यज्यामुंच संग्रहम्।
ऋतपूतं मनःपूतं सत्यपूतं समाचरेत् ॥

અર્થઃ—સર્વ શાસ્ત્રોનો અને આ સર્વ સંગ્રહનો ત્યાગ કરીને ઋતપૂત, મનઃપૂત અને સત્યપૂત (એમ ત્રણ ગળણે ગળેલું) આચરણ કરવું.

આ ઉપરથી પ્રતીત થશે કે માતાપિતાની આજ્ઞાઓ સામાન્ય ધર્મથી, નીતિથી અથવા સત્યથી વિરૂદ્ધ હોય તો તેમનું પાલન કરવાનું નથી. આ બાબતમાં આપણા પ્રાચીન ઇતિહાસનાં એક બે ઉદાહરણ આપીશું.

કુરૂક્ષેત્રમાં યુદ્ધ ચાલતું હતું ત્યારે એક પ્રસંગે કુંતિ માતાએ કર્ણને પાસે બોલાવીને કહ્યું કે, "હું તારી માતા છું." તે વાતની સાક્ષી આપવાને સૂર્યદેવ સાક્ષાત્ નીચે ઉતર્યા અને કર્ણને કહ્યું, "હે પ્રતાપી પુત્ર! તારી માતા સત્ય કહે છે." પછી કુંતીજીએ કહ્યું, "તું દુર્યોધનના પક્ષને તજી દઈ તારા ભાઇઓના પક્ષમાં જા. તું જ્યેષ્ઠ પુત્ર હોવાથી તને ગાદી મળશે અને તમારે કોઈને માથે ભ્રાતૃહત્યાનું પાપ નહિ ચોટે." સૂર્યદેવે પણ કહ્યું, "પુત્ર, તારી માતાના કહ્યા પ્રમાણે કર." પરંતુ કર્ણ શું કહે છે? "આ-જસુધી મેં દુર્યોધનનું લૂણ ખાધું છે, દુર્યોધનને લીધે આ સુખસંપત્તિ હું ભોગવું છું, હવે આવા પ્રસંગમાં તેને તજીને તેના શત્રુઓને મળવું એ મારો ધર્મ નથી; પરંતુ તેને માટે મારો પ્રાણ આપીને પણ તેનું ઋણ વાળવું એ મારો ધર્મ છે. માતાજી, મને અતિ ખેદ થાય છે કે આ વાત તમે મને આટલી મોડી કહી. છતાંયે તમારા ચાર પુત્રોને હું નહિ મારૂં. કાં તો હું અર્જુનને મારીશ કે કાં તો અર્જુન મને મારશે; એટલે તમારે પાંચના પાંચ રહેશે."

સત્યઃધર્મને માટે માતાની આજ્ઞા નહિ માનેલી એ બાબતમાં બીજું ઉદાહરણ ભરતનું છે. રામચંદ્રજી વનવાસ ગયા પછી તેમના વિયોગે દશરથ રાજા મરણ પામ્યા, એટલે કૈકેયીએ પોતાનો પુત્ર ભરત કે જે બહાર ગામ હતો, તેને ત્યાંથી બોલાવ્યો. ભરતે આવીને તરતજ રામચંદ્રજીના સમાચાર પૂછ્યા. ઉત્તર મળ્યો કે "તેઓ વનવાસ ગયા છે." "એ કાંઈ અપરાધ કરે એવા નથી, શા અપરાધને માટે એમને વનવાસ મોકલવામાં આવ્યા છે"? "ભાઇ, એમણે અપરાધ કર્યો નથી, પણ એ તો તારા હિતને માટે મેં કર્યું છે." પછી સઘળી વાત કહીને અંતમાં કૈકેયીએ કહ્યું, "માટે ભાઈ, તું નિષ્કંટક રાજ્ય કર. ચૌદ વર્ષમાં તો તું એટલો યશસ્વી અને પ્રતાપી થઇશ, કે પછી રામની મગદુર નથી કે તને ગાદી ઉપરથી દૂર કરી શકે." આ સાંભળી ભરતને પોતાની માતા ઉપર અતિ ક્રોધ થયો. ક્રોધાવેશમાં તેણે મન્થરાનો અને કૈકેયીનો તિરસ્કાર કર્યો તે જો કે અયોગ્ય કહેવાય તોપણ ક્ષમ્ય છે; અને બોલ્યો, "ક્ષાત્રધર્મ પ્રમાણે જ્યેષ્ઠ પુત્ર ગાદીનો અધિકારી છે; તે ધર્મનું ઉલ્લંઘન કરીને, મારા મોટાભાઈના હક ઉપર તરાપ મારીને મારે રાજ્ય નથી કરવું." પછી અતિ શોકાર્ત થઈ પોતાના પિતાની પ્રેતક્રિયા કરી રામચંદ્રજીને વિનવવા ગયો અને પ્રણામ કરી શોકથી ગદ્‌ગદ કંઠે કહ્યું કે "રાજ્ય કરવાનો અધિકાર આપનો છે મારો નથી, અને હું તે નહિ કરૂં." ઇત્યાદિ સર્વ ભરતનું કૃત્ય ઉચિત હતું એમ કહ્યા વિના ચાલતું નથી. છેવટે, રામચંદ્રજીના અત્યાગ્રહથી ભરતે ચૌદ વર્ષ સુધી રામની પાદુકાઓને ગાદી ઉપર મુકી રામને નામે રાજ્ય ચલાવ્યું.

માતા અને પિતા બન્ને પ્રતિના પુત્રધર્મોનું સંઘટ્ટન.

માતા અને પિતા એ બન્ને પ્રતિના પુત્રધર્મ વર્ણવ્યા અને એમ પણ જણાવ્યું કે પ્રભુપ્રતિના ધર્મ માતાપિતા પ્રતિના ધર્મ કરતાં શ્રેષ્ઠ હોવાથી જ્યાં પરસ્પર વિરોધ આવે ત્યાં પ્રભુપ્રતિના ધર્મો પાળવા. અસ્તુ. હવે માતા

પ્રતિના ધર્મો અને પિતા પ્રતિના ધર્મો વચ્ચે વિરોધ આવે ત્યારે શું કરવું એ પ્રશ્નનું નિરાકરણ થવું જોઇએ. શાસ્ત્રમાં પત્નીને પતિની અર્ધાંગના ગણેલી છે અને પતિ પત્ની બે જુદી જુદી વ્યક્તિઓ નથી પરંતુ બંને મળીને એક વ્યક્તિ થાય છે. આમ હોવાથી, બંનેને પરસ્પર અનુકૂળ રહેવાનું પ્રબોધેલું છે. જો આ પ્રમાણે માતા પિતા ધર્મનું પાલન કરે તો બન્નેપ્રતિ પુત્રને પાળવાના ધર્મોમાં વિરોધ આવવાનો સંભવ નથી. પરંતુ શાસ્ત્રમાં તો શું થવું જોઇએ તે લખે છે, શું થાય છે તે લખતા નથી; અને વ્યવહારમાં માતા અને પિતા પ્રતિના ધર્મો પાળતાં પુત્રની "સૂડી વચ્ચે સોપારી" જેવી સ્થિતિ ઘણી વખતે થાય છે.

મનુ મહારાજ કહે છે કે:—

उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता ।
सहस्रं तु पितृन्माता गौरवेणातिरिच्यते ॥

અર્થ:–ઉપાધ્યાય કરતાં આચાર્ય દશ ગણા અધિક પૂજ્ય છે, આચાર્ય કરતાં પિતા સોગણા અધિક પૂજ્ય છે અને પિતા કરતાં માતા હજારગણાં અધિક પૂજ્ય છે.

વળી તૈત્તરીય ઉપનિષદ્‌માં માતાપિતાને દેવ સમાન ગણવા ઉપદેશ કર્યો છે. તેમાં **मातृ देवो भव** પ્રથમ આવે છે; **पितृ देवो भव** પછી આવે છે, અને **आचार्य देवो भव । अतिथि देवो भव ।** વગેરે ત્યાર પછી આવે છે. આ ઉપરથી પ્રતીત થશે કે શાસ્ત્રકારોએ પિતા કરતાં માતાનું અધિક ગૌરવ કરેલું છે, અને તે સત્ય છે. ખરેખર! માતાનો પ્રેમ આ જગતમાં અદ્વિતીય છે. આ ઉપરથી એમ અનુમાન થાય કે પુત્ર મોટો થયા પછી તેની માતાના ઉપર ઘરમાં મોટીમા (દાદી) તરફથી કિંવા પિતા તરફથી વારંવાર અન્યાય કે જૂલમ થતો હોય તો તે ન થાય તેની સંભાળ રાખવી એ પુત્રનું કર્તવ્ય છે; પરંતુ જ્યાં માતાપિતાની આજ્ઞાઓ પરસ્પર વિરૂદ્ધ હોય ત્યાં માતાની આજ્ઞાઓજ માનવી એમ કાંઈ સિદ્ધ

ચતું નથી. ત્યારે શું કરવું ? **જે આજ્ઞા નીતિને અને ધર્મને અનુકૂળ હોય તે પાળવી અને પ્રતિકૂળ હોય તે ન પાળવી.** ઉદાહરણાર્થે, શ્રી રામચંદ્રજી પોતાના પિતાને વચનના ઋણમાંથી મુક્ત કરવાને વનવાસ જવા નિકળતી વખતે કૌશલ્યા માતાને પ્રણામ કરવાને ગયા ત્યારે કૌશલ્યા માતાનો પ્રેમ ઘડીક તેમની પતિ પ્રત્યેની ફરજ ભૂલાવી દઈ શું કહેવરાવે છે ? “ પુત્ર તું વનવાસ ન જા. એવી આજ્ઞાઓ માનવાને તું બંધાયલો નથી. ” પુત્ર માનતો નથી ત્યારે કૌશલ્યા કહે છે કે “ હું તને છાનોમાનો રાખીશ પણ તું વનવાસ ન જા. ” પણ રામચંદ્રજીએ તે એ ન માન્યું અને ઉલટું પોતાનાં માતાજીને તેમની દશરથ રાજા પ્રતિની ફરજોનું સ્મરણ કરાવ્યું. આથી વિશેષ સબળ ઉદાહરણ જમદગ્નિ અને પરશુરામનું છે. એક પ્રસંગે પરશુરામની માતા જેઓ એક મહાન્ સતી હતાં તેમને એક ગાંધર્વનું અતિ સુંદર સ્વરૂપ જોઇ ક્ષણિક મોહ ઉપજ્યો અને મનમાં એવો વિચાર થયો કે આ ગાંધર્વનું કેવું સુંદર સ્વરૂપ છે ? તરતજ પોતાની સ્થિતિનું સ્મરણ થતાંજ આ મલિન વિચારને અટકાવ્યો ને પોતે પશ્ચાત્તાપ નિમગ્ન થયાં. જમદગ્નિ જેઓ મહાતપસ્વી હતા તેઓએ જ્ઞાનચક્ષુથી પોતાની સ્ત્રીની ભ્રષ્ટતા જોઈ અને તેથી અતિ ક્રોધાવિષ્ટ થઇ પોતાના પુત્ર પરશુરામને એવી આજ્ઞા કરી કે “ તારી માતા ભ્રષ્ટ થઇ છે માટે તારી પરશુથી તેનો શિરચ્છેદ કર. ” તરતજ પરશુરામે કાંઈ પણ વિચાર કર્યા સિવાય પોતાની માતાનો શિરચ્છેદ કર્યો. આજના સમયમાં પરશુરામની વર્તણુક ઉપર ટીકા કરનારાઓ બહુ નિકળશે. પરંતુ આપણે ભૂલવું જોઇતું નથી કે તે યુગ ધર્મનો હતો, ધર્મને માટે પોતાની કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને મનુષ્યો જરાયે અચકાતા નહિ, અને અમુક પર પુરૂષ સુંદર છે એવી સ્ત્રીના મનમાં કલ્પના થવી તે તે સમયમાં વસ્તુતઃ વ્યભિચાર કર્યા જેટલું પાતકી ગણાતું. પરશુરામને પોતાની માતા પ્રતિ પ્રેમ નહોતો એમ નહોતું તે હવણાં જ પ્રતીત થશે. જમદગ્નિ પોતાના પુત્રની આવી આજ્ઞાપાલકવૃત્તિ જોઈ અતિ પ્રસન્ન થયા અને કહ્યું, ‘ પુત્ર વરદાન માગ. ’

તરત જ પરશુરામે હાથ જોડીને કહ્યું, 'મારી માતાને સજીવન કરો.' તરત જ તે પ્રમાણે થયું અને પરશુરામનાં માતાજી પાપમાંથી મુક્ત થઇને સજીવન થયાં.

હવે જ્યાં માતાપિતાની આજ્ઞાઓ ધર્મથી પ્રતિકૂળ ન હોય પરંતુ પરસ્પર વિરોધી હોય, દાખલા તરીકે બાપ કહે કે તું ક્રીકેટ રમવા જજે, મા કહે તું ન જઇશ; બાપ કહે તું આવી સાદી ટોપી લેજે, મા કહે તું ભરેલી મખમલની લેજે. વગેરે—**ત્યાં પિતાની આજ્ઞાઓને માન આપવું.** કારણ કે પિતાની આજ્ઞાઓ પાળવાને માતા ધર્મથી બંધાયલાં છે. માટે, પિતાની વિરૂદ્ધ જે આજ્ઞાઓ તે કરે તે ધર્મ્ય નથી.

હવે એક વાત કહીને આપણે આગળ ચાલીશું. માતાપિતા વચ્ચે ઘરમાં સહેજસાજ ચડભડાટ થતો હોય કે બોલાબોલી થતી હોય, તે જો કે ન થવી જોઇએ તોપણ તેમાં વચ્ચે પડવું નહિ. કારણ કે પતિ પત્નીની એકતા એ કુદરતનો નિયમ છે, અને વચ્ચે પડ્યાથી બહુ માઠાં પરિણામ થાય છે. તેવે પ્રત્યેક પ્રસંગે પુત્રને ધર્મસૂચનનું કર્તવ્ય પ્રાપ્ત થતું નથી; પરંતુ આંખ આડા કાન કરવા એ ડહાપણ ભરેલો માર્ગ છે. છતાંયે જ્યારે પુત્રને એમ લાગે કે મારી માતાને ઘરનો વડીલ વર્ગ સતત વિનાકારણ દુઃખ આપ્યાં કરે છે તો ડહાંપણ પુરઃસર શાંત રીતે તેનો પ્રતિકાર કરવો અને પુનઃ તેમ ન થાય તેની પુરતી સંભાળ રાખવી એ વયમાં આવેલા પુત્રનું કર્તવ્ય છે. સદ્‌ભાગ્યે કેળવણીનો પ્રચાર થયા પછી વહુ ઉપર ગુજરતો જુલમ ઘણે અંશે ઓછો થયો છે. પરંતુ હજુએ ક્રૂર સાસુના કે જુલમી પતિના કે નિર્દય નણંદના અકારણ ક્રોધરૂપી અગ્નિમાં બિચારી ગાય જેવી નિર્દોષ બાલિકાઓ હોમાય છે એવા દાખલાઓ બને છે ખરા. આવી બાલિકાઓના દુઃખનો અંત પુત્રે મોટા થયે આણવો એ તેનું કર્તવ્ય છે.

૨. પતિધર્મની સાથે પુત્રધર્મનું સંઘટ્ટન.

હવે, પત્ની પ્રતિ આપણાં કર્તવ્યો હોવાથી પણ કેટલેક અંશે માતાપિતા પ્રતિના ધર્મની મર્યાદા બંધાય છે. પત્નીએ પતિને પરણી પોતાનું આખું જીવન સમર્પણ કર્યું તેના બદલામાં પતિએ પણ તેના ઉપર અતુલ પ્રેમ રાખી તેને સર્વદા પ્રસન્ન રાખવી એ એનું કર્તવ્ય છે. એટલું જ નહિ પણ લગ્ન થતી વખતે જે મહાન્ પ્રતિજ્ઞાઓ અગ્નિદેવની સમક્ષ લેવામાં આવે છે તેથી પતિપત્ની અન્યોન્ય પ્રતિ પોતાના ધર્મ પાળવાને બંધાય છે. હવે પુત્રધર્મ પતિધર્મની વિરૂદ્ધ જતો હોય તો કેટલે અંશે પાળવો એ પ્રશ્નનો નિર્ણય કરીશું.

સામાન્યતઃ પોતાના કુટુંબની સ્થિતિ અનુસાર, પોતાની સ્ત્રીને અન્નવસ્ત્ર અને સૌભાગ્યના સામાન્ય અલંકારો મળે તેની તજવીજ રાખવી, તેના ઉપર અતુલ પ્રેમ રાખવો અને તેને સારૂં શિક્ષણ આપવું. આટલી બાબતોમાં તો ખાસ પતિધર્મ પુત્રધર્મની વિરૂદ્ધ જતો હોય તો પુત્રધર્મ ન પાળવો. ઉદાહરણાર્થ. માતાપિતા એમ આજ્ઞા કરે કે તારી વહુને તો તેનાં માબાપ જીવે ત્યાં સુધી લુગડાંલત્તાં તેમણે પૂરાં પાડવાં જોઇએ. એનાં લુગડાં ફાટી ગયાં છે તે એનાં માબાપ ઘણાંયે લઈ આપશે, આપણે પૈસા ખરચવાના હોય નહિ. તો તે આજ્ઞાનું પાલન ન કરવું અને પોતાની પત્નીને જોઈતાં કપડાં લઈ આપવાં એ આપણો ધર્મ છે. વહુનાં માબાપ ગરીબ હોય અને તેથી વહુ બારેમાસ સાસરે રહેતી હોય તેથી સાસુની આંખમાં ન ખમાયાથી કહે કે જો આમ બારે મહિના સાસરે રહેવું હોય નહિ, માબાપ જીવતાં હોય તો છ મહિના પિયર પણ રહેવું પડે માટે એને પિયર મોકલી દો. તો તે પણ ન માનવું અને વહુનાં માબાપની ઇચ્છા વિના તેને પિયર ન મોકલવી એ આપણો ધર્મ છે. વળી તારી વહુએ આમ કર્યું અને આમ ન કર્યું ઇત્યાદિ ભરાવીને સીધી કે આડકતરી રીતે તેના ઉપર જુલમ ગુજારવાનો કહે કે

સૂચવે તો તેમ ન કરવું એ આપણો ધર્મ છે એટલુંજ નહિ, પરંતુ ઘરમાં તેના ઉપર અયોગ્ય જુલમ થતો હોય તો બનતા સુધી મર્યાદા સાચવીને, પરંતુ તેમ ન બની શકે એમ હોય તો મર્યાદાનો ભંગ કરીને પણ, તે જુલમનો ડહાપણ પુરઃસર પ્રતિકાર કરવો એ પણ આપણો ધર્મ છે. કારણ કે મા-બાપના હુકમથી કોઈ પણ નિર્દોષ પ્રાણી ઉપર જુલમ ગુજારવાની—તે કૃત્ય નીતિથી વિરૂદ્ધ હોવાથી—આપણને સત્તા નથી, તો પત્ની જે આપણા પ્રેમનું કેન્દ્રસ્થાન, તેના ઉપર જુલમ ગુજારવાની સત્તા કયાંથી હોય ? બીજું કારણ, તેને સુખી કરવાને આપણે પ્રતિજ્ઞાથી બંધાએલા છીએ; અને ત્રીજું, માબાપે પોતાની રાજીખુશીથી આપણને પરણાવેલા હોવાથી આપણે જે પ્રતિજ્ઞાઓ લીધી તેને અણબોલ્યે તેઓએ પોતાની સંમતિ આપેલી છે. હવે તે સંમતિ પાછી ખેંચી લઈ તેથી વિરૂદ્ધ આજ્ઞાઓ તેઓ કરી શકે નહિ. આ પ્રસંગે સરસ્વતીચંદ્રે પોતાના મિત્ર ચંદ્રકાંત પ્રતિ જુસ્સામાં એક ટુંકું ભાષણ કર્યું છે તે અત્ર ટાંકવા મન લોભાય છે.

"પિતા પ્રતિ મારો ધર્મ હું જાણું છું, પણ તે ધર્મને શરણ થઈ પત્ની પર જુલમ કરવો એ મારો ધર્મ છે એમ મારાથી કદિ પણ સમજાય એમ નથી. પત્ની પોતાનાં માતાપિતા પ્રતિ પોતાના ધર્મના કરતાં પત્નીધર્મને કેવળ વશ થાય છે, અને માતાપિતા ખરાં પણ પતિ "પહેલો" એ શાસ્ત્ર-શાસનને સ્વીકારે છે. પતિનો પતિધર્મ શું જુદી જાતનો છે? જો કોઈ પણ શાસ્ત્ર એમ ગણતું હોય કે માતાપિતાનો મીજાજ જાળવવા પત્નીપર જુલમ કરવો—તેને અશરણ કરી દેવી—તો તે શાસ્ત્ર મારે માન્ય નથી. એક આંખે માતાપિતા જોવાં અને બીજી આંખે પત્નીને જોવી——અથવા તો એની એ બે આંખોયે એને જોવાં એ પતિધર્મ હું માન્ય ગણું છું."

આ પ્રકારે પત્ની પ્રતિના આપણા ધર્મ હોવાથી માતાપિતા પ્રતિના ધર્મની મર્યાદા સ્થાપિત થઈ; પણ તે ઉપરથી આપણે એમ સમજવું જોઈતું નથી કે સ્ત્રીમાંજ સર્વ સંસારની સમાપ્તિ થાય છે. **પરણ્યા તેથી કાંઈ માતાપિતાના**

ઋણમાંથી છુટ્યા નથી, એ વાત ભૂલવી જોઈતી નથી. જો કે પરણ્યા પછી પત્નીને હરેક પ્રકારે સુખ આપવું અને જરૂરીઆતની ચીજો ઉપરાંત તેને અનેક વૈભવના પદાર્થો આપી તેનું મન પ્રસન્ન રાખવું એ આપણું કર્તવ્ય છે છતાંયે આ બાબતમાં પુત્રધર્મ ઉચ્ચતર હોવાથી તેને પ્રથમસ્થાન આપવું જોઇએ. ઉદાહરણાર્થ, સમજો કે આપણને ઈશ્વરકૃપાથી ૨૦૦૦ રૂપીઆનો પગાર થયો. આપણે તે ૨૦૦૦) રૂપીઆમાંથી સ્ત્રીની સર્વે નિર્દોષ હોંસો પૂરી પાડી શકીએ—અને તેમ કરવું એ આપણો ધર્મ છે; પરંતુ ધારો કે આપણા પિતાને માથે દેવું છે તો પિતાને ઋણમાંથી મુક્ત કરવા એ પ્રથમ ધર્મ છે; અને એ ધર્મ પાળતાં આપણો આખો જન્મારો વ્યતીત થાય, અને આપણો આટલો મોટો પગાર છતાં, આપણી સ્ત્રીની વૈભવ ઉપર અથાગ ઇચ્છા છતાં, આખો જન્મારો તેને વૈભવહીન સ્થિતિ ભોગવવી પડે તો તેમાં શું થઈ ગયું ? બીજું, ફુરસદની વખતે આપણી સ્ત્રીની સાથે પ્રેમવચન બોલીને તેના મનનું રંજન કરવું એ આપણું કર્તવ્ય છે એટલુંજ નહિ, પરંતુ ફુરસદ ન હોય તો ફુરસદ કાઢીને પણ તેને મીઠી મીઠી અને હિતકર વાતો કહેવી. પરંતુ માતાપિતા અશક્ત હોય અથવા તો આજારી હોય અને તેમની સેવામાં અવકાશનો સર્વ સમય વ્યતીત થતો હોય, તો તેવે સમયે પતિધર્મ ન પળાય તેની હરકત નહિ. કારણ માતાપિતાની સેવા કરવી એ પ્રથમ ધર્મ છે. એ ધર્મ પાળતાં પત્ની સાથે ક્ષણભર પણ વાતચિત ન થઈ શકે તો કાંઈ નહિ. હવે “ આજ્ઞાપાલન ” અને “ ઇચ્છાનુવર્તન ”નો પુત્રધર્મ પતિધર્મ કરતાં ઉચ્ચતર છે, પરંતુ “ ઋણમોચન ” અને “સેવા” જેટલો નથી. ઉદાહરણાર્થ, માતાપિતાની અમુક માર્ગમાં ધર્માદા કરવાની વૃત્તિ હોય પણ તે રસ્તે ધર્મ કરવો પુત્રને પસંદ ન હોય છતાંયે પુત્રે તે પ્રમાણે કરવું; અને આ પ્રમાણે દ્રવ્યવ્યય કરવાથી મારી સ્ત્રીને વૈભવસુખ કમી મળશે અથવા તો સમુળગુંએ નહિ મળે તેનો તેણે યત્કિંચિત પણ વિચાર ન કરવો; એટલુંજ નહિ પરંતુ માબાપના ઐહિક અને પારમાર્થિક સુખને અર્થે તેનાથી બની શકે તેટલું તેણે ખર્ચવું. પરંતુ માતા

પિતા એમ **આજ્ઞા** કરે કે "ભાઈ તું બે હજાર રૂપિયા કમાય છે તે બહુ સારી વાત છે; તારી બહેનને બસો રૂપિયાનો દાગીનો કર, પણ તારી વહુને કરતો નહિ; એને હોય નહિ; એને તો એના માબાપના ઘરનું હોય" તો બહેનને એ દાગીનો કરાવવો અને વહુનેએ કરાવવો—જો કે તે વૈભવનો પદાર્થ છે, છતાં પણ. પરંતુ માબાપની ઇચ્છા હોય કે તારી બહેન ગરીબ છે, એનો વર કમાતો નથી, તું એનું અને એનાં છોકરાંનું પાલણ-પોષણ કરજે, તો તે ઇચ્છા પુત્રને આજ્ઞા સમાન છે અને સર્વદા માન્ય છે; અને બહેનને અને તેનાં છોકરાંને માબાપના મરણ પછી પોતાનાં છોકરાં સમાન પાળવાં અને તેમની કેળવણીને માટે યોગ્ય દ્રવ્યનો વ્યય કરવો એ પુત્રનો પ્રથમ ધર્મ છે. તેમ કરતાં પોતાનાં સ્ત્રી પુત્રાદિકને વૈભવનું સુખ કમી મળે અથવા તો સમુળગું ન મળે તેની કાંઇ ચિન્તા નહિ.

હવે, માબાપની કાંઇક બીજા પ્રકારની ઇચ્છાઓનું નિદર્શન કરીને આપણે બીજા ભાગ પ્રતિ વળીશું. માબાપની ઇચ્છાને અનુકૂળ હોય તો સ્ત્રીને આપણી સાથે બહાર ફરવા લઇ જવામાં હું તો જરાયે વાંધો દેખતો નથી. જે સૃષ્ટિસૌન્દર્ય અને તાજી હવા પરમાત્માએ સર્વને સમાન બક્ષી છે તેનો ઉપયોગ આપણે એકલાએ કરવો અને સ્ત્રીજાતિને ન કરવા દેવો એ એ કુલપેટાપણું કહેવાય. અલબત્ત, આમ કરવામાં ગૃહકાર્યને અડચણ તો ન જ આવવી જોઇએ. તેમ છતાંયે મારા પિતા એવું ઇચ્છે કે વહુની સાથે બેન્ડ સ્ટેન્ડ ઉપર ફરવા ન જાય, અથવા તો વહુને બૂટ ન આણી આપે કે તે છત્રી ન ઓઢે તો તે **ઇચ્છાઓ** મને માન્ય છે; પણ એમ આજ્ઞા કરે કે તારી વહુને ભણાવીશ નહિ તો તે **આજ્ઞા** મને માન્ય નથી. હા. તે વખત આપણે પૂજ્યબુદ્ધિ તજવી જોઇતી નથી; પણ વિનય પૂર્વક એમ કહેવાય કે જે જે માણસો પ્રભુની ઇચ્છાથી આપણી સાથે જોડાયાં છે તેમનું જીવન ઉન્નત કરવાને અનેક પ્રયત્નો કરવા એ કર્તવ્ય હોવાથી ભણાવવું તો પડશે. આથી અપ્રસન્ન થાય તો તેનો બદલો બીજી હજારો રીતે પ્રેમ દર્શાવીને તથા સ્વાર્થત્યાગ કરીને વાળી આપવો.

૪ પિતૃધર્મની સાથે પુત્રધર્મનું સંઘટ્ટન.

ગૃહસ્થાશ્રમને અંગે પ્રજા થાય અને તેમના પ્રતિ આપણા ધર્મ અસ્તિત્વમાં આવે. તે ધર્મને અને પુત્રધર્મને સંઘટ્ટન થાય તો પ્રથમ સ્થાન કોને આપવું, એ પ્રશ્ન હવે ઉપસ્થિત થશે. પ્રથમ તો પુત્રધર્મને પતિધર્મ સાથે જેટલું સંઘટ્ટન થાય છે તેટલું પિતૃધર્મ સાથે થતું નથી. કારણ સ્પષ્ટજ છે. વહુ તો પારકા ઘરની દીકરી. તેના ઉપર મોટા મન સિવાય હૃદયનો ઉમળકો ન જ આવે એ સ્વાભાવિક છે; પણ પુત્રનાં છોકરાં સંબંધી તેમ કાંઈ નથી. ગમે તેટલું પણ તે તો પોતાનું લોહી અને તેમના ઉપર સહજ ઉમળકો આવે. માટે આ વિષયમાં સામાન્યતઃ 'સૂડી વચ્ચે સોપારી' જેવી આપણી સ્થિતિ થતી નથી. છતાંયે કેટલાક એવા પ્રસંગો આવે છે કે આ બાબતમાં એ કર્તવ્ય અકર્તવ્યના પ્રશ્નનો નિર્ણય કરવાની જરૂર રહે છે. **ગયા ખંડમાં લખ્યા પ્રમાણે હવે તો સ્પષ્ટ થઈ ગયું હોવું જોઇએ કે "ઋણમોચન" અને "સેવા" એ પ્રથમ ધર્મ હોવાથી તે બજાવતાં આપણાં પુત્રપુત્રીને વૈભવાદિનું સુખ પૂરું ન પાડી શકાય તો કાંઈ ફીકર નહિ. તેવી જ રીતે તે ખંડમાં બતાવી છે એવી આજ્ઞાઓ અને ઇચ્છાઓનું પાલન પણ પ્રથમ થવું જોઇએ. પરંતુ છોકરાંનું આપણી સ્થિતિ અનુસાર લાલન-પાલન, શિક્ષણ અને દ્વિજપુત્ર હોય તો ઉપનયન અને પુત્રી હોય તો પરિણયન એ પિતૃકર્તવ્યો પુત્રધર્મ મર્યાદિત કરે છે.**

આપણાં છોકરાંના લાલનપાલનમાં માતાપિતા વચ્ચે આવતાં હોય તો તેમની આજ્ઞાઓ માન્ય નથી. સદ્‌ભાગ્યે હાલ એમ બનવાનો સંભવ ઘણો થોડો છે; જો કે આજથી પચીસ ત્રીસ વર્ષ ઉપર એમ બન્યાના દાખલા મોજુદ છે. તે વખતની કેટલીક અજ્ઞાન માતાઓને પુત્ર કરતાં પુત્રીનાં છોકરાં અધિક વહાલાં હોવાથી પુત્રથી છાનાંમાનાં પુત્રીનાં છોકરાં ઉપર સામાન્ય ખાવા પીવાની બાબતમાં પણ પક્ષપાત કરે એવા પ્રસંગો ઉચ્ચ

જ્ઞાતિઓમાં પણ બનતા. પુત્રવધૂ બિચારી બળી જાય પણ તેનો ભાવ કોણ પૂછે? પુત્ર મોટો સમજણો થયો હોય પણ તેનાથી શરમનાં માર્યાં બોલાય નહિ. હાલના જમાનામાં આવો પક્ષપાત નભ્યો જાય એમ નથી અને તે ન જ નભવો જોઇએ.

બીજું, અસલના જમાનામાં પુત્રના શિક્ષણને માટે કાંઇક વિરોધ થતો. મનેજ સાંભરે છે કે હું જ્યારે નાનો હતો ત્યારે મારા પિતાના કાકા જે અમારા વડીલ હતા તેમનો પક્કો નિશ્ચય હતો અને તે વારંવાર કહેતા કે આને મ્લેચ્છ વિદ્યા નથી ભણાવવી. કદાપિ તે વધારે વખત જીવ્યા હોત તો મને ઇંગ્રેજી ભણવાની તક મળત કે નહિ તે મારાથી આજ કહી શકાતું નથી. આવા વખત હવે જતા રહ્યા છે; અને ઇંગ્રેજી કેળવણી, જેની પાસે સાધન હોય તેનાં છોકરાંને મળે છે એ ખુશી થવાની વાત છે; પરંતુ હજુ "મર્યાદા" ને નામે ચાલતી "અયોગ્ય શરમ" જોઇએ એટલી ગઇ નથી. માબાપના દેખતાં પુત્રને બોલાવાય નહિ, પુત્રનું નામ દેવાય નહિ તો તેને પાસે બેસાડીને શિક્ષણ તો ક્યાંથી અપાય? આ શરમ જવા માંડી છે પણ હજી પૂરેપૂરી ગઇ નથી. છોકરીની બાબતમાં તો તે વિશેષ છે. હજુ આપણાં માબાપોને સામાન્ય રીતે સ્ત્રીકેળવણીની આવશ્યકતા એટલી બધી નથી લાગતી; અને જૂનાં નહિ ભણેલાં બૈરાં નવાં ભણતાં બૈરાંઓની કરડાગીઓ કરે છે અને કેટલેક સ્થળે, તેમને કોઈ પૂછવા જાય તો મરડાટમાં કહે છે કે "તમારા જેવાં ભણેલાં બૈરાંઓને કંઈ શીખવવું પડે એમ છે!" વિશેષે કરીને આપણે આપણી પુત્રીઓને નિશાળે મોકલીએ તે આપણી માતાઓને જરાયે ગમે નહિ. પણ પુત્રપુત્રીને શિક્ષણ આપવાનો પ્રથમ ધર્મ હોવાથી તે બરાબર આપવું એ આપણો ધર્મ છે માટે શરમભંગની કહેવાતી પરાકાષ્ઠા કરીને પણ તેમને હેતથી બોલાવી, પાસે બેસાડી, ઇતિહાસ અને મહાન પુરૂષોની તેમના અધિકાર પ્રમાણે વાતો કરી સદ્દગુણનાં અને ઉચ્ચ વિચારનાં બીજ તેમના મનઃક્ષેત્રમાં રોપવાં અને વખતોવખત ફૂટેલા બીજાંકુરોનું વર્ધન કરવું એ આપણો ધર્મ છે.

છોકરાંના સંબંધમાં જે બાબતમાં માબાપ ખરેખરાં વચ્ચે આવે છે તે પ્રસંગ તેમના વિવાહનો છે. આપણાં માબાપોમાં હજુ એવી ઇચ્છાઓ હોય છે કે મારા પુત્રના પુત્રને જોઉં, તેને પરણાવું અને બને તો તેના પુત્રને પણ જોઉં. ઘરમાં બધું રાજ્ય તેમના હાથમાં હોવાથી આપણી દરકાર રાખ્યા સિવાય, અને આપણું વિરૂદ્ધ વલણ જુએ તો પૂછ્યા સિવાય, બારોબાર આપણા પુત્ર કે પુત્રીના વિવાહ કરી દે છે. વળી કેટલેક પ્રસંગે આપણે આડા આવીએ તો આપણું કાંઈ ચાલતુંજ નથી. હવે, જે વિવાહ તેઓએ કર્યો હોય તે જો કે તદ્દન આપણને પસંદ ન હોય, પરંતુ આપણાં પુત્રપુત્રી તેથી સામાન્ય રીતે સુખી થશે એવું આપણને લાગે તો વચ્ચે પડી માબાપનું દિલ દુભાવવું એ હું યોગ્ય ધારતો નથી. પરંતુ જો આપણને એમ લાગે કે આ સંબંધથી આપણાં પુત્રપુત્રીને જન્મભર હાનિ છે, તો ગમે તેમ કરીને પણ તે સંબંધ થવા ન દેવો, અને આપણને પૂછ્યા સિવાય તે કરી દીધો હોય તો તે તોડવો, એ આપણું કર્તવ્ય છે. કારણ કે માતા પિતાની આવી અયોગ્ય ઇચ્છાની વેદી પર ભલે આપણે પોતે ખુશીથી હોમાઇએ અને આપણા બાળકના સુખનો ભોગ પણ કેટલેક અંશે તેમની તેવી ઇચ્છાઓ સંતોષવા આપીએ; પરંતુ આપણા બાળકના જન્મભર સુખનો ભોગ આપવાને આપણને જરાયે સત્તા નથી. આ બાબત બે ત્રણ ઉદાહરણ આપ્યેથી અધિક સ્પષ્ટ થશે. એક સુધારાનો અગ્રણી જે વારંવાર બાળ-લગ્નનો નિષેધ કરતો હતો તેની પુત્રી અગીઆર વર્ષની થઈ. સ્વાભાવિક રીતે આવા પુત્રને પુત્રીનું લગ્ન મોડું કરવાની ઇચ્છા હોય. પણ તેની મા હઠ લઇને બેઠી અને કહ્યું કે “ મારે તો પુત્રીને આથી મોડી પરણાવવી નથી. જો તું નહિ પરણાવવા દઇશ તો હું કુવે પડીશ. ” પુત્રનું કાંઈ ચાલ્યું નહિ અને પુત્રીનાં તેના પિતાની ઇચ્છા વિરૂદ્ધ લગ્ન થયાં. બીજે દહાડે **केसरी**માં એક સણસણાટ કરતો લેખ આવ્યો અને તેમાં લખ્યું હતું કે સુધારાવાળા બોલે છે પરંતુ તે પ્રમાણે ચાલતા નથી તેનું જુઓ આ મોટું દ્રષ્ટાંત. તેને અન્ય વેદનાઓ તો હતીજ પણ તેમાં આ ઘા બહુ જબરો

લાગ્યો અને પછી થોડા વખતમાં તે મરણ પામ્યો. આ દ્રષ્ટાંતમાં તે પુત્રનું આચરણ હું દોષપાત્ર જોતો નથી. પોતાની પુત્રીને સોળ વર્ષે પરણાવવાનો પોતાનો મત હોય પરંતુ માબાપનો અગીઆરમે વર્ષે પરણાવવાનો આગ્રહ હોવાથી તેમનું દિલ ન દુભાવવા સારૂ પુત્ર વચમાં ન આવે તો પુત્રધર્મને અંગે આપણા મતનો અને આપણા બાળકના સુખનો જે હદમાં ભોગ આપવાનો છે તે હદમાં આ ઉદાહરણ આવી જાય છે. પણ એથી ઉલટું તેની પુત્રી ૭ કે સાત વર્ષની હોય, અથવા તો તેને જેની સાથે પરણાવવાની હોય તે ગમાર હોય, અને તેની માતાએ આવી હઠ લીધી હોય તો પુત્રે તે ચાલવા દેવી જોઇએ નહિ; અને માતા જો એમ બીક દેખાડે કે તું નહિ માનું તો હું કુવે પડીશ—તો જો કે ખરેખર, તે કાંઈ પડે નહિ, પરંતુ ધારીએ કે તે પડી અને મરણ પામી—તો તેથી માતૃહત્યાનું પાપ પુત્રને શિરે ચોંટતું નથી. અલબત્ત, પુત્રને દિલગીરી થાય, અતિ શોક થાય પણ નિરૂપાય. આવા દાખલા નથી બનતા એમ નથી. આ સંક્રાંતિના સમયમાં તો બહુએ બને છે. મારો એક મિત્ર છે કે જેને તેના માબાપે નાની ઉમરે પરણાવેલો હોવાથી તે બી.એ. થયો ત્યાર સુધીમાં વિદ્યા સંપત્તિની જોડે તેને પ્રજાસંપત્તિ પણ બહુ સારી થઈ હતી. તે જ્યારે બી.એ. ક્લાસમાં આવ્યો ત્યારે તેનો પુત્ર આશરે ૭ સાત વર્ષનો થયો હતો. તેનાં માબાપે તે પુત્રનો વિવાહ એક સારા કુળની નાની અને રૂપાળી કન્યા સાથે કરવાનું યોજ્યું. હવે આપણી જ્ઞાતિનું બંધારણ જોતાં વિવાહને માટે ક્ષેત્ર ઘણું સાંકડું થઈ ગયેલું હોવાથી આ વિવાહ અયોગ્ય ન કહેવાય. પરંતુ મારા મિત્રે બાળલગ્નનાં કડવાં ફળ જાતે અનુભવેલાં હોવાથી પોતાના પુત્રના મન ઉપર નાનપણથી "વહુના" સંસ્કારો ન પડે એવી તેની પ્રબળ ઇચ્છા હતી. તેથી આજ સુધી પિતાની શરમ નહિ તોડેલી પરંતુ તે પ્રસ્તુત પ્રસંગમાં તોડીને તેણે પિતાની સાથે વિનીતપણે વાતચિત કરી. પણ પિતા ઓછા માને એવા હતા! "આજના છોકરા ભણ્યા પણ ગણ્યા નહિ." છેવટે વર્તમાન સ્થિતિ જોતાં આ વિવાહ કાંઇ એવો હાનિકારક નહિ હોવાથી મારા મિત્રે

નમતું મુક્યું અને તે તેણે યોગ્ય કર્યું. આ વાત અત્ર જણાવવાની જરૂર એટલી જ કે આવા પ્રસંગો હજુ ઘણા બને છે. માટે આગળ ઉપર અનિષ્ટ પ્રસંગો ન બનવા પામે તેને સારૂ પુત્ર મોટો અને છોકરાં છૈયાંવાળો થાય કે તેણે ધીમે રહીને વિનયપુરઃસર હસતાં હસતાં વારંવાર તક મેળવીને ઘરમાં કહ્યાં કરવું કે કૃપા કરીને આ છોકરાંના વિવાહ મેળવવાની ખટપટમાં તમે પડશો નહિ. એ બાબતમાં આપણે કોઇને ફાવવા દેવાના નથી. આપની આજ્ઞાઓનું આટલું પાલન કર્યું છે પણ આ બાબતમાં જો વચ્ચે આવશો તો નિરૂપાયે આજ્ઞાનો ભંગ કરવો પડશે, માટે કૃપા કરી મને એવો અવસર ન આપશો. આપને પૂછ્યા સિવાય, આપની સંમતિ લીધા સિવાય હું તે નહિ કરૂં; અને જ્યારે થશે ત્યારે **આપે** કર્યું એમ જગત્ દેખશે; પણ તે જાતે કરવાની ખટપટમાં આપે પડવું નહિ. આમ પુત્રના મનનું વલણ મજબૂત દેખાશે તો સંભવ એવો છે કે ઘણું ખરૂં તેઓ વચ્ચે પડશે નહિ.

૫. દેશ અને જગત્પ્રતિના ધર્મો સાથે પુત્રધર્મનું સંઘટ્ટન.

હવે, માતાપિતા પ્રતિનાં કર્તવ્યો દેશ પ્રતિના કર્તવ્યો વિરૂદ્ધ જતાં હોય તો કેટલે અંશે તેમને માન આપવું એ પ્રશ્ન ઉપર વિચાર કરીશું. આ વિષયમાં વિદ્વજ્જનોમાંયે અત્ર સ્થાપેલી મર્યાદાના સંબંધમાં વિશેષ મતભેદ પડવાનો સંભવ છે. પરંતુ આ પ્રશ્ન પ્રસ્તુત વિષયનું એક અંગ હોવાથી તેને મુકી દેવો એ યોગ્ય ન કહેવાય. સામાન્ય રીતે એમ વિચાર સહજ ઉત્પન્ન થાય કે માતાપિતા વ્યક્તિ હોવાથી અને દેશ એ ઘણી વ્યક્તિઓનો સમુદાય હોવાથી દેશપ્રતિનો ધર્મ અધિક શ્રેષ્ઠ છે. ઑસ્ટીન અને બેન્થામના અભ્યાસીઓ અને પૂજકો તરત જ આ મત સ્વીકારશે. પરંતુ આ સિદ્ધાંતને એટલી બધી મર્યાદાઓ છે કે તેને એક સામાન્ય સિદ્ધાંત તરીકે સ્વીકારતાં મને સંકોચ થાય છે. માતાપિતા વ્યક્તિ છે કરીને એમની અવગ-

ગણુના કરવાની નથી; પરંતુ અન્ય સર્વ વ્યક્તિઓના સમુદાય કરતાં તેમની ગણુના કંઈ કમી નથી. તમારા મનમાં દેશને માટે ઘણી દાઝ હોય, એ. મી. ગોખલેની 'સર્વન્ટ ઑફ ઇન્ડીઆ સોસાઇટી' માં દાખલ થવાનું તમને ઘણું મન હોય, પરંતુ તમારા પિતાને ઋણમાંથી મુક્ત કરવા એ તમારો પ્રથમ ધર્મ છે. તે જ પ્રમાણે તમારાં માતાપિતાની સેવા કરવી એ પણ એટલો જ ઉચ્ચ ધર્મ છે. ઉદાહરણાર્થ તમને કોંગ્રેસના પ્રમુખ નીમ્યા હોય, તમે પ્રમુખ-પદ સ્વીકાર્યું હોય, પરંતુ કોંગ્રેસ જે શહેરમાં ભરાવાની હોય તે શહેર પ્રતિ નિકળવાને દહાડે એકાએક તમારી માતાને પ્લેગ થયો તો તમારૂં ભાષણ મોકલાવીને અને પ્રમુખ માટે અન્ય વ્યવસ્થા કરવાનો તાર કરીને, હાથમાં બરફની કોથળી લઇને માતાના માથા ઉપર ફેરવવી અને અન્ય વિવિધ ઉપચારો કરવા એ તમારૂં કર્તવ્ય છે. પરંતુ કોંગ્રેસમાં તડ પડયાં હોય, અને બન્ને તડ વચ્ચે ઝપાઝપી ચાલતી હોય, અને બન્ને પક્ષોનો તમારામાં વિશ્વાસ હોય, અને તમે એવી સમર્થ વ્યક્તિ હો કે તમારી હાજરીથી સમાધાન થઇ જવાનો સંભવ હોય, તો એવે પ્રસંગે દેશસેવાને અર્થે માતૃ-સેવાનો ભોગ આપવો ઉચિત છે. બીજું ઉદાહરણ લો. ધારો કે તમે એક અતિ વિખ્યાત સેનાપતિ છો, પ્રજાજનનો તમારા ઉપર અતિ વિશ્વાસ છે; તમારી માતા અંતકાળની પથારી ઉપર છે; તેની એવી પ્રબળ ઇચ્છા છે કે તમારે એની પાસે જ રહેવું. ધારો કે તે પ્રસંગે તમારા દેશ ઉપર એક પ્રબળ શત્રુ ચડી આવ્યો અને અન્ય સેનાપતિ ઉપર પ્રજાજનનો વિશ્વાસ નથી. આવે વખતે તમારે તમારી માતાને મરણપથારી ઉપર છોડીને લઢવા જવું એ તમારૂં કર્તવ્ય છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે **'સેવાધર્મ'નું સ્ખલન વિરલ વ્યક્તિઓને માટે વિરલ પ્રસંગોમાં ધર્મ્ય છે; સામાન્ય મનુષ્યોને માટે નથી.** પરંતુ "આજ્ઞાપાલન" ધર્મમાં તેમ નથી. ત્યારે આપણે આ ધર્મની શું મર્યાદા બાંધીશું? **માતાપિતાની જે આજ્ઞાઓ આપણા દેશની અવનતિની દિશા તરફ આપણને પ્રવર્તાવે તે આજ્ઞાઓ માન્ય નથી એટલું તો સ્પષ્ટ કહી શકાય.** ઉદાહરણાર્થ–તમારા પિતાની

આજ્ઞા હોય કે વિદેશી માલ સસ્તો છે તેથી વિદેશી લાવજો. તમારે સ્વદેશી લાવવો છે. તમારા પિતાનો અતિ આગ્રહ હોય તો કહેવું કે મને વધારે પૈસા ન આપશો. જેટલા વરસો વરસ આપો છો તેટલા જ આપજો. હું તેમાં મારાં કપડાં સમજી લઇશ અને સ્વદેશને માટે જાડાં ભરડાં કપડાં પ્રસન્નતાથી પહેરીશ. બીજું ઉદાહરણ લઇએ. ધારો કે તમે એક મીલવાળાના પુત્ર છો અને તમારા પિતા તમને મીલ સોંપીને નિવૃત્ત થયા છે. હાલમાં સ્વદેશીનો અતિ પ્રચાર થયેલો હોવાથી તે તમને ખરાબ માલ કાઢવાનો અને તે હદપારના ભાવથી વેચવાનો આગ્રહ કરે છે. તમારે તેમ કરવા સાફ ના પાડવી.

હવે, તેથી ઉલટું તમારા માતાપિતાની આજ્ઞાઓ દેશને અવનતિ તરફ લઇ જતી નહોય, પરંતુ દેશની ઉન્નતિને અર્થે કરવા ધારેલાં તમારાં કાર્યોને બાધક થતી હોય, તો તે, તેટલાજ કારણથી, સર્વ પ્રસંગે અવગણના કરવા લાયક નથી. ઉદાહરણાર્થ. માતાપિતા આપણી કમાઇના પૈસામાંથી એક દેવાલય બાંધવાનું કહે તો, જો કે તેમ ન કર્યું હોત તો આપણે તે પૈસા અમુક દેશહિતાર્થ સંસ્થામાં ખરચત, છતાંયે આ બાબતમ તેમના કહ્યા પ્રમાણે કરવું. પરંતુ એમ આજ્ઞા થાય કે દેશહિતાર્થ સંસ્થામાં તું પૈસા ભરતોજ નહિ તો તે માન્ય ન કરાય. આપણો વિચાર વિલાયત જઇ નવો હુન્નર શીખી લાવી દેશને ફાયદો કરવાનો હોય પણ તેમ કરવાથી આપણાં માતાપિતાનું દિલ દુભાતું હોય તો વિલાયત ન જવું; કારણ કે વિલાયત ન જવાથી દેશની કાંઈ અવનતિ થવાની નથી. એક મારા મિત્રના મિત્રનો વિચાર વિલાયત જઈ હુન્નર શીખી લાવવાનો હતો. તે બહુ ચંચળ હતો અને ગયો હોત તો ફતેહમંદ પણ થાત. પણ તેની માનો આગ્રહ કે " તું ન જા અને જઇશ તો હું ઝેર ખાઇને મરી જઇશ. " પેલો છોકરો મુંઝાયો. આમ દેશપ્રતિનું કર્તવ્ય, આમ માતાનું મન ન દુભાવવાનો ધર્મ. પછી તે મારા મિત્રની સલાહ લેવા આવ્યો. મારા મિત્રે તેને છાતી ઠોકીને કહ્યું કે, " પ્રસ્તુત પ્રસંગમાં માતાપિતાનું દિલ ન દુભાવવાનો ધર્મ શ્રેષ્ઠ છે. " તેણે જે સલાહ આપી તે યોગ્ય હતી એમ મારૂં પણ માનવું છે.

હવે, જે આજ્ઞાઓને દેશની ઉન્નતિ કે અવનતિ જોડે સંબંધ ન હોય, પણ કેવળ આપણા મતથી જ વિરૂદ્ધ હોય તે આજ્ઞાઓ તો માનવી જ જોઇએ એમાં કાંઇ પણ સંદેહ નથી. તમે પ્રાર્થનાસમાજના મતના હો, અને પિતા કહે કે તમારે પ્રાર્થનાસમાજમાં ન જવું, તો ન જવું, એટલું જ નહિ પણ એમ કહે કે અમુક મહારાજ, જેમને માટે અત્યંત તિરસ્કાર હોય તેમના નિત્ય દર્શન કરી આવવાં તો તેમ કરવું; કારણ તેમ કરવામાં નૈતિક કે શારીરિક હાનિ નથી; તમે તમારો મત કાયમ રાખશો તો બસ છે.

ઉપર જણાવ્યું છે કે દેશકાર્યને માટે વિરલ અધિકારી મનુષ્યોથી પુત્રધર્મ યથાસ્થિત ન પળાય તો કાંઈ હરકત નહિ. મહાન ધર્મને અર્થે ગૌણ ધર્મનો ભોગ આપવો જોઇએ. તેજ ન્યાયે, જગતનું કલ્યાણ કરવાની દૃઢ ઇચ્છા ધરાવનારી, અને તેને માટે સંપૂર્ણ અધિકારવાળી કોઇ વિરલ વ્યક્તિ સંસારત્યાગ કરી જગતના ઉદ્ધારને અર્થે સંન્યસ્ત ગ્રહણ કરે અને તેથી વસ્તુતઃ પુત્રધર્મની અવમાનના થાય તો તે કૃત્યની આપણે ધર્મ-કાર્યની અંદરજ ગણના કરીશું.

શ્રીમચ્છંકરાચાર્યજીના પિતા તેમની નાની વયમાં વિદેહ થયા હતા. તેમની વિધવા માતાની તેઓ બહુ સેવા કરતા. પરંતુ આ સંસાર ઉપર તેમને અત્યંત વિરાગ હતો. ગૃહસ્થાશ્રમી થવાનો તેમનો જરાયે વિચાર નહોતો. પણ તેમની માતાને આ વિચાર કેમ રૂચે? છેવટે તેમણે એક યુક્તિ રચી. એક દિવસે પોતે નદીમાં સ્નાન કરતા હતા. માતા તટ ઉપર ઉભી હતી. તે વખતે તેમણે બૂમ પાડી કે "મગરે મને ગ્રહ્યો છે અને ગૃહસ્થાશ્રમી ન થાઉં તોજ તેના પાશમાંથી છુટાય તેમ છે." માતાના મનમાં પુત્ર જીવતો તો રહેશે એવો વિચાર થવાથી તેણે હા કહી. પછી શંકરાચાર્યે બહાર આવી પોતે જે કહ્યું હતું તે એવું તો ખુબ બંધ ઘટાવ્યું કે તેથી તેમની માતાના મનનું સમાધાન થયું અને પોતે સન્યસ્ત લઈ ધર્મ પ્રવર્તાવવાના કાર્યમાં ઉદ્યુક્ત થયા.

શ્રીમચ્છંકરાચાર્યે તો પોતાની માતાને આમ યુક્તિથી સમજાવીને પછીથી તેમનો ત્યાગ કર્યો; પરંતુ બુદ્ધ મહારાજ પોતાનાં માતાપિતા, સ્ત્રી ઇત્યાદિને

છતાંજ છોડીને જગતના ઉદ્ધારને અર્થે ચાલી ગયા હતા. જે સમયે તેમણે આ મહાન્ ધર્મને અર્થે સ્વજનનો ત્યાગ કર્યો તે સમયની તેમના મનની સ્થિતિનું વર્ણન સરસ્વતીચંદ્રના ચોથા વિભાગમાં એક અતિ હૃદયવેધક પદ્યમાં કરવામાં આવ્યું છે. તે મોટું હોવાથી અત્ર સંપૂર્ણ આપી શકાય તેમ નથી; પરંતુ તેમાંનો કેટલોક ભાગ અત્ર આપવો યોગ્ય ધાર્યું છે.

" મુજ પ્રજા મને છે પ્રિય, પ્રિય છે પિતા, પ્રિય પ્રિયા છે;
મુજ હૃદય ધડકતું પ્રેમ તેમના ગ્રહી પ્રીતિ રમ્યા છે.
× × × × × ×
હું વર્તું હવે શી રીતે, પ્રીતિ નહિ હારે નહિ જીતે,
ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર ! ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !
કરૂં વધુ વધુ સૂક્ષ્મ વિચાર, ત્યમ ત્યમ આ હૃદય ચીરાય.
સૌ પ્રાણી દુઃખમય ભાસે, જનતા પીડાતી જગ આખે
તે સૌની પીડા દુર કરવા, કલ્યાણ જગતમાં ભરવા
થઈ પ્રબુદ્ધ ગૌતમ આજે, થઇ તપસ્વી તપ ગુરૂ માંડે.
જગના સઉ આધિ વ્યાધિ, હરવા નવી બુદ્ધિ સાધી,
એ તપમાં બુદ્ધ તપાશે, નવી યજ્ઞવેદી મંડાશે
પશુ માત્ર હવે ઉગરશે, મુજ પ્રીતિ એ હોમે પડશે
મુજ પ્રીતિ એકલી હોમાશે, બીજું જગત્ જીવી સુખી થાશે.
ઓ તાત ! પ્રિયા ! ઓ પુત્ર ! ઓ માત ! પ્રજા ! સુખસૂત્ર !
મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સઉ અંગ સર્વ છો મારાં;
જન-પશુ જગના કલ્યાણ યજ્ઞપર હોમું અંગ સૌ મારાં."

હવે, એક પ્રસંગ એવો છે કે જેમાં માબાપની આજ્ઞાઓનો ભંગ તે પુત્રધર્મથી વિરૂદ્ધ નથી, પરંતુ પુત્રધર્મને અનુકૂળ છે. તે એ કે પ્રેમી માતાપિતા ઘરમાં કે બહાર અમુક કાર્ય કરવાનું હોય તો તે પોતે કરશે અને પુત્રને તકલીફ પડશે એવા વિચારથી પુત્રને જણાવશે પણ નહિ. ઉદાહરણાર્થ. પિતા અને પુત્ર સાથે પરદેશમાં રહેતા હોય, અને ઉચ્ચ જ્ઞાતિના હોઈ અન્ય જ્ઞાતિના મનુષ્યના હાથનું રાંધેલું ન જમતા હોવાથી હાથે

રસોઇ કરવાની હોય, તો પ્રેમાળ પિતા કહેશે કે હું રંધીશ; પ્રેમી પુત્ર કહેશે કે હું તમને રાંધવા નહિ દઉં. આવે પ્રસંગે પિતાનો આગ્રહ ઘણો હોય, છતાંયે તે ન માનવો અને આપણું પુત્રકાર્ય કરવું. ઉપરનું દ્રષ્ટાંત એક જાતનું છે; પરંતુ એથી જુદી જુદી જાતનાં હજારો દ્રષ્ટાંતો બને છે. આવી લઢવાડ તો બહુ સારી, અને પુત્રે તેમાં ખાસ કરી વિજય મેળવવો; કારણ તેથી તે પુત્રધર્મથી પરાઙ્ગમુખ થતો નથી.

आधुनिक पुत्रोने बे बोल.

હવે, આધુનિક પુત્રોને બે બોલ કહીને આ પુત્રધર્મની મર્યાદાનું પ્રકરણ સમાપ્ત કરીશું. આ મન્થનકાલમાં શિક્ષિત પુરૂષોને માથે બહુ જોખમદારી છે. પુત્ર ઈંગ્રેજી વિદ્યા ભણે એટલે સ્વાભાવિક રીતે તેનામાં નવા વિચાર, નવું જોમ અને નવો ઉત્સાહ આવે. માતાપિતા ઇંગ્રેજી ન ભણ્યાં હોય, અને બાપદાદાના ચીલામાં પોતાના સંસારનું ગાડું ચલાવેલું હોવાથી તેમને આ નવા વિચારો તથા નવી પ્રવૃત્તિઓ સંમત ન હોય, એટલુંજ નહિ પણ તેમના અનુભવની દૃષ્ટિએ આ સર્વ હાનિકારક ભાસે તેમાં પણ કાંઇ નવાઈ નથી. આ પ્રમાણે પ્રત્યેક ઘરમાં નવા વિચાર અને જૂના વિચાર વચ્ચે યુદ્ધ ચાલે તેમાં શિક્ષિત પુત્રે ઘણી શાંતિથી અને ડહાપણથી ચાલવાનું છે; અને તેમ ન ચાલે તો વાંક શિક્ષિત પુત્રનોજ કહાડવો ઉચિત છે. હા—એટલું તો માન્ય કરવું પડશે કે આપણાં માબાપો પિતૃધર્મ યથાસ્થિત પાળે, અને '**प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवदाचरेत्**' એ સૂત્ર પ્રમાણે ચાલી પોતાની અનિયંત્રિત સત્તા કાંઇક કમી કરે, તો આટલો બધો વિરોધ જે હાલ જોવામાં આવે છે તે દૃષ્ટિએ પડે નહિ. પરંતુ માતાપિતા પોતાની અનિયંત્રિત સત્તા કમી નથી કરતાં, એટલુંજ નહિ પરંતુ પુત્ર વયમાં આવ્યા છતાંયે તેના ઉપર સર્વ પ્રકારનું સામ્રાજ્ય ભોગવે છે, એ કાંઈ તેને પુત્રધર્મથી સ્ખલિત થવાનું ન્યાય્ય કારણ નથી. તમને જે શિક્ષણ મળ્યું તે ન

મળ્યું હોત તો તમે પણ તેમના જેવાજ હોત. તમને શિક્ષણ મળ્યું તેની ખરી કૃતાર્થતા તો તમારા પુત્રો પ્રતિ વર્તવામાં તમારે બતાવી આપવાની છે. તમારાં માતાપિતા તમારા ઉપર જુલ્મ કરતાં હોય, તમારી પ્રત્યેક નાની વસ્તુમાં પણ પોતાની સત્તા અજમાવતાં હોય, તો તમને જે પુત્ર થાય તેના પ્રતિ તમે તેમ ન વર્તશો; પરંતુ તેટલા માટે તમારાં માતાપિતા પ્રતિ એક પણ ઉંચો સ્વર તમારે કાઢવો જોઇએ નહિ. કારણ કે જે તકો તમને મળી છે તે તકો તમારાં માતાપિતાને નહિ મળેલી હોવાથી તેમના તરફથી આવું વર્તન જે થાય તે સહજ છે. તમે એથી વિરૂદ્ધ આશા રાખો તો તે અસ્થાને છે અને તમારી બુદ્ધિની વિવેકશૂન્યતા દર્શાવે છે. કાંઇ પુત્રના પ્રતિ તેમનો પ્રેમ ઓછો થયો નથી, તેના પ્રતિની લાગણીઓ કાંઈ કમી થઇ નથી, પરંતુ પરંપરાથી ચાલતી આવેલી રીતિઅનુસાર તેમનું વર્તન થયાં કરે છે; તે જો તમારી નવી દૃષ્ટિએ જુલમ લાગતો હોય તો તે શાંતિથી સહેવો અને તમારા પુત્ર ઉપર તેવો જુલ્મ ન ગુજારવો એ તમારૂં કર્તવ્ય છે. આથી ઉલટું હાલના કેટલાક શિક્ષિત યુવકો માબાપના જે તે બાબતમાં દોષ કાઢે છે અને તેમનો અનાદર કરે છે. કેટલાક તો તેમને મૂર્ખ સમાન લેખી કાઢી તેમની પાછળ હસે છે. આ પ્રકારનું વર્તન શિક્ષિત પુત્રને લજાવનારૂં છે. એકંદર આજકાલના જુવાનીઆઓ ઇંગ્રેજી ભણીને ઉદ્ધત બની ગયા છે અને માબાપના અનાદર કરે છે, એવો જે આરોપ વારંવાર કર્ણગોચર થાય છે તે તદ્દન અસત્ય નથી. પુત્રધર્મની મર્યાદાઓ સ્થાપિત કરી છે તેમાં કેટલાક પ્રસંગોમાં જ્યારે માબાપની આજ્ઞા વિરૂદ્ધ વર્તવું પડે, ત્યારે પણ તેમના પ્રતિ પૂજ્યબુદ્ધિ, આદરભાવ અને પ્રેમ તજવાં જોઇતાં નથી; અને આવા પ્રસંગોમાંયે એવું યુક્તિપુરઃસર આપણું વર્તન હોવું જોઇએ કે તેઓ જેમ બને તેમ થોડાં અપ્રસન્ન થાય.

ખાસ કરીને આધુનિક પુત્રના ધર્મસંબંધી અને સામાજીક સુધારા સંબંધી વિચારો માતાપિતાને રૂચતા નથી. આ સ્થળે આધુનિક પુત્રના સર્વ વિચારો સત્ય છે એમ કહેવાનો જરાયે આશય નથી. જે ધર્મ અને જે ભાવ-

નાઓ ઉપર આપણી સમાજ અને સમાજની સંસ્થાઓ સ્થપાયલી છે, તે ધર્મ અને તે ભાવનાઓનું સ્વતઃ યથાર્થ જ્ઞાન ધરાવ્યા વિના, કેવલ પાશ્ચાત્ય પ્રજાનું અવલોકન કરીને, અથવા તો અમુક આમ કહે છે ને અમુક તેમ કહે છે તેટલાજ ઉપરથી સમાજસુધારાના પ્રશ્નનો નિર્ણય કરવાને અધિકારી થવાતું નથી. પરંતુ વસ્તુસ્થિતિ આથી ઉલટી હોય, અને આપણા ધર્મનું અને આપણી ભાવનાઓનું સંપૂર્ણ અધ્યયન કર્યા પછી સમાજસુધારણાના અમુક નિર્ણય ઉપર આપણે આવ્યા હોઇએ તેમ છતાંયે, માતાપિતા કેવળ રૂઢીનાં અનુયાયી હોવાથી તેમને તે વિચારો પસંદ ન પડે તો, તેનું વારંવાર કથન કરીને, અથવા જ્યાં તેમના વિચાર પ્રમાણે ચાલવાથી નૈતિક કે શારીરિક હાનિ ન થતી હોય ત્યાં પોતાના વિચાર પ્રમાણે વર્તન કરીને, માતાપિતાનાં મન દુભાવવાં એ તો પુત્રધર્મનું અક્ષમ્ય સ્ખલન કહેવાય. તમે મૂર્તિપૂજાનો નિષેધ કરો કે તમારી માતાના મનમાં પુત્ર નાસ્તિક થઈ ગયો એવી માન્યતા દ્રઢ થાય; તમે વિધવાવિવાહની વાત કરો કે એનું આર્ય સ્ત્રીનું હૃદય અંદરથી ઉછાળા મારે; તમે જ્ઞાતિવિચ્છેદની વાત કરો અને બીજાનું ખાવામાં શું ખોટું છે એ પ્રમાણે બોલો, કે તેના હૃદયમાં પુત્ર વહી ગયો જાણી સંતાપ થાય; તમે પરદેશગમનની તરફેણમાં બોલો કે તેનું હૃદય અંદરથી બળે. આ પ્રમાણે બોલીને કિંવા ચાલીને પચાસ વર્ષની અંદર તમે દેશનું એટલું તે શું સારૂં કરી દેવાના છો કે તેટલા માટે તમારા માતાપિતાની લાગણીઓ દુભાવવી યોગ્ય ધારો છો? તમે સત્ય હો તોપણ શું થઈ ગયું? તમારાં માતાપિતાના મરણ પછી તમારા શિક્ષિત પુત્રની સાથે મળીને તે કામ તેમને વ્યાજબી લાગતું હોય તો કરારે કરજો. તેમાં કોઇનો વાંધો નથી; પરંતુ તદર્થે નાહક માતાપિતાની લાગણીઓ દુભાવવી એ તો અક્ષંતવ્ય અપરાધ કહેવાય.

ઉપર તો પુત્રનો માતાપિતા પ્રતિનો જ સંબંધ કહ્યો. તે સંબંધની સાથે ગૃહમાં સ્ત્રી પુત્રાદિકનો બીજો સંબંધ હોય છે. બન્ને પક્ષપ્રતિના ધર્મની મર્યાદા મેં અન્ય સ્થળે સ્થાપિત કરી છે. પરંતુ આ વિષયમાં અત્રે બે બોલ લખવા જરૂરના છે. આપણાં માબાપોનું આપણા ઉપર ના-

રાજ થવાનું બીજું કારણ તે આપણી સ્ત્રી છે. માબાપ ખુશીથી છોકરાને પરણાવે, પરણાવતા પહેલાં છોકરાની વહુનાં ઘણાં ઘણાં વાનાં કરે, પણ છોકરો પરણ્યો કે વહુ દુષ્મન થાય. તેમાં જરાક બન્ને વચ્ચે પ્રેમ હોઈ તેઓએ કાંઈક હસીને વાત કરી, અને તે છાનેમાને નાની નણંદે સાંભળી, એટલે પછી થઇ રહ્યું. "આજકાલના છોકરા ફાટી ગયા છે. કાંઇ લાજ શરમ મળે નહિ. અમારા એ વખત હતા પણ આવું તો સ્વપ્નેયે દીઠું નહોતું." વળી, ઘરમાં વહુના ઉપર જુલમ થાય ત્યારે છોકરો જરાક વહુનું ઉપરાણું લે એટલે તે માબાપનો અળખામણો થાય, અને "ભાઇ તો ઇંગ્રેજી ભણ્યા છે એટલે વહુને મડમ કરવી છે," ઇત્યાદિ વચનો સાંખવાનો વારો આવે. એક પક્ષે આમ બને છે ત્યારે અન્ય પક્ષે નીચ કુળની વહુઓ સાસુઓને સતાવવામાં પાછી પાની કાઢતી નથી. નાનપણથી માતા તરફથી શિક્ષણ જ એવું મળે કે "નખ જેટલી નણંદો મને ટૂંકારી બોલાવે, ચાંદ્રા મામારે હું તો સાસરે નહિ જાઉં–" એવી વહુઓ સાસરે જાય એટલે પછી પૂછવાની વાત જ શી રહે ? તેમાં થોડુંક ભણી હોય તો પાછું ભણ્યાનું અભિમાન હોય, અને વર સારૂં કમાતો હોય તો તો અભિમાનનો પાર જ ન રહે. આવી વહુઓ પણ કુટુંબમાં ક્લેશનું કારણ થઈ પડે છે.

આ પ્રમાણે ઉભયપક્ષ અન્યોન્યની વિરૂદ્ધ હોવાથી આપણાં આર્ય-કુટુંબમાં સુખ અને સ્વાસ્થ્યને બદલે દુઃખ અને ક્લેશ વારંવાર થાય છે, અને કેટલીક વખત તો એ ક્લેશ એટલો બધો વધી જાય છે કે પરિણામ હાનિકારક નિપજે છે. આવા પ્રસંગોમાં આપણી સ્થિતિ બહુ નાજુક થાય છે. આ સમયે યાદ રાખવું જોઇએ કે કર્તવ્યકર્મનો માર્ગ કંઈ સરળ નથી. એ પથમાં **ધર્મસંકટો રૂપી અનેક** કંટકો આવે છે. કેટલીક વખતે તો શું કરવું અને શું કરવું નહિ તેની જ આપણને સમજણ પડતી નથી. '**किं कर्म किमकर्तव्यं कवयोऽप्यत्र मोहिताः**' શું કરવું અને શું ન કરવું તેમાં બુદ્ધિમાન મનુષ્યો પણ મોહ પામ્યા છે તો આપણે તે કોણ માત્ર ? છતાંયે, જરા પણ મુઝાવું નહિ. કર્તવ્યદક્ષ પુરુષોના હૃદયમાં ભયને કે વિષાદને માટે સ્થાન નથી. કેટલાક આ પ્રશ્નનો નિર્ણય માબાપથી જુદા રહેવું

એવો કરે છે. આ વિષય ઉપર અત્ર સવિસ્તર લખાય તેમ નથી; પરંતુ એટલું તો કહીશ કે **માતાપિતાથી જુદાં રહેવાનો વિચાર શુદ્ધ આર્ય-હૃદયને દુઃસહ છે અને આર્યધર્મને પ્રતિકૂળ છે.** સરસ્વતીચંદ્ર ચંદ્રકાન્તને કહે છે, “ પિતાથી જુદાં વસવું–તેમની દૃષ્ટિએ પ્રતિસ્પર્ધી જેવા લાગીએ–એ તો કલ્પના પણ દુઃખકર છે. ” આપણા ઋષિમુનિઓએ ધર્મભાવના ઉપર બાંધેલી કુટુંબરચના તોડવાને માટે આવાં કારણો પુરતાં નથી. માટે તમે સ્વપ્નમાંયે માબાપથી જુદાં રહેવાનો વિચાર ન સેવશો. ત્યારે સાસુ વહુના ઝઘડાના પ્રશ્નનો નિકાલ કેવી રીતે આણવો ? આ સર્વ ઝઘડાનું મૂળ-**અજ્ઞાન,** અને તેને લીધે મોટા મનનો અભાવ, અને સંકુચિત દૃષ્ટિ છે. એ મૂળનો ક્રમે ક્રમે છેદ કરવો એ આપણું પ્રથમ કર્તવ્ય છે. આપણી સ્ત્રીઓમાં આપણા ઉપર વિશ્વાસ ઉપજાવીને, ધીમે ધીમે અધિકારાનુસાર તેમને પસંદ પડે તેવી રીતે ઉચ્ચ નીતિનું શિક્ષણ આપી તેમનાં સંકુચિત મન વિશાળ કરવા સતત અને નિયમિત પ્રયત્ન આદરવો, એ આધુનિક યુવકનું મહાન્ કર્તવ્ય છે. અને બીજું, મધુર વાણીથી, સમાધાનશીલ પ્રકૃતિથી અને ધર્મ્યયુક્તિઓથી કોઇ પક્ષને અન્યાય ન થાય તેની સંભાળ રાખી બંને પક્ષના મનનું સમાધાન કરવું એ બીજો ધર્મ છે. કાર્ય દુષ્કર છે, પરંતુ અસાધ્ય નથી. પરંતુ, આ પ્રકારનાં આધુનિક પ્રસંગે પ્રાપ્ત થયેલાં દુષ્કર કર્તવ્યોમાંથી બચી જવા અન્ય ઘર વસાવવું એ તો પુરુષાર્થહીનત્વ સૂચવે છે.

सद्गतश्री गोवर्धनरामभाईनुं पुत्ररुपे जीवन.

આધુનિક સમયમાં પુત્રરત્નનું અનુપમ અને પ્રસિદ્ધ ઉદાહરણ સદ્ગત સાક્ષરશ્રી ગોવર્ધનરામભાઇનું છે. આપણે જે આજ્ઞાપાલનાદિ નવ પુત્રધર્મો વર્ણવ્યા, અને તે ધર્મોની મનુષ્યના ભિન્ન ભિન્ન સંબંધોમાં મર્યાદા સ્થાપિત કરી, તે અનુસાર સદ્ગતશ્રીનું જીવન વ્યતીત થયેલું હોવાથી પ્રસ્તુત વિષયમાં તેમનું ઉદાહરણ અતિ સ્થાને છે. જેમ પ્રાચીન કાળમાં શ્રીરામચંદ્રજી તથા ભીષ્મપિતામહ મનુષ્યત્વને અંગે રહેલા સર્વ ધર્મોનું યથાર્થ પાલન કરનારા

હોઇ પુત્રધર્મનાં ઉત્તમ દ્રષ્ટાંતો છે, તેજ પ્રમાણે અર્વાચીન કાળમાં સદ્દગતશ્રી ગોવર્ધનરામભાઇના સંબંધમાં કહી શકાય. તેમની પિતૃભક્તિને માટે સમાલોચકના સ્મારક અંકમાં એક લેખકે લખ્યું છે કે "આધુનિક સમયમાં આંગ્લવિદ્યાની અસરથી શિક્ષિત યુવકો પોતાના માતાપિતા પ્રતિ આદરભાવ દર્શાવતા નથી એવો આરોપ પુનઃપુનઃ કર્ણગોચર થાય છે, ત્યારે ગોવર્ધનરામભાઇની પિતૃભક્તિ એવી તો ઉગ્ર હતી કે તેમની આજ્ઞાઓ તો શું, પરંતુ તેમની અનુક્ત ઇચ્છાઓને પણ કળી જઈ, પોતે તરત જ તદનુસાર વર્તતા." તેમની પોતાના પિતાપ્રતિની પૂજ્યબુદ્ધિના સંબંધમાં અન્ય લેખક લખે છે કે "નડિયાદમાં પોતાના દિવાનખાનામાં જે હીંચકે પોતે બેસતા તેની સામે જ ભીંત ઉપર પોતાના પિતાની મોટી છબી ટંગાવી હતી; અને તેનાં નિત્ય દર્શન કરતા. જ્યારે જ્યારે તેઓ પોતાના પિતા સંબંધી વાત કરતા ત્યારે તેઓ સન્માન અને ભક્તિપૂર્ણ હૃદયે જ બોલતા અને તેમનાં નેત્રોમાં સહજ જ આંસુ આવી જતાં." તેમના પિતા માંદા હતા ત્યારે તેમણે એવી ઇચ્છા દર્શાવેલી કે આપણા ઘરમાં શ્રી ભગવાનની મૂર્તિ છે તેને સારૂ એક નાનું દેવાલય બંધાવી તેમાં તેની પ્રતિષ્ટા કરવી. એ ઇચ્છાનુસાર તેમણે તેમના ગૃહ સમીપ શ્રીનાથજીનું મંદિર બંધાવ્યું અને તેમાં તે મૂર્તિની પ્રતિષ્ટા કરી. તેમનાં બહેન સૌ. સમર્થલક્ષ્મી જ્યારે યુવાવસ્થામાં મરણ પામ્યાં ત્યારે તેમની પાછળ તેમનાં માતુશ્રીની એક વર્ષ પર્યંત સારા શાસ્ત્રી પાસે વાલ્મિકી રામાયણાદિ વંચાવવાની ઇચ્છા થવાથી, તેઓએ નડિયાદના કરુણાશંકર શાસ્ત્રી પાસે તે વંચાવી પોતાનાં માતુશ્રીની ઇચ્છા તૃપ્ત કરી. તેમની માતાએ અંતસમયે તેમને અને તેમનાં પત્નીને બોલાવીને કહ્યું કે, "આ બાપા (સૌ. શૃંગારલક્ષ્મી—ગોવર્ધનરામનાં ભગિની) તમને સોંપીને જઉં છું. તેના ઉપર આજ સુધી જેવું હેત રાખ્યું છે તેવું રાખજો." આ સંબંધમાં એક લેખક "સ્મારક"માં લખે છે કે "જો કે આ વાક્યની લેશ પણ આવશ્યકતા ન હતી તથાપિ (પોતાનાં માતુશ્રીની) અન્ત સમયની આ ઇચ્છાને લીધે પોતાનું કર્તવ્ય દ્વિગુણિત થયું એમ ગોવર્ધનરામભાઇ સમજતા." ઘણુંખરૂં સૌ. શૃંગારલક્ષ્મી, તેમના

પુત્રો અને પુત્રીઓ ગોવર્ધનરામભાઇને ત્યાંજ રહેતાં. સ્વઉપાર્જીત દ્રવ્યથી તેમણે પોતાના પિતાને ઋણમાંથી મુક્ત કર્યા તે વાત સુવિદિત છે જ. તેમનાં માતાપિતાના અવસાન પછી તેમની ઉત્તરક્રિયા ઇત્યાદિ તેમણે મનઃપૂર્વક કર્યું અને તેમને નિમિત્તે પુણ્યદાન પણ પ્રેમાળ પુત્રને શોભે એ પ્રમાણે કર્યું. પિતાના સ્મરણાર્થે "માધવરામ સ્મારિકા" નામનું લઘુ પુસ્તક કાઢી સ્વજ્ઞાતિજનને અર્પણ કર્યું.

સદ્‌ગત શ્રીની પ્રકૃતિ સ્વતંત્ર વિચારની હોવાથી તેમને અને તેમના માતાપિતા વચ્ચે મતભેદના પ્રસંગો આવતા ખરા. પરંતુ તેમની સમાધાન-શીલ પ્રકૃતિને લીધે, અને તેમનામાં પોતાનાં માતાપિતાને માટે સતત વસતી પૂજ્યબુદ્ધિને લીધે, તેમનાં માતાપિતાનાં મન ખાટાં થવાનો પ્રસંગ આવતો નહિ. જ્યાં નૈતિક કે શારીરિક હાનિ થતી ન હોય ત્યાં વ્યવહારમાં ગોવર્ધન-રામભાઇ પોતાનાં માતાપિતાને તેમના મતાનુસાર યથેચ્છ વર્તવા દેતા, અને જરાયે વચ્ચે આવતા નહિ; પણ જ્યાં તેમ થતું હોય ત્યાં એવી તો સરસ રીતે યુક્તિપૂર્વક પોતાનાં માતાપિતાને સમજાવતા કે તેમનાં માતા જે અતિ ચતુર હતાં તેઓને પણ કહેવું પડતું કે "આ મોટો (ગોવર્ધન-રામભાઈ) કોણ જાણે કેવી રીતે મને સમજાવી જાય છે કે એની આગળ મારૂં કાંઈ ચાલતું નથી." આધુનિક પુત્રોને જેમ પરસ્પર વિરોધી કર્તવ્યો નડે છે તેમ તેમને થતું નહોતું એમ નહિ. તેમનાં સ્ત્રી પુત્રાદિકપ્રતિના ધર્મોનું અને પુત્રધર્મનું કવચિત કવચિત સંઘટ્ટન થતું. પરંતુ તેવે પ્રસંગે ઉપર સૂચવેલી ધર્મ્યયુક્તિથી અને તેમની સમાધાનશીલ પ્રકૃતિથી કોઇને અન્યાય ન થતાં તેઓ વિજય મેળવતા. આ ઉપરથી પ્રતીત થશે કે સદ્‌ગત શ્રી ગોવર્ધનરામભાઈ, જેવા એક ઉત્તમ પ્રતિના સાક્ષર, બાહોશ વકીલ અને ઉદાત્ત સાધુ પુરુષ હતા, તેવા જ ઉત્તમપ્રતિના તેઓ પુત્ર હતા. તેમનું અનેકમાર્ગીય જીવન પ્રત્યેક રીતે અનુકરણીય છે. પ્રસ્તુત વિષય પુત્રધર્મનો હોવાથી માત્ર તેમના જીવનના તે ભાગનું વિવેચન અત્ર કરવામાં આવ્યું છે.

पुत्रवधूना धर्म.

હવે, આપણે પુત્રવધૂના ધર્મપ્રતિ વળીએ. હિન્દુ સંસારમાં પાશ્ચાત્ય પ્રજાની સમાન લગ્ન થયા પછી પુત્ર જુદું ઘર માંડતો નથી, પરંતુ પરિણીત વધૂ શ્વશુરગૃહમાં આવે છે. માતાપિતા અને પુત્ર વચ્ચેનો સંબંધ પ્રભુના ઘરનો છે; અને એ ઈશ્વિરી સંબંધ ઉપર પુત્રનાં કર્તવ્યો રચાયાં છે. સાસુ-સસરા અને પુત્રવધૂ વચ્ચેનો સંબંધ કરેલો છે, તોપણ અન્યોન્યનાં કર્તવ્યો કમી નથી. પરણ્યા પછી પિતાનું ગૃહ મટીને શ્વશુરગૃહ સદાને માટે પુત્રવધૂનું ગૃહ થાય છે. આમ હોવાથી, જે ગૃહમાં આખું જીવન વ્યતીત કરવાનું તે ગૃહના મનુષ્યો પ્રતિ પ્રેમભાવ દર્શાવવો, તેમને ઉપયોગી થઇ પડવું અને તેમને પ્રસન્ન રાખવાં તેમાંજ તેનું સુખ સમાયલું છે એ વાત સ્પષ્ટ છે. આ પ્રકારે કેવળ વ્યાવહારિક દૃષ્ટિથી વિચાર કરીને આપણે વિરમીશું નહિ, પરંતુ શાસ્ત્રની દૃષ્ટિએ પણ યત્કિંચિત વિચાર કરીશું. આપણાં શાસ્ત્રોમાં પુરુષ અને સ્ત્રી એ બન્નેની એક વ્યક્તિ કલ્પેલી છે. સ્ત્રી એ પુરુષનું અડધું અંગ છે એવું વેદવચન છે. વળી, સ્ત્રી પુરુષ અન્યોન્યનાં પૂરક (Complementary) છે. જે ન્યૂનતા પુરુષમાં હોય તે સ્ત્રી પૂરે અને જે ન્યૂનતા સ્ત્રીમાં હોય તે પુરુષ પૂરે. આમ હોવાથી સ્ત્રી પુરુષનું જોડું તે એક પૂર્ણ વ્યક્તિ છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત પ્રશ્નનો વિચાર કરતાં **પુત્રના ધર્મ તેજ સ્થિતિ અનુસાર પુત્રવધૂના ધર્મ છે.** એજ દૃષ્ટિએ સાસુ અને સસરાંને પુત્રવધૂએ માતા અને પિતા સમાન ગણવાનાં છે. આપણા શાસ્ત્રમાં પાંચ પ્રકારનાં માતાપિતા ગણાવેલાં છે તેમાં સાસુ અને સસરા આવી જાય છે. પતિના ધર્મ તેજ આ બાબતમાં સ્થિતિ અનુસાર પત્નીના ધર્મ હોવાથી પુત્રવધૂએ સાસુ સસરાની આજ્ઞાઓ પાળવાની છે, એટલુંજ નહિ, પરંતુ તેમની ઇચ્છાઓ પ્રમાણે વર્તવાનું છે. વળી, તેમની મનઃપૂર્વક સેવા કરવાની છે અને તેમના પ્રતિ અથાગ પૂજ્યબુદ્ધિ રાખવાની છે. **અન્યોન્યના ધર્મ-કાર્યમાં સહાયક થવાનો સ્ત્રી પુરુષનો ધર્મ હોવાથી સ્ત્રીએ પોતાના પતિના પુત્રધર્મના પાલનમાં બાધક તો નજ થવું જોઇએ, પરંતુ**

સાધક થવું જોઈએ. માટે સાસુ સસરાની આજ્ઞાઓ મને રૂચતી **નથી**, કિંવા મારા હિતથી તે વિરૂદ્ધ છે, એ વિચાર પુત્રવધૂએ કરવાનો નથી; માત્ર તે ધર્મ કે નીતિની વિરૂદ્ધ નથી એટલુંજ જોવાનું છે. શ્રી રામચંદ્રજી જ્યારે પોતાના પિતાને વચનના ઋણમાંથી મુક્ત કરવા વનવાસ જવા સારૂ નિકળ્યા, ત્યારે સીતાના સુખના સર્વ મનોરથ ભગ્ન થયા; તદપિ એક શબ્દ તેમણે ઉચ્ચાર્યો નથી, અને "મારા સ્વામીનો ધર્મ એજ મારો ધર્મ" એ ઉદાત્ત આર્ય ભાવનાને અનુસરી તેમણે પ્રસન્ન ચિત્તે વલ્કલ પહેર્યાં અને નીકળતી વખતે શ્રી રામચંદ્રજીની સાથે કૈકેયી માતાને પ્રણામ કરવા ગયાં, એ વાત આધુનિક પુત્રવધૂઓએ વિસ્મરવી જોઇતી નથી. સતી સાવિત્રીનું આખ્યાન સ્ત્રીઓને સ્મરણમાં હશેજ. પોતાનાં અંધ સાસુસસરાની તે સતી સ્ત્રીએ મનઃપૂર્વક સેવા કરી હતી અને પોતાના સ્વામીને યમના પાશમાંથી મુક્ત કરવા યમની પાછળ ગયાં હતાં, તે સયમે તેમને વરદાન માગવાનું કહ્યું ત્યારે પ્રથમ વરદાન તેમણે એ માગ્યું કે "મારાં અંધ સાસુસસરાને સનેત્ર કરો." કસ્યપ મુનિએ શકુંતલાને સાસરે જતી વખતે શિખામણ આપી છે તેમાં પહેલ વહેલું એ કહ્યું છે કે "**शुश्रूषस्व गुरून्।**"–તારાં સાસુ-સસરાની સેવા કરજે. પતિને કુટુંબના પોષણને અર્થે આખો દિવસ ગૃહની બહાર રહેવું પડે છે ત્યારે તે સમયમાં વૃદ્ધ સાસુ સસરાની સેવા કરીને પતિની પડતી ન્યૂનતા પુત્રવધૂએ પૂરી પાડવાની છે અને અન્ય વખતે પતિને પુત્રધર્મના કાર્યમાં સહાયક થવાનું છે. જે વહુઓ સાસુસસરાની આમ નિરંતર સેવા કરે છે તેમને સાસુ સસરા અંતઃકરણથી આશીષ આપે છે. આ પ્રમાણે પુત્રની સમાન પુત્રવધૂના પણ "આજ્ઞાપાલન", "ઇચ્છાઅનુવર્તન", "પૂજ્યબુદ્ધિ" અને "સેવા" કરીને ચાર મુખ્ય ધર્મ છે. હવે "પોષણ"–ના ધર્મમાં સ્થિતિઅનુસાર ભેદ પડશે. પુત્રે બહારથી કમાઇ ઘરમાં લાવવાનું છે. પુત્રવધૂએ તે સર્વની સારી બ્યવસ્થા કરી વૃદ્ધ સાસુની આજ્ઞાનુસાર નીતિ પ્રમાણે ગૃહ ચલાવવાનું છે, અને જો સાસુ જુવાન હોય તો તેમને ગૃહતંત્ર ચલાવવામાં સહાયક થવાનું છે. રસોઇ કરવાનું કાર્ય ઘણુંખરૂં વહુવારૂ ઉપર હોય; તો તેણે ઉત્તમ પ્રકારે સાસુસસરાની રૂચિઅનુસાર રસોઇ

બનાવીને તેમનાં મન સંતોષવાનાં છે. વળી પુત્રવધૂ કાંઇ ભણેલી હોય અને સાસુ કાંઇ ભાવિક હોય તો અવકાશને સમયે ગામની કુથલી કરવાનું કામ છોડી દઇને સાસુ પાસે બેસીને વહુ એકાદ ધર્મપુસ્તક વાંચે તો તે કેવું સુંદર દેખાય? "ઋણમોચન", "તર્પણ" અને "શ્રાદ્ધ" એ પુરુષનાંજ કર્તવ્ય હોવાથી પુત્રવધૂનાં નથી; ત્યારે તેના બદલામાં પુત્રવધૂએ ગૃહનું સર્વ કાર્ય કરવાનું છે, અને સાસરાની સ્થિતિ પ્રમાણે ચાલવાનું છે. કામ કરવામાં જરાયે વસાંસ ન કરવી. કામ કરવાથી હાડકાં ઘસાતાં નથી પરંતુ શરીર મજબુત થાય છે; અને તેઉપરાંત સામા માણસોની પ્રીતિ સંપાદન કરાય છે. કહે છે કે "કામ કર્યું તેણે કામણ કર્યું." સત્યભામાને દ્રૌપદીએ જવાબ આપ્યો હતો તે સ્ત્રીવર્ગને તો વિદિત હશેજ. કામ કરવાથીજ દ્રૌપદીએ પાંચ સ્વામી અને છઠ્ઠાં કુંતિ માતાની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી અને તેના અભાવે સત્યભામા એક પતિની પણ પ્રસન્નતા સંપાદન કરી શક્યાં નહોતાં. મનઃપૂર્વક કામ કરવું એ વશીકરણનો મહામંત્ર છે. જે વહુઓને સાસરામાં બનતું નથી તેમણે આ મત્રની ઉપાસના નિયમિત રીતે કરવા માંડવી એટલે અલ્પ સમયમાં ફલસિદ્ધિ તેમને અવશ્ય પ્રાપ્ત થશે. બીજી વાત જે પુત્રવધૂઓએ ખાસ લક્ષમાં રાખવા જેવી છે તે એ છે કે સાસુ સસરાનાં અલાબલાં પિયર ન કરવાં. શ્વશુરનું ગૃહ એજ તેમનું ગૃહ છે. એ ઘરનું ભૂંડું અન્ય સ્થળે તો બોલવું નહિજ પરંતુ પિયરમાંયે ન બોલવું. પિયરમાં અન્ય મનુષ્યો બોલતાં હોય તો સાફ કહેવું કે મારા સુખનો વિચાર કરતાં હો તો તેમ ન કરશો; અને છતાંયે ન માને તો મુનિવત ધારણ કરવું, પણ તેમાં પોતે કોઈ પણ જાતનો ભાગ લેવો નહિ. તેવીજ રીતે પિયરની વાત સાસરે ન કરવી. શ્વશુરગૃહને શોભાવવું અને બહાર તે સારૂં કેમ દેખાય એની નિરંતર કાળજી રાખવી. બનતા સુધી સાસરામાં ક્લેશ ઉત્પન્ન ન થાય અને શાંતતા પ્રવર્તે તેની તો ખાસ સંભાળ રાખવી; અને તે ક્લેશનું કારણ પોતે તો નજ થવું. કુટુંબમાં ક્લેશનું કારણ મુખ્યત્વે કરીને સ્ત્રીઓ હોય છે અને સામાન્યતઃ તેમાં બન્ને પક્ષનો વાંક હોય છે. બે વાંસેવાંસ ઘસાય તો અગ્નિ ઝરે. એક ગરમ અને બીજું નરમ હોય તો કંકાસ ન થાય. હવે સાસુઓ તો વૃદ્ધ

થઇ એટલે તેમને ઉપદેશ આપવો વૃથા છે, અને પ્રસ્તુત તે વિષય પણ નથી, પરંતુ પુત્રવધૂઓને માટે શિખામણના બે બોલ અત્ર અનુચિત નહિ કહેવાય. ખાસ કરીને પુત્રવધૂએ નીચેના ચાર સદ્દગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. કારણ કે તેમ કર્યાથી શ્વશુરગૃહમાં તેમનું જીવન સુખી થાય છે અને સાસુ-સસરા પ્રતિના પોતાના ધર્મો બજાવવામાં તે સદ્દગુણો અત્યંત સહાયક બને છે.

૧ સહનશીલતા.

આ ગુણની આધુનિક સ્ત્રીઓમાં ઘણી જ ખોટ છે. સીતાની, દમયંતીની, અને સાવિત્રીની સહનશીલતા જુઓ, અને તેની સાથે આધુનિક સ્ત્રીઓની સહનશીલતા સરખાવો તો કહેવું પડશે કે આધુનિક સ્ત્રીઓમાં સહનશીલતાનો છાંટોયે નથી. જરાક થાય અને " છીંકતાં છીંડું પડે " એવો સ્વભાવ ખાસ કરીને પરગૃહમાં કેમ નભે ? આપણે ઘણી વખત જોયું હશે કે જે બાબતોમાં પુરુષવર્ગને જરાયે ખોટું લાગવાનું કારણ જણાતું નથી, તેવી બાબતોમાં સ્ત્રીઓને પારવિનાનાં ખોટાં લાગે છે. કેટલીક ઉચ્ચ કુળની વહુઓમાં આ સહનશીલતાનો સ્વભાવ કેળાયલો હોય છે ખરો પણ તે બહુજ થોડી. ગમ ખાવાથી કલેશનું અર્ધું મૂળ ઓછું થાય છે; માટે પોતાનાં કર્તવ્યો બજાવવાં; અને તેમાં ચૂક થાય અને ઠપકો મળે તો તે પ્રસન્ન ચિત્તથી સહેવું; એટલુંજ નહિ પરંતુ વાંક વગર ઠપકો મળે, દેખીતો અન્યાય થાય, તોપણ સામો પ્રતિકાર ન કરતાં તે સહેવું કઠિન છે છતાં પણ સહેતાં શીખવું જોઇએ. પ્રત્યેક અન્યાયનું વારંવાર કથન કરીને પતિના મનને ઉદ્વિગ્ન કરવાની જરૂર નથી. તેમજ હંમેશાં ઉઘાડ અને અસહ્ય અન્યાય થતો હોય તો તે વાત પતિથી છુપાવવાની પણ જરૂર નથી. કેટલીક સ્ત્રીઓ એવી હોય છે કે જે થાય તે બધું સહે પરંતુ પતિને જરાયે જણાવે નહિ. આમ કરવું એ બહુ સારી વાત છે, પરંતુ હદપાર જુલમ થતો હોય તો પતિને ધીમે રહીને સત્ય વાત કહેવામાં જરાયે હરકત નથી. કહેવું કે આપનાથી બને તો આનો ઉપાય કરજો, નહિ તો હું સહન કરી લઇશ. આ સહનશીલતાનો ગુણ બરોબર કેળવાયો કયારે કહેવાય કે જ્યારે સામો માણસ વાગ્બાણ મારે ને આપણને જરાયે લાગે નહિ. સાસુને મેણાં મારવાની ટેવ પડી હોય તો આપણા મનનું વલણ એવી રીતનું કરવું

કે તે ભલે કહે, તેમાં આપણુને જાણે કે કાંઈ લાગતુંજ નથી. સામું બોલીએ તો કલેશ થાય અને મનમાં બળીએ તો આપણા શરીરને હાનિ થાય. માટે સામું બોલવુંએ નહિ અને મનમાં બળવુંએ નહિ.

२ हृदयनी उदारता.

સહનશીલતાની સાથે હૃદયની ઉદારતા રાખવાની પણ અત્યંત આવશ્યકતા છે. ઘણી સ્ત્રીઓને વિચાર થાય છે કે મારો પતિ કમાય અને બધાં શેનાં મ્હાલે ? પુત્ર લાવીને પિતાના હાથમાં પગાર મુકે કે વહુનું મન બળીને ખાખ થઇ જાય. શા માટે ખાખ થઈ જાય ? પિતાએ ભણાવી ગણાવી મોટો કર્યો એ સંબંધી પિતાનું ઋણ સ્ત્રી પરણ્યે મટી ગયું ? વાસ્તવિક રીતે પતિ પોતાનાં માતાપિતા પ્રતિ તથા ભ્રાતાભગિની પ્રતિ પોતાનાં કર્તવ્યો બજાવે તેમાં સ્ત્રીને સ્વાર્થદષ્ટિથી અંધ બની અદેખાઇ કરવાનું જરાયે સ્થાન નથી, એટલી ન્યાય્યબુદ્ધિ તો તેનામાં પ્રથમ આવવી જોઇએ. જે સ્ત્રીઓમાં આટલું સમજવાની અક્કલ નથી હોતી તે સ્ત્રીઓ અદેખાઇ કરીને પોતાના શરીરને હાનિ કરે છે અને કુટુંબમાં કલેશ ઉત્પન્ન કરી ગામમાં ફજેતી કરે છે. કતર્વ્યનિષ્ટ પુત્ર કાંઇ તેમના આવા ફેલથી ડરી જઇ કર્તવ્યપથમાંથી ચ્યુત નહિ થાય. માટે અદેખાઇ દૂર કરીને પોતામાં ન્યાય્યબુદ્ધિ જાગ્રત કરવી, એટલુંજ નહિ, પરંતુ ધીમે ધીમે હૃદયની ઉદારતા લાવતાં શીખવું. સાસુએ બે ઘરેણાં નણંદને આપ્યાં તો તેમાં શું થઇ ગયું? આવી વૃત્તિ આવવી જોઇએ.

३ प्रेम.

પિયરમાં જેમ માતાપિતા પ્રતિ અને ભ્રાતાભગિની પ્રતિ પ્રેમ હોય છે તેવોજ પ્રેમ સાસુ–સસરા–આદિ ઉપર રાખવો. વહુ નણંદનાં છોકરાંને પ્રેમથી બોલાવે, તેમની સંભાળ રાખે અને તેમને ડાહી ડાહી વાતો કહે એ જોઇ સાસુ અતિ પ્રસન્ન થયા વિના રહેજ નહિ. સાસુ સસરાની સાથે પણ વાત કરતાં વિનયથી અને પ્રેમથી બોલવું. જે વહુ સાસરીયાં પ્રતિ પ્રેમ બતાવે છે તે વહુ સાસરીયામાં ઘણુંખરૂં અળખામણી થઈ પડતી નથી.

४ चतुराई.

ઉપરના ત્રણ સદ્‌ગુણો કેળવવામાં આવશે તો પુત્રવધૂને સાસુસસરાં-

પ્રતિ કર્ત્તવ્ય બજાવવાનું કામ અતિ સરળ થઇ પડશે; એટલુંજ નહિ, પરંતુ આપણાં આધુનિક આર્યજીવનમા પ્રેમ, ધર્મ અને શાન્તિનું નવું જીવન દૃશ્યમાન થશે અને વહુઓ પણ સુખી થશે. આ પ્રમાણે ચાલતાં પણ કુટુંબ-ક્લેશ રહે અને સાસુ જુલમ ગુજારતી મટે નહિ તો થોડી ઘણી ચતુરાઇનું પણ કામ છે. જે વસ્તુ બળે થતી નથી તે વસ્તુ કળે થાય છે. માટે વહુ-વારૂઓએ થોડાં ઘણાં ચતુર થતાં પણ શીખવું જોઇએ. એ ચતુરાઇનો સ્વાર્થસાધનમાં દુરૂપયોગ કરવાનો નથી, અને ઉપરના ત્રણ સદ્‌ગુણ સધાયા એટલે દુરૂપયોગ થવો સંભવિત પણ નથી; પરંતુ પ્રસંગે તેનો ઉપયોગ કરી શ્વશુરગૃહની શાન્તિ જાળવી રાખવાની છે.

પુનરૂક્તિનો દોષ આવશે તથાપિ કહ્યા વિના ચાલતું નથી કે ફાવે તે કારણ હોય છતાંયે સાસુ સસરાની હયાતીમાં વરની આગળ જૂદું ઘર માંડવાની વાત કરી તેમના મનને દુભવવું નહિ. તેમજ સ્ત્રી સ્વાતંત્ર્યના ઉચ્છૃંખલ વિચારો સાંભળવામાં આવે તથાપિ આર્ય સ્ત્રીએ તો તે પ્રતિ દુર્લક્ષ કરવું ઘટે છે. એવી સ્વતંત્રતા ઉપર તો તેને તિરસ્કાર જ હોવો જોઇએ. ભલે હિન્દુ સમાજમાં સ્ત્રીની સ્થિતિ અધમ છે એમ કહેનારાઓ કહે, પરંતુ વસ્તુતઃ સ્થિતિ તેવી નથી. આપણા શાસ્ત્રકારોએ કુટુંબમાં સ્ત્રીને અતિ ઉચ્ચ સ્થાન આપ્યું છે. અત્રે ત સંબંધમાં પ્રમાણ આપવાની આવશ્યકતા નથી; પરંતુ એટલું કહેવું જરૂરનું છે કે તમે શ્વશુરગૃહમાં દાસી નથી પરંતુ શ્વશુરગૃહનાં લક્ષ્મી છો. એ ગૃહને સ્વર્ગ સમાન બનાવવું એ તમારા હાથમાં છે. સાસુસસરા દેવસેવા કરતાં હોય અને પુત્ર-વધૂ ઘર સ્વચ્છ કરી ન્હાઈ ધોઇ, મંગળ આભૂષણ પહેરી મલકતે મ્હોંયે કામ કરતી હોય અથવા તો કપાળમાં વિભૂતિ અને ચાંલ્લો કરી સ્તોત્ર ભણતી રસોઇ કરતી હોય, અને તે જોઇ વૃદ્ધ સાસુસસરાની આંખ ઠરે—એ ચિત્ર એક શુદ્ધ અને પવિત્ર આર્ય ગૃહનું છે. તે ગૃહનાં તમે સાક્ષાત્ લક્ષ્મી છો. તે ગૃહને દીપાવવું, તેમાં આનંદ પ્રવર્ત્તાવવો, તે ગૃહમંનાં પ્રત્યેક મનુષ્યને—અને તેમાં મુખ્યત્વે કરીને સાસુ સસરાને પ્રસન્ન રાખવાં, અને તે ઘરની બહાર શોભા વધારવી, એ તમારૂં—પુત્રવધનું કર્તવ્ય છે.

उपसंहार.

આ પ્રકારે મનુષ્યને અંગે પ્રાપ્ત થયેલા ધર્મોમાં પુત્રધર્મનું વિશિષ્ટ સ્થાન આપણે જોયું; ત્યારપછી પુત્રધર્મના આધારનું સમર્થન કરીને પુત્રના માતાપિતા પ્રતિના ધર્મ શાસ્ત્રાધારે પ્રાચીન અને અર્વાચીન કાળનાં દૃષ્ટાંતો સહિત વર્ણવ્યા; પછી આધુનિક સમયની પરિસ્થિતિને અનુસરી, શાસ્ત્રનાં વચનોને લક્ષમાં રાખી, ન્યાય્યબુદ્ધિથી, વિવિધ સંબંધમાં તે ધર્મોની મર્યાદા કાંઈક નિર્ણીત કરી અને ગૌણરૂપે પુત્રવધૂના ધર્મ પણ સૂચવ્યા. હવે, અંતમાં મારે કહેવાનું એ છે કે જે શુદ્ધ 'ધર્મ' પ્રાચીન આર્યજીવનની ભાવના હોઈ આર્યોની સર્વ પ્રવૃત્તિઓનું લક્ષ્યસ્થાન હતું; જે ધર્મના સતત સેવનથી પ્રાચીન આર્યાવર્તમાં સર્વ સ્થળે સુખ અને શાંતિ પ્રસરી રહ્યાં હતાં, અને જેને લીધે તે સમય સત્યયુગનો કહેવાતો; જે ઉદાત્ત ધર્મના પ્રભાવથી અન્ય પ્રજાઓની સમાન આપણી આર્યપ્રજા નષ્ટ ન થતાં અદ્યાપિ ટકી શકી છે; એટલુંજ નહિ, પરંતુ જેના પ્રભાવશાલી પ્રતાપથી અર્વાચીન પાશ્ચાત્ય પ્રજાના શિક્ષિતવર્ગમાં પણ આપણા ઋષિમુનિઓને માટે માન અને આદર-ભાવ ઉત્પન્ન થયાં છે; જે ધર્મનું યશોગાન અદ્યાપિ આપણને રોમાંચિત કરે છે અને આપણા હૃદયમાં નવીન ઉત્સાહ પ્રદીપ્ત કરે છે, તે શુદ્ધ અને ધર્મનું પવિત્ર "ધર્મ" નું સત્વ હજુ પણ કંઈક અંશે આપણામાં વસે છે. એ પાલન શિથિલ થવાથીજ આપણી અનિષ્ટ આધુનિક સ્થિતિ છે. માટે આપણા હૃદયના અન્તર્ભાગમાં વસતા, પરંતુ અજ્ઞાનરૂપી તિમિરપટલથી પરિવેષ્ટિત એવા આ ધર્મના શુદ્ધ સત્વને. જ્ઞાનરશ્મીથી તે તિમિરપટલ ભેદી, જાગૃત કરી–સજીવન કરી, તજ્જન્ય વિલક્ષણ ઉત્સાહથી પ્રેરિત થઈને, શુદ્ધભાવથી અને નિષ્કામવૃત્તિથી પ્રાપ્ત કર્તવ્યો બજાવવાં: તેમાં ળી સર્વ કર્તવ્યોમાં જેને શાસ્ત્રકારો પ્રથમ સ્થાન આપે છે એવાં માતાપિતા પ્રતિનાં કર્તવ્યોનું સવિ-શેષ પાલન કરવું; અને તે સર્વ કર્મને આપણા મહાન્ પિતાની સેવા માની, તેને અર્પણ કરી, આ સ્થૂલ જગતમાં અને આ સ્થૂલ દેહમાં પરમાત્માનો નિરવધિ આનંદ ભોગવવો:–એવી વાચકવૃન્દને નમ્ર વિજ્ઞપ્તિ કરીને, અને તદર્થ પરમાત્માની સહાય યાચીને, અત્ર વિરમીશું. आम् शांतिः शांतिः शांतिः।